કરાંચી

જરથોસ્તી કેલેન્ડર

યાને

પારસીઓ કરાંચીમાં આવી વસ્યા ત્યારથી તેઓના સંબંધમાં બનેલા બનાવોનો ટુંક ઇન્તેખાબ

[illegible]નાર

જહાંગીર ફરામરોજ પંથકી

THE KARACHI

ZOROASTRIAN CALENDAR

BEING

A RECORD OF IMPORTANT EVENTS IN THE GROWTH

[illegible]

PARSI COMMUNITY IN KARACHI.

[illegible]

JEHANGIR FRAMROZE PUNTHAKEY

[illegible]

[illegible]

[illegible]



તમારો શેવક,

જાંગીર ક. પંથકી.

કરાંચી

જરથોસ્તી કેલેન્ડર

યાને

પારસીઓ કરાંચીમાં આવી વસ્યા ત્યારથી તેઓના
સંબંધમાં બનેલા બનાવોનો ટુંક ઇન્તેખાબ.

રચનાર :

જાંગીર ફ્રામરોજ પંથકી.

THE KARACHI

ZOROASTRIAN CALENDAR

BEING

A RECORD OF IMPORTANT EVENTS IN THE GROWTH

OF THE

PARSI COMMUNITY IN KARACHI.

COMPILED BY

JEHANGIR FRAMROZE PUNTHAKEY.

Printed at the VICTORIA PRINTING WORKS,
Garden Road, KARACHI.
by
JEHANGIR F. PUNTHAKEY.

1919 A.D.—1289 A.Y.



શેઠ અરદેશર હોરમસજી મામા.

મારા મેહેરબાન મિત્ર,

સાચ્ચા સલાહકાર,

અને દિલસોઝ રાહબર,

શેઠ અરદેશર હોરમસજી મામા

જેઓએ ટુંક મુદતમાં કોમના એક સખી અને પરોપકારી ગ્રહસ્થ તરીકે કોમ પરકોમમાં વિખ્યાતી મેળવી છે, જેઓ કોમ તરફ ખરાં જીગરની દાઝ ધરાવે છે અને જેઓની ઉલટ અને ઉતેજનથી આ અદના પુસ્તક પ્રગટ કરવાને હું શકતીવાન થયો છું, તેઓની મારા તરફની ભલી લાગણી, અને નહિં ભુલાય એવી દોસ્તીની અદના યાદગીરી તરીકે

મારૂં આ પુસ્તક

—મોટાં માન અને હેસાનના ઉભરા સાથે—

અર્પણ કરૂં છું.

શેઠ અરદેશર હોરમજી મામા.

શેઠ અરદેશર મામાની જીંદગીનું વૃતાંત લખવાનું કામ કોઈ ભવીષ્યના તવારીખનવેશને માટે રહેવા દઈ હું માત્ર થોડીક નોંધ અત્રે લેવાનું દુરૂસ્ત ધારૂછું.

શેઠ મામાનો જન્મ કેમારી બંદરે ૧૮૭૩ ના સાલમાં થયો હતો. એઓએ શરૂઆતની કેળવણી કરાંચીની એન. જે. હાઇસ્કુલમાં લીધી હતી. જે પછી ૧૮૯૨ મા પોતાના પીતાના હાથ હેઠળ કોમીશરીએટ ખાતાંમાં નોકરીએ જોડાયા હતા. જેવી રીતે એઓના પીતાજીએ પોતાની રીતભાત, ભલમનસાઈ અને કામકાજ કરવાની ઉતમ રૂઢીથી કોમીશરીએટ ખાતાંમાં પોતાના ઉપરી અમલદારોનો ચાહ અને માન જીત્યાં હતાં, તેવીજ રીતે શેઠ અરદેશરે પણ સરવે મોટા અમલદારોનો પુરતો વિશ્વાસ અને ચાહ મેળવ્યો હતો. નોકરીની મુદત દરમ્યાન એઓ હરનાઇ ફ્રંટ ઉપર લશકર સાથે ગયા હતા. તેમજ ૧૮૯૫—૯૬ માં સુઆકીમ એકસપીડીશનમાં લોર્ડ કીચનરની સરદારી હેઠળ ગયલાં લશકર સાથે ગયા હતા. આ વેળા તેમને બજાવેલી ઉતમ સેવા માટે તેઓને આપણી નામદાર સરકાર તરફથી એક ચાંદ અને ઇજીપ્શીયન સરકાર તરફથી એક ચાંદ મળી બે ચાંદો એનાયત કરવામાં આવ્યા હતા.

સને ૧૮૯૯ માં એઓના પીતાજી રીટાયર્ડ થવા પછી તેઓની જગા ઉપર શેઠ અરદેશરને કાયમ કરવામાં આવ્યા હતા. હાલની લડાઈ શરૂ થઈ ત્યારે શેઠ મામાની સેવાઓ સરકારને ઘણી કીમતી થઇ પડી હતી, અને આવી લંબાન તથા વફાદારીભરી સેવા પછી ૧૯૧૭ માં એઓ રીટાયર્ડ થયા હતા.

એ શેઠ ગરીબીમાંથી આજે ખોદાના હુકમથી સારી સ્થીતીએ પુગ્યા છે અને તે એઓની જાતી મેહેનતને આભારી છે. એઓએ પોતાની સરકારી કારકીર્દી દરમ્યાન મોટાં નાનાં સરકારી કોનટ્રેકટો ઉપાડી લાગતા વળગતા ઓને પુરતો સંતોષ આપ્યો હતો. વળી તેઓએ કરાંચીના ઝળકતા ભવીષ્યનો ખ્યાલ કરી દુરઅંદેશી વાપરી જમીનના વેપારમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું, જેમાંથી એમને સારૂં નાણું પેદા કીધું.

જેમ જેમ પોતાને પઇસો મળતો ગયો તેમ તેમ શેઠ મામાએ અત્રેના જરથોસ્તીઓની કેટલીક હાજતો ટાળવા તરફ પોતાનું દીલ લગાડયું, અને ટુંક મુદતમાં અત્રેના જરથોસ્તીઓમાંજ નહી પણ બહારગામના પારસીઓમાં પણ પોતાને જાણીતા બનાવ્યા. એઓ અત્રેના અકાબર અને શેઠયા ગણાવાને પુરેપુરા લાયક છે.

પઇસો પેદા કરવાનું તો સઉ કોઈ જાણે છે, પણ તેનો રૂડો ઉપયોગ કરવાનું કાંઈ બાબજ જાણતા નથી, બલકે કેટલાકોના નસીબમાં એ રીતે રૂડે મારગે પઇસો ખરચવાનું લખેલુંજ હોતુંજ નથી.

મેં આગળ જણાવ્યું તેમ શેઠ મામાની જીંદગીનો હેવાલ કોઈ ભવીષ્યના તવારીખનવેશને માટે રહેવા દઇ ટુંક મુદતમાં એ શેઠે જે લાખોની સખાવત કીધી છે તેની એક ટીપ અત્રે રજુ કરવાનું વાજબી ધારૂં છું.:—

મામા ગર્લ્સ સ્કુલ સ્થાપવા માટે	રૂ.	૩,૦૦,૦૦૦
અદરની દરેમેહેરમાં હોલ બાંધવા	,,	૨૦,૦૦૦
એજ દરેમેહેરમાં મોબેદો માટે મકાન બાંધવા	,,	૫,૦૦૦
લડાઇમાં અપંગ થએલા મુંબઇ અને લંડનના દેશી અને યુરોપીઅન સીપાહોને મદદ કરવાના ફંડમાં	,,	૧૫,૦૦૦
લેડી ડફરીન હોસપીટલના ફંડમાં	,,	૧૦,૦૦૦
જુદાં જુદાં વોર ફંડોમાં આસરે	,,	૨૦,૦૦૦
દસ્તુર ડા. ધાલાને લગતાં જુદાં જુદાં ફંડોમાં આસરે	,,	૯,૦૦૦
પારસી રીલીફ ફંડમાં નજદીક	,,	૩,૦૦૦
પારસી ગ્રેન શોપ માટે આપ્યા	,,	૧૦,૦૦૦
પારસી વીરબાઈજી સ્કુલ ફંડમાં	,,	૫૦૦૦
મુંબઈની ગર્લ સ્કુલમાં	,,	૫૦૦૦
એ ઉપરાંત મુંબઈ કરાંચી અને બીજે ઠેકાણેના જુદાં જુદાં પારસી ફંડોમાં આસરે	,,	૩૦,૦૦૦
પારસી પંચાયતની વાડીમાં ચોલ બાંધવા માટે ટરસ્ટીઓને ચોકસ શરતે ઓફર કર્યા છે (જેનો પત્ર વેહેવાર ચાલે છે) આસરે	,,	૭૦,૦૦૦

મારા તરફના બે બોલ.

શુક્ર તે બારે હકતાલાના કે જે સાહેબની કરમ બક્ષેશથી અને પાકજાદ અશો જરથુસ્ત્રના મુબારક રૂહની બરકતથી બે મહીના જેટલી ટુંક મુદતમાં હું આ નાનકડું પુસ્તક કદરદાન આલમ સનમુખ રજુ કરવાને શકતીવાન બન્યો છું.

કેટલોક વખતથી મને એવો ખ્યાલ આવતો હતો કે આપણુ કરાંચી વાસીઓ જેઓ આજે કોઈ પણ શેહેરના જરથોસ્તી ભાઇઓને અદેખાઈ ઉપજાવે એવી મગરૂરીભરી સ્થીતીએ આવી પહોંચ્યા છીએ તે શાથી થવું? આપણે સીંધમાં કયારે આવ્યા? શું કીધું? કેમ વધ્યા? એ વગેરે બાબતો દરશાવનારૂં એક તવારીખી પુસ્તક હોય તો તે આજનીજ ઓલાદને નહીં પણ ભવિષ્યની ઓલાદને ઘણું ઉપયોગી થઇ પડે. પણ એવું એક પુસ્તક કાઢવું એ કાંઈ નાનું સુનું કામ નથી એમ સમજી કાંઇક ડામાડોળ સ્થીતીમાં હું હતો તેટલાં કેટલાક મિત્રોએ મારા વિચારોને ઉતેજન આપ-વાથી આ કામ મેં આખરે હાથ ધર્યું અને "હીંમતે મરદાં મદદે ખોદા" તેમ આ મુશકેલ કામ બે મહીનામાં હાર પાડયું છે.

હું કાંઈ મોટો તવારીખનવેશ હોવાનો દાવો કરતો નથી, પણ પરવરદેગારની મેહેરબાનીથી મને થોડી ઘણી જે વીગતો મળી શકી છે તે અત્રે રજૂ કરી છે. ઘણી વીગતો અધુરી, બીનજરૂરી યા કદાચ ખોટી પણ હશે. કેટલીક નોંધો તારીખવાર વગરની છે. ઘણા આગલા મરહુમ જરથોસ્તીઓને આ પુસ્તકમાં યાદ કરતાં હું ચુકી ગયો હોઇશ, પણ મારા હાથમાંના વખત અને મેહેનતનો જો મારાં કદરદાન વાંચનારાઓ ખ્યાલ કરશે તો તેઓ સેહેલાઇથી મારી એ સઘળી ભુલો દરગુજર કરશે.

ત્યારે મને કુદરતી રીતે સવાલ કરવામાં આવશે કે "જયારે વીગતો મળી નહીં યા અધુરી હતી તો એટલી બધી દોડાદોડ કરવાની જરૂર શું હતી? વર્ષ બે વર્ષ રહીને સંપુર્ણ આકારમાંજ કાંય નહીં એ પુસ્તક કાઢયું?" હા. તેનો જવાબ હું એટલોજ આપુ છું કે લાંબા વખતથી મારા મનમાં એવું એક પુસ્તક કાઢવાનો ઇરાદો હતો પણ જેમ 'સાંપનો બાધેલો દોરીથી બીહે' તેમ આએ કામ એટલું બધું મને બીકટ લાગતું હતું કે તે હાથમાં

ધરવાની હીંમતજ થતી હતી નહીં, પણ જ્યારે એક બે મિત્રોએ ઉતેજન આપ્યું ત્યારે તેને એકવાર હાથમાં લઇ પુરૂંજ કરવાનો મેં ખ્યાલ કીધો. કેમકે આજનું કામ કાલ ઉપર મુલતવી રાખવું નહીં એ કહેવત મુજબ જો હું વીગત ભેગી થશે ને કાઢીશ એમ બેશી રહયો હતે તો કદાચ આ પુસ્તક હસ્તીમાં આવતેજ નહીં. આથી મેં એવો ઈરાદો કીધો કે ગમે તેટલી અધુરી વીગત હોય તોપણ જેટલી બને એટલી મેહેનત કરી એક ખોખાંના આકારમાં આ પુસ્તક પ્રગટ કરવું અને પાછળથી ઘટતો સુધારો વધારો કરવાને સેહેલાઈથી બની શકશે. મારા આ ખુલાસા ઉપરથી ત્યારે જોઈ શકાશે કે આ પુસ્તકને કોઈ પણ રીતે સંપુર્ણ કે તવારીખી પુસ્તક ગણાવવાનો હું દાવો કરતો નથી કે તવારીખનવેશ હોવાનું હું અભીમાન ધરાવતો નથી. ફકત આગલી યાદને લગતી થોડી ઘણી નોંધો જળવાઈ રહે એજ મારી મોટી અભિલાષા હતી અને ખોદાની મેહેરબાનીથી થોડે ઘણે દરજ્જે તે પાર પાડવાને હું શકતીવાન થયો છું.

ગમે તેટલા થોડા વખત છતાં આ પુસ્તકને હું હજુ પણ સંપુર્ણ બનાવવાને શકતીવાન થતે પણ કહેવાને હું દીલગીર છું કે એકાદ બે મિત્રો સીવાય મને આ કામમાં મદદ કરવા કોઇ બહાર આવ્યું નથી. આગલા વખતમાં એવું કોઇ કામ કોઇ જરથોસ્તી હાથ ધરે તો દરેક જન સંપથી તેને મદદ કરવા બહાર આવતા હતા અને આવાં કામોથી ખુશી થતા હતા, પણ આજે મામલો જૂદો છે. આજે તો ઉલટા ઉતારી પાડનારા ઘણા તઇયાર થાય છે.

"હાલના જરથોસ્તી રહેવાશીઓ" ની, આ ચોપડીની છેવટે આપેલી ટીપ પણ એજ કારણથી અધુરી રહી છે, કેમકે વખતોવખત અરજ કરવા છતાં કોઈ સાહેબોએ પોતાનું નામઠામ મોકલી આપ્યું નહી, તેથી જેટલાં બની શક્યાં એટલાં નામો રજુ કરવા સીવાય બીજો ઈલાજજ હતો નહી.

કેટલાકોને વળી મેં બોલતાં સાંભળ્યાં છે કે "એ તે વરી કેવીક ચોપડી કાઢવાનો છે. ભાગ્યેજ પચાસેક પાનાં કાઢશે. બધી દોંઢયાં ઓકાવાની વાત છે." હમેશાં કહેવત છે કે આપણા "વિરૂધીઓ તે આપણા મોટા મીત્રો" છે, તેમ આવું બોલનારા સાહેબોએ મને મારૂં કામ સંપુર્ણ કરવામાં બેવડી ઉલટ આપી હતી અને બનતાં સુધી સારા આકારમાં આ ચોપડી

બહાર પડે તેની મેં ભારે કાલજી લીધી છે. પઈસા કમાવાનો જો મને લોભ હતે તો મેં જાહેર ખબરો મેળવીને આ ચોપડી મોટી દળદાર બનાવી દીધી હતે. મને એક પેજના રૂ. ૧૫૦ સુધી કેટલાક સાહેબોએ જાહેર ખબર માટે ઓફર કીધા હતા, પણ મને ફકટ નામનીજ દરકાર છે દામની નથી એમ દેખાડવા ખાતર મેં કશીજ જાહેર ખબર આ ચોપડી માટે લીધી નથી. આ ચોપડી દોડાદોડમાં કાઢવા માટે મને મોટો ખરચ થયો છે, તોપણ જેટલું જોઇએ એટલું સંતોષકારક કામ થયું નથી. કરાચી જેમ દરેક બાબતમાં પછાત છે તેમ એનો વેપાર પણ ઘણો અધુરો છે. છાપાવાલાઓને લાયકનો કોઈપણ સામાન જોઇએ ત્યારે મળતો નથી. પીકચરો છાપવાના કાગળ કે શાહી જેવી જોઇએ તેવી મને મળી નથી, તેથી પીકચરોની છપાઇમાં ઘણીક ખામી જણાશે, પણ હું લાચાર છું. વળી કેટલાક સાહેબો તરફથી કાળાવાળા કરીને ફોટો મંગાવવા છતાં મળ્યા નથી તે માટે યાતો જુના ફોટો ઉપરથી બ્લોક બનાવીને કે જુના જે બ્લોકો મળી શકયા તે છાપ્યા છે. આથી પણ છપાઈ સારી આવી નથી અને ઘણા સાહેબોની છબી અત્રે રજૂ કરવાની રહી ગઇ છે.

આ કેતાબમાં બનતાં સુધી મેં દરેક વીગત જુદા જુદા ભાગમાં વેહચી નાખી છે. પેહલાં તો પારસીઓ સીંધમાં અને કરાચીમાં કયારે આવ્યા તે વીગત; તે પછી કેટલીક સાલવાર નોંધો; પારસી પંચાયતની તવારીખ; દોખમા અને દરેમેહેરો તથા બીજાં ધર્મખાતાંઓની હકીકત; તે પછી કેળવણી ખાતાંઓ અને તેને લગતાં ફંડો; હોસપીટલો અને શારીરીક દુઃખો દફે કરવા માટે મદદ આપનારાં ફંડો; બીજાં સખાવતી ફંડો; મધ્યમ વર્ગના જરથોસ્તીઓ માટેના સસ્તાં ભાડાંના મકાનો; જરથોસ્તીઓ માટેનાં ઉતારાના મકાનો; જશન અને ગંબાર ફંડો; એસોસીએશનનો; ફરવા હરવાની જગાઓ અને છેવટે પારસી ધંધાદારીઓ તથા રહેવાસીઓની વીગત છે.

વખત ઘણોજ થોડો મળવાને સબબે હાલ તુરત આ કેતાબમાં કરાંચીના પારસીઓને લગતીજ વીગત આપવામાં આવી છે અને આખા સીંધની પારસી તવારીખ આપી નથી. પણ સીંધના પારસી વસવાટના દરેક મથકો ખાતે હવે પછી જાતે જઇને જોઇતી વીગતો મેળવવાનો અને આવતા વરષોમાંઆખા સીંધના જરથોસ્તીઓની હકીકત દરશાવનારૂ મોટું પુસ્તક કાઢવાનો હું ઇરાદો રાખુ છું અને પરવરદેગાર મારી તે ઊમેદ પાર પાડે એવું ઇચ્છુ છું.

હવે મારે મને મદદ કરનારા અને ઉતેજન આપનારા મીત્રોનો ઉપકાર માનવાનો છે. ખાસ કરી આ પુસ્તકને આવી સારી હાલતમાં અને આવા સરસ ગેટ–અપ સાથે તૈયાર કરી આપવા માટે "પારસી સંસાર"ના અધિપતી મી. પીરોજશાહ હોરમજી દસ્તુર મેહેરજીરાણાનો મારે ખાસ આભાર માનવાનો છે. જો એ ભલા મિત્રની મદદ મને નહીં મળી હતે તો આ ચોપડી આટલી ટુંક મુદતમાં અને આવા સારા પાયાપર કદી પણ હસ્તીમાં નહીં આવતે. વળી શેઠ માણેકજી દોરાબજી તલાટી અને ભાઇ હોરમસજી પી. બેરામજીનો હું અંતઃકરણથી આભાર માનું છું કે જેઓએ પોતાના હસ્તકની કેટલીક વીગતો મને પુરી પાડવાથી મારાં કામમાં મને ઘણી મદદ થઈ હતી.

શેઠ અરદેશર હોરમજી મામાનો હું ઘણો આભારી થયો છું કે જેઓએ આપેલી ઉલટ અને ઉતેજનને સબબે આ પુસ્તક હું બહાર પાડી શકયો છું; અને તેઓની મારા તરફની એ મહેરબાની માટે આ અદના પુસ્તક તેઓને અર્પણ કરી ખરાં હેશાનનો ઉભરો બતાવવાની મેં તક લીધી છે.

છેવટે આ "મારા તરફના બે બોલ" પુરા કરવા આગમજ ફરીથી હું સર્વે કદરદાન આલમને અરજ કરૂં છુ કે આ ચોપડીમાં જણાતી ભુલ ચુક, ખોડખાપણ કે ખામી અથવા કાંઈ બેઅદબી અને ગફલતી થઈ હોય તે સઘળી દરગુજર કરવી. "ઇનસાન ભુલને પાત્ર છે" એ યાદ કરીને મારી ખામીઓને ઢાંકી દઇ ખુબીઓ તરફજ નીગાહ કરવી અને મારા તરફ મોટાં દીલથી રેહેમી નજર રાખવી. એ બાબતમાં મરહુમ શેઠ મંચેરજી કા. મનસુખના નીચલા યાદગાર સખુનો રજુ કરી હું અત્રેજ અટકીશ.

માંગી લેઉચ હુ ગફલત ને ખામી ને ભુલ,
વીન્નતી કરી રખાંઉચ હું શુભ વાત કબુલ.
ફરીને નમ્રતાઇથી કેહુ છેઉ હું આંમ,
કે વગર લોભ ને લાલચે કીધુચ આ કામ.
ફકત નામનીજ હતી લખનારને દરકાર,
મેહનત ને અડચણનો નહીં હતો પાર.
કદરદાંનોજ જાણશે કદર ને એહેવાલ,
બેકદરોને દુરથીજ પોંહોચે જેગોપાલ.

સેવક
જહાંગીર ક. પઘડી.



દસ્તુર ડા. માણુકજી નશરવાનજી ધાલા એમ. એ., પીએચ. ડી.
કરાંચીના હાલના વડા દસ્તુર.

દસ્તુર ડા. માણેકજી નસરવાનજી ધાલા.

એક કોમના વડા ધર્મગુરૂ અથવા પારસીઓ જેઓને દસ્તુરના એલકાબથી બોલાવે છે તેઓની લાયકાત શું હોવી જોઇએ એ સવાલ વારંવાર ચર્ચાય છે. હું પોતે કોઇ રીતે મોટો આલમા હોવાનો દાવો કરતો નથી, પણ આપણા ધર્મની કેતાબો મુજબ એક દસ્તુર સ્યાણો, ડાહ્યો, નીતીવાન, પ્રમાણીક, સંતોષી, ધીરજવંત અને ઉદાર વિચારો ધરાવનારો હોવો જોઇએ, અને કહેવાને મગરૂર છું કે કરાંચીના હાલના દસ્તુરજી દસ્તુર ડા. ધાલા એ સઘળી લાયકાતો ધરાવે છે અને આપણું કરાચીવાસીઓ એવા એક લાયક દસ્તુર સાહેબ મેળવવા માટે ખરેખર ભાગ્યશાળી છીએ. દસ્તુર ડા. ધાલાની જીંદગી ખચીત ઘણી ધડો લેનારી છે. એક ગરીબ અને ચંચળ બુધ્ધિનું ઇનિસાન જાતી ખંત અને મેહેનતથી દુનિયામાં કેવી રીતે નામ કાઢી શકે છે, તેનો ઉમદા દાખલો દસ્તુર ડા. ધાલા પુરો પાડે છે.

એઓ સાહેબનો જન્મ સુરત ખાતે તા. ૨૨ મી સપટેંબર ૧૮૭૫ ને દીને થયો હતો. કરાંચી કે જ્યાં આજે તેઓ આલા દરજ્જો ભોગવે છે, ત્યાં માત્ર ચાર વર્ષની ઉંમ્મરે તેઓ પોતાના પીતાજી સાથે આવ્યા હતા. આગળ બાળ વયે લગ્ન કરવાનો આપણામાં મોટે ભાગે રિવાજ હતો, તે મુજબ એઓ સાહેબની શાદી નવમે વર્ષે થઈ હતી. ય. ઝ. ૧૨૬૦ (ઇ. સ. ૧૮૯૦) માં એઓ સાહેબ નાવર થયા હતા.

મેત્રીક સુધીનો અભ્યાસ કરવા પછી પોતાના પીતાજીની ગરીબ સ્થીતીને લીધે અભ્યાસ પડતો મુકી ગુજરાનનું સાધન ખોલવાની એઓને જરૂર પડી અને એક વર્ષ કરાંચીના પોર્ટ ટ્રસ્ટમાં નોકરી બજાવવા પછી મેસર્સ ઇવારટ રાયરીની ઓફીસમાં જોડાયા હતા.

આગલથીજ વાંચન અને લખાણનો શોખ હોવાથી નોકરી કરવાની સાથે સાથે પોતાનો અભ્યાસ વધારવાનું ચાલુજ રાખ્યું અને માત્ર ૧૯ વરષની જવાન વયે "ગુલશને દાનેશ" નામનું એક માસીક ચોપાન્યું પ્રગટ કરવાનું શરૂ કર્યું કે જેનો પહેલો અંક ૧૮૯૪ ના સપટેંબર મહીનામાં બહાર પડયો હતો. પેહેલાં એ ચોપાન્યાના માલેક તરીકે શેઠ એદલજી બીખાજી પટલુ હતા અને દસ્તુરજી સાહેબ અધિપતીનું કામ

કરતા હતા, પણુ બીજેજ વરષથી એઓ સાહેબ તે ચોપાન્યાના માલેક અને અધિપતી થયા. ઉતેજનની ગેરહાજરીમાં ખોટ આવવાને સબબે આ ચોપાન્યું માત્ર બેજ વરષની હસ્તી જોઇ શક્યું અને ૧૮૯૬ ના ડીસેંબરમાં તેને બંધ કરવાની ફરજ પડી.

૨૧ મી માર્ચ ૧૮૯૫ અને રવીવારને દીને અત્રેની દરેમેહેરમાં "આતશ" એ વિષ્ય ઉપર દસ્તુરજી સાહેબે જાહેરમાં પેહેલ વેહેલી વાએજ આપી હતી, કે જે વખતની આ જવાન અથોરનાનજાદાની બોલવાની છપ અને છટા, કરાંચીના જુના રહેવાસીઓ, આજની એઓની અદા જોઇને યાદ કરે છે.

રોજ ૩ માહ ૬ સને ૧૨૬૫ ય. ઝ. (ઈ. સ. ૧૮૯૫) ને દીને "જરથોસ્તી બાળકોમાં ધર્મની કેળવણીની અગત્યતા" નામનું એક ચોપાન્યું પેહેલ વેહેલું બહાર પાડી લોકોમાં મુફ્ત વેહેંચ્યું હતું. એ પછી બેજ વર્ષ રહીને એટલે ય. સ. ૧૨૬૭ (ઈ. સ. ૧૮૯૭) માં "રવાનની રાહબરી" નામની ચોપડી બહાર પાડી હતી. ય. સ. ૧૨૬૮ ના સાલમાં "અથોરનાનની આરાસ્તગી" નામનું એક બીજુ ચોપાન્યું બહાર પાડયું હતું.

"બઝમે જશને રોઝે ગહંબાર" નામની શેઠ દીનશા મેહેરવાન ઇરાનીએ કરાચીમાં સ્થાપેલી મંડળીના સબંધમાં આ ચોપડીના બીજા ભાગ ઉપર મેં કાંઇક વિવેચન કર્યું છે, તેના દસ્તુરજી સાહેબ શરૂઆતથી એક કારોબારી હતા, પણ મંડળી કાંઇ ધરખમ કામ કરતી નહીં હોવાથી તેમાં સામેલગીરી ચાલુ રાખવાનું બેફાયદા ધારીને ય સ. ૧૨૭૦ માં રાજીનામું આપ્યું હતું. એજ સાલમાં એઓએ બીજાં ત્રણુ ચોપાન્યાં પ્રગટ કર્યાં હતાં (૧) "પવિત્રાઇની પાયદારી" (૨) "થીયોસોફીના ભુલ ભરેલા ફતવાઓ" અને (૩) "ફરવરદેગાનના દિવસો કેટલા છે. ફલ, ફુલ વગેરે જરથોસ્તી ક્રીયા માર્ગમાં કેવો અને કેટલો ભાગ ભજવે છે."

દસ્તુર ડા. ધાલાની ચઢતીનો સુરજ ઇ. સ. ૧૯૦૦ ના સાલમાં ઉગ્યો હતો. એ અરસાની થોડુંક આગમજ મરહુમ શેઠ ખરશેદજી રૂશતમજી કામા કરાંચી ખાતે આવ્યા હતા અને દરેમેહેરમાં એક ભાષણ આપ્યું હતું. શેઠ કામાજીએ ભાષણ પુરૂ કરવા બાદ ભાષણના વિષ્ય ઉપર આપણા દસ્તુરજીએ જુસ્સાદાર ભાષામાં કેટલુંક વિવેચન કરવાથી મરહુમ શેઠનું ધ્યાન તેઓ તરફ ખેંચાયું અને આ જવાન અથોરનાન જો મુંબઇ આવી ધર્મનો અભ્યાસ

આગલ વધારે તો ભવિષ્યમાં દીપી નીકળે એવી તેઓએ આગાહી કીધી. મરહુમ શેઠ કામાજીના ઉત્તેજનકારક શબ્દો સાંભળીને ઓરીસમાંથી રજા મેળવીને દસ્તુર સાહેબ મુંબઇ ગયા અને ત્યાં બઝમે જશને રૂઝે અહુરમજદ મંડળી તરફથી તા. ૨૧ મી સપટેંબર ૧૯૦૦ ને દીને ફરામજી કાવશજી ઈન્સટીટયુટ માં મરહુમ શેઠ કામાજીના પ્રમુખપણા હેઠળ મળેલા એક મોટા મેળાવડા સનમુખ "રવાનને કેમ અને કયાં દોરવવું" એ વિષ્ય ઉપર પેહેલ વેહેલું ભાષણ આપ્યું. મુંબઈમાં પહેલ વેહેલી વખત બોલેલા હોવા છતાં પોતાની છટાથી તેમને લોકોનું સારૂં ધ્યાંન ખેંચ્યું હતું અને મરહુમ શેઠ કામાજીએ એઓને આગલ અભ્યાસ કરવાને પાછા લલચાવ્યા. આથી મુંબઇ ખાતેની સર જમશેદજી જીજીભાઈ મદરેસામાં અવસ્તાનો અભ્યાસ ચાલુ કરવા માટે તા૦ ૧૫ મી ઓગસ્ટ ૧૯૦૧ ને દીને ઓરીસને છેલ્લી સલામ કીધી. દસ્તુરજી સાહેબ અભ્યાસ અર્થે મુંબઈ જવા નીકળ્યા ત્યારે અત્રેની અંજુમને એક પર્સ એનાયત કરી હતી.

તા. ૧૦ મી જાનેવારી ૧૯૦૨ ને દીને ઉપર કહેલી મદરેસામાં અભ્યાસ શરૂ કીધો અને પાંચ વર્ષનો અભ્યાસક્રમ માત્ર ત્રણ વર્ષમાં એટલે ૧૯૦૪ માં પુરો કીધો. અભ્યાસનું એ કામ ચાલુ રાખવાનું બને તે માટે કરાંચી મુંબઇ વગેરે ઠેકાણેથી માસીક અમુક મદદ એઓને કરવામાં આવતી હતી, પણ પોતાનો અને કુટુંબનો ખરચ નીભાવવા માટે ભાગ્યેજ તે રકમ પુરતી હતી, છતાં ધીરજ અને સંતોષ, જે બે મુખ્ય ગુણો એઓ સાહેબ પેહેલાંથી ધરાવતા હતા. તેને ચીવટાઈથી વળગી રહી અભ્યાસ ઉપર ખંતથી મંડયા હતા.

મુંબઈ મધેના વસવાટ દરમ્યાન બઝમે રૂઝે અહુરમજદ મંડળી તરફથી ઘણાં ભાષણો આપ્યાં હતાં, અને એરવદ માણેકજી ધાલાનું નામ તે વેળા મુંબઇ અને દેશાવરોમાં મશહુર થઈ ગયું હતું. ૧૯૦૩ ના સાલમાં એરવદ બેહેરામગોર તેહમુરસ્પ અંકલેશરીયા સાથે મળીને જોડયા અધિપતી તરીકે "જરથોસ્તી" નામનું એક ત્રીમાસીક પ્રગટ કરવા માંડયું હતું, જે પણ ઉતેજનની ગેરહાજરીમાં ચાર વર્ષમાં મરણ પામ્યું હતું.

અવસ્તા પેહેલવીનો અભ્યાસ તો પુરો કીધો પણ હવે શું કરવું એ વિચાર દરેકને ઉત્પન્ન થયો. આટલી બધી મેહેનત પછી પરિણામ સુન્યમાં આવે એ ખ્યાલથી ખુદ પોતાને અને લાગતાવળગતા બીજાઓને કાંઈક નીરાશા અને નાઉમેદી લાગી. જો કે ગરીબાઈ તો સામે ડોળા ફુરકીજ

રહી હતી છતાં પોતાની હમેશની શાંત પ્રકૃતિને સબબે અમેરિકા જઈ વધુ અભ્યાસ કરવાની પોતાની ઇચ્છા મરહુમ શેઠ કામાજી અને બીજાઓને દસ્તુરજીએ જણાવી. મર્હુમ શેઠ કામાજી પેહેલાં તો ખુશી થયા પણ અમેરિકાથી આવ્યા પછી શું થશે એ વિચારથી તેમજ બીજા અનેક ખ્યાલોને લીધે પાછળથી એ ઇરાદો માંડી વાળવાને એઓને સમજાવવા માંડયા, પણ દૃઢ મન રાખીને અનેક સમજાવતો પછી તા. ૧૫ મી મે ૧૯૦૫ ને દીને અમેરિકા જવા એઓ સાહેબ મુંબઇથી ઉપડયાં.

અમેરિકા પુગ્યા પછી અભ્યાસ ઉપર ખંતથી મંડીને ૧૯૦૬ માં કોલંબ્યા યુનીવરસીટીની એમ. એ. ની પરિક્ષા પસાર કરી અને ૧૯૦૮ ના મે મહીનામાં પીએચ.ડી. ની ડીગ્રી મેળવી. ૧૯૦૮ માં યુનીવરસીટીને ખર્ચે "The Nyaishis or Zoroastrian Litanies" એ નામનું એક પુસ્તક અમેરિકા ખાતે પ્રગટ કીધું, જેણે અભ્યાસીઓનું સારૂં ધ્યાન ખેંચ્યું હતું.. આ રીતે ફતેહ મેળવી નવી આશાઓ અને ઉમેદો સાથે એઓ સાહેબ ૧૯૦૮ના ડીસેંબરમાં મુંબાઈ ખાતે પાછા ફર્યા.

હવે આટલી બધી જેહેમતથી અભ્યાસ કરીને પાછા ફરેલા આવા એક ભણેલા અથોરનાનનું ભવિષ્ય શું ? એ સવાલ ઠેકઠેકાણેથી પુછવામાં આવ્યો અને મુંબઇમાં નામદાર સર જમશેદજી જીજીભાઈના પ્રમુખપણા હેઠળ એઓ સાહેબે અમેરિકાથી પાછા ફર્યા પછી કરેલાં ભાષણ વેળા નામદાર સર જમશેદજીએ આવા કેળવાયલા અથોરનાનને કરાચી ખાતે દસ્તુરપદ આપવાની ભલામણ કીધી, અને બીજા બોલનારાઓએ દસ્તુરજીની લાયકાત અને બાહોશીના વખાણ કરી કરાચીવાસીઓજ નહી પણ સીંધ, પંજાબ અને બલુચીસ્તાનના જરથોસ્તીઓ દસ્તુર ધાલામાં એક લાયક દસ્તુર મેળવી શકશે એમ જણાવ્યું. આ પછી આ સવાલ ભારે ચર્ચાનું મુલ થઈ પડયો અને કરાચીવાસીઓએ તે હલટથી ઉપાડી લીધેલો જેથીને દસ્તુરજીની તરફેણ કરનારા અને વિરોધીઓ વચ્ચે સામસામી લખપટ શરૂ થઇ.

આખરે ૧૯મી સપટેંબર ૧૯૦૯ને દીને ડા. ધાલાને દસ્તુર તરીકેની શાલ આપવાનો મેળાવડો સદરની દરેમેહેરમાં ભરવામાં આવ્યો હતો, જે દિવસનો દેખાવ કરાંચીવાસીઓ ભાગ્યેજ ભુલી જશે. એ ખુશબખ્તીભર્યાં દીને દસ્તુરજીની સાલગ્રેહ પણ હોવાથી તે બેવડી હશીખુશીથી પસાર થયો હતો. એ દીને દસ્તુર ડાૅ૦ ધાલાએ "મેં દસ્તુરપદ શા માટે સ્વીકાર્યું ?" એ મથાલા હેઠળ આપેલું

ભાષણુ ખચીત સર્વેને મનન કરવાજોગ હતું. એ દીને ગામેગામથી આવેલી બીજી ઘણી શાલોની દસ્તુરજીને પેહેરામણી થઈ હતી.

૧૯૧૦ ના સાલમાં દસ્તુરજીએ "જરથોસ્તી કોનફરન્સ"ની હીલચાલ ઉભી કરી, પણ કેવી કમનસીબ મતફેરીને લીધે નવો ઝગડો ઊભો થયો તે સર્વેને રોશન હોવાથી અત્રે તે માટે લંબાન કરવાની જરૂર નથી, છતાં તે વેળા એઓ સાહેબ સામે થયલા હુમલાઓ કેટલી ધીરજ અને સહન શીલતાથી એઓએ ખમ્યા હતા, અને કેટલી વખાણવાજોગ શાંતી જાળવી રાખી હતી તેની અત્રે યાદ કરેલી પ્રસંગોપાત ધારૂં છું. મેં ઉપર કહયું તેમ એક દસ્તુરજીની નમુનેદાર લાયકાતનો તે વેળા એઓ સાહેબે લોકોને પુરતો ખ્યાલ કરાવ્યો હતો.

એજ સાલમાં "અશ" નામનું માસીક ચોપાન્યુ પ્રગટ કરવાની એકવાર ફરીથી એઓ સાહેબે કોશેશ કીધી, પણ ખોટ આવવાને સબબે એક સાલ ચલાવી તે પાછું બંધ કર્યું.

૧૯૧૨ ના સાલમાં એઓ સાહેબ હીંદુસ્તાનના પ્રવાસે નીકળ્યા હતા અને જુદે જુદે ઠેકાણે મળીને લગભગ ૪૫ ભાષણો કરી પાછા ફર્યા હતા. એકવાર પંજાબમાં પણ ભાષણો કરવા માટે પધાર્યા હતા, જે દરેક ઠેકાણે ભારે માન અને ઇજત પામ્યા હતા.

• ૧૯૧૪ ના સાલમાં બીજીવાર અમેરીકા ખાતે ખાસ ભાષણો આપવા એઓ પધાર્યા, જે વેળા કરાંચીવાસીઓએ માનપાનથી એઓ સાહેબને નવાજયા હતા અને ત્યારે પણ એક જાણવાજોગ ભાષણમાં આપણી અનજુમની કેટલીક ખામીઓ એઓ સાહેબે હીંમતથી જાહેરમાં જણાવી હતી. અમેરીકા ખાતે "Zoroastrian Theology" નામનું પોતાનું સંગીન અભ્યાસથી ભરેલું બીજું પુસ્તક એઓ સાહેબ છપાવીને સાથે લેતા આવ્યા હતા.

દસ્તુર ડા. ધાલાએ બીજાં ઘણાં નાના મોટાં ચોપાન્યાં બહાર પાડયાં છે, જે મોટે ભાગે કોમમાં મુફત વેહેંચવામાં આવ્યાં છે. "જરથોસ્તી ધર્મ હાલ કેમ પલાય છે," એ નામના ચોપાન્યાંએ વિરૂધતાની કેટલીક લાગણી ફેલાવી હતી. "અશો જરથોસ્ત" (બે ભાગમાં); "પારસીઓએ રાજદવારી બાબતમાં ભાગ લેવો જોઇએ કે નહી" અને છેલ્લાં "જુદદીન સવાલ" એ નામનાં ચોપાન્યાં એઓની કલમથી લખાઈ બહાર પડયાં છે.

દસ્તુરજીના નીભાવ માટે કરાચીવાસીઓએ ૧૯૧૫ માં એક ફંડ ભેગુ કર્યું હતું જે મધેથી એઓ સાહેબને માસીક ઓનેરેરીયમ આપવામાં આવે છે.

દસ્તુરજી અમેરીકા ખાતે હતા તેજ વેળા એઓ સાહેબને ઇરાન ખાતે શોધખોલ કરવા મોકલવા માટે એક ફંડ મુંબઇમાં ભેગું કરવામાં આવ્યું હતું જેમાં અત્રેના એકાદ બે સાહેબોએ સારો ફાળો આપ્યો હતો. લડાઇને સબબે ઇરાનની એ મુલાકાત ઢીલમા રહી હતી, પણ હવે લડાઈ પુરી થવાથી દસ્તુરજી સાહેબ આવતા માર્ચમાં અત્રેથી ઇરાન જવાનો ઇરાદો રાખે છે, જે વેળા પોતાના વડા બેટાને પણ પોતાની સાથે લઇ જનાર છે, જેઓને અમેરીકા ખાતે અભ્યાસ કરવા માટે છોડી આવનાર છે. એજ વેળા "History of Zoroastrian Civilization" નામનુ જે પુસ્તક હાલમાં એઓ સાહેબ લખે છે, તે અમેરીકાથી છપાવી લાવવાનો ઇરાદો રાખે છે. દસ્તુરજીની ઉમર હાલે ૪૫ વરષની છે અને પરવરદેગાર તેઓને લાંબી જીંદગી બક્ષે એવી મારી ખરાં અંતઃકરણની દુવામાં સર્વે જરથોસ્તીઓ સામેલ થશે એવી મારી ખાત્રી છે.

કરાચીના જરથોસ્તીઓની તવારીખ.

થોડી આગલી યાદ

મારા દિબાચામાં મેં જણાવ્યું છે તેમ હું કાંઇ મોટો તવારીખનવેશ હોવાનો દાવો કરતો નથી, પણ પરવરદેગારની મેહેરબાનીથી અહિંથી તહીંથી વીગતો ભેગી કરીને થોડું ઘણું જે કાંઇ હું રજુ કરી શકયો છું તે ઉપર જ હું સંતોષ માનું છું, અને આશા છે કે મારી મેહેનતની કદર મારી કોમ પીછાનશે.

આજે આ પુસ્તકની બાબત હાથ ધરવા પહેલાં આપણી કોમની ચઢતી પડતીને લગતી થોડી આગલી યાદ કરેલી પ્રસંગોપાત થઇ પડશે. ઇરાનથી વાખાના મારેલા નાશભાગ કરતા આપણા ન્યાગાનો દીવના બંદરે ઉતર્યા તે પછી તેઓ રફતે રફતે હીંદુસ્તાનમાં સઘલી તરફ ફેલાઇ ગયલા જણાય છે. તેઓએ દરેક ઠેકાણે પોતાની જાત મહેનત, હુસ્યારી અને ચાલાકીથી પોતાની નાની સંખ્યા છતાં ભારે નામ કાઢયું હતું.

હીંદમાં આવ્યા પછી પારસીઓ વેપારની ખીલવણી કરવામાં અને હીંદના વેપાર વણજને વધારવામાં આગેવાન હિસ્સો આપતા જણાયા છે. જેમ જેમ તેઓ દોલત અને દરજજામાં વધતા ગયા તેમ તેમ તેઓના ઉદાર જીગર અને ઉંચી મનશકિત વધુ અને વધુ જોમ અને જોશ લેતી ગઇ. તેઓની સમાર્ગે ખરચેલી દોલતથી સખાવતના બાબતમાં બીજી સઘલી કોમો કરતાં પહેલી હરોલમાં તેઓ ગણાવા લાગ્યા. તેઓની સખાવત હમેશાં સાર્વજનીક રહેતી. તેઓ દુઃખીઓનું દુઃખ, ભુખ્યાંની ભુખ અને આંધળા પાગલાંની વેદના ટાળવાને પહેલા તઇયાર રહેતા. નાતજાતનો તફાવત કોઇપણ બાબતમાં તેઓ જોતા નહિં અને એ રીતે તેઓ ટુંક વખતમાં દુન્યાના ચોમેર ભાગમાં એક આગેવાન કોમ તરીકે ભારે વિખ્યાત થઇ પડયા.

પણ આજે તો આપણી તે આગલી કિર્તીનો થોડો ઝાંખો ઓળોજ નજરે પડે છે. આજે જો કે ગમે એમ છતાં આપણે આપણું નામ જાળ

ની રાખવામાં કાંઇક રવેશે ફતેહમંદ નીવડ્યા છીએ, છતાં મોટે ભાગે આપણે આપણા બાપદાદાઓની કીર્તિ ઉપરજ હાલમાં જીવ્યે છીએ. આપણે કેળવણી લઈ છુટાપણા અને સુધારામાં છેક આગલ વધી ગયા છીએ, એવો ગરૂરી ભરેલો પોકાર આપણે પોતેજ કર્યે છીએ. કેળવણીના બાબતમાં આજે આપણી હાલત કેવી છે તે તો દીવાની જોત જેવું ખુલ્લું છે. આપણુને બીજી ભાઇબંધ કોમોએ કેળવણીની દરેક દીશામાંથી પાછળ હઠાવ્યા છે. વર્ષોવર્ષ બાહાર પડતું આપણી યુનીવરસીટીઓનું પરિણામ તેનો અચુક પુરાવો છે. વેપારવણજ પણ આપણે સમુલગો તજતા જાઇએ છીએ. અસલ જ્યાં ત્યાં પારસી વેપારીઓ નજરે પડતા હતા, તે આજે જણાતું નથી. ધર્મનું ઘર તે સંસારનું ઘર છે, અને સંસારનું ઘર તે વેપારનું ઘર છે. વેપાર તજવાથી આપણા સંસારનો આજે ટાળો નથી અને સંસારનો ટાળો બગડવાથી આપણો ધર્મ ઉપરનો એતેકાદ આજે કેટલો છે તે જાણીતી બીના હોવાથી તે ઉપર લંબાણ કરવું ફોકટ છે.

એવું કહેવાય છે કે પારસીઓમાં ગરીબાઈ વધતી જાય છે, તે સાથે પારસીઓ સુધરી ગયા છે એવું પણ કહેવાય છે. જેઓ સુધરેલા કહેવાય છે લોકોની હાલત પોતાની હાજતોને પુરી પડે એવી હોવી જોઈએ, પણ સુધરી ગયાથી ગરીબાઈ વધતી હોય તો આપણો સુધારો કાંઈ બીજીજ દીશા ઉપર થતો હોવો જોઇએ, કે જેણે આજે આપણી હાલત બહુ કઢંગી બનાવી દીધી છે. સુધારા અને છુટાપણાને નામે આપણામાં ફીસ્યારી, ઇતરાત, હદ ઉપરાંત ખરચો, એશ આરામ અને એવીજ બીજી બદીઓએ ઘર કર્યું છે, જેથી આપણી આગલી ખરી મગરૂરી ગુમ થતી ચાલી છે. આપણે આપણી ખરેખરી હાલત સમજ્યા નથી. આપણે હાલમાં આપણુને સંસાર અને ધર્મમાં જે ઉતરતા જોઇએ છીએ તે આપણી ખરી હાલત નહીં સમજવાનુંજ પરિણામ છે, અને આપણામાં દિન પર દીન વધતી જતી ગરીબાઈનું એજ મુળ કારણ છે. હમણાં હાથ ધરેલાં કામથી વેગળો જઈ પારસીઓને કાંઈ જાતનું લેકચર આપવાનો મારો ઈરાદો નથી, પણ આગલી અને હાલની આપણી સ્થીતીની સરખામણી કરવામાં થોડી ઉપર ટપકેની નોંધ કવખતની નહિં ગણવામાં આવશે એવી હું આશા રાખું છું.

પારસીઓ સિંધમાં ક્યારે આવ્યા ?

પારસીઓ સિંધમાં કયારે આવ્યા ? એ સવાલનો જવાબ નક્કીપણે આપવો મુશ્કેલ છે. પારસીઓને લગતી આગલી તવારીખી નોંધો, શેઠ બમનજી પટેલનાં "પારસી પ્રકાશ" ના દફતરો વગેરે બારીકીથી મેં તપાસ્યાં છે પણ સિંધમાં પારસીઓ કયાં સાલમાં નક્કીપણે આવીને ઠરીઠામ થયા તે મળતું નથી. એટલું છતાં "પારસી પ્રકાશ"ની નોંધ ઉપરથી એવું તો પુરવાર થાય છે કે છેક ઈ. સ. ૯૧૬ ના સાલમાં સિંધમાં પારસી વસ્તી હતી. એ પુસ્તકમાં એક ઠેકાણે નીચલી નોંધ મલે છે:—"ઈ. સ. ૯૧૬. મસુદી નામનો આરબી ગ્રંથકાર લખે છે કે 'હજુ સુધી (હીજરી ૩૦૪ માં) મજુઈ લોકો ઇરાક, ફારસ, કેરમાંન, સેજીસ્તાંન, ખોરાસાન, તબરીસતાન, જેબાલ, આઝરબીજાંન, ઈરાંન, **હિંદુસ્તાન, સીંધ** અને ચીનમાં જુદા જુદા આતશોને ઘણું માન આપે છે.'" એ પછી લગભગ ૨૫૦ વર્ષ સુધી સિંધની પારસી વસ્તી માટે કશું લખાણ મલતું નથી, પણ એજ પુસ્તકમાં આવેલી બીજી એક ટુંકી નોંધમાં આ મુજબનો એક લેખ મળે છે:—"ઈ. સ. ૧૧૮૪ માં સિંધુ નદીના કીનારા આગલ પારસીઓની વસ્તી હોય એવું માલમ પડે છે. સબબ એ જગો ઉપર આવેલાં "ઉચાહ" નામના એક શેહરમાંથી એ૦ માહીયાર નામનો એક મોબેદ સિસતાંન શેહેરમાં દીન આઇનનો એલમ શીખવાને ગયો હતો.'"

આ નોંધો ઉપરથી એક અગત્યનો બીજો સવાલ ઉભો થાય છે અને તે એ છે કે પારસીઓ સંજાનમાં ઠરીઠામ થવા પછી હીંદુસ્તાનમાં જુદેજુદે ઠેકાણે વીખેરાયા હતાં કે ઈરાનથી નાશી આવેલા આપણા ન્યાગાનો આ તરફ પણ આવ્યા હતા ? પાછલુ અનુમાન પણ કોઈ રીતે ખોટું ગણાશે નહીં કેમકે આપણા વડવાઓ આગલથીજ સીંધથી માહીતગાર હતા એતો નક્કીજ છે અને બનવાજોગ છે કે થોડા જરથોસ્તીઓ ઈરાનથી નાશભાગ કરતા અત્રે આવ્યા હોય. આ એક તકરારી સવાલ છે અને તેમાં વધારે ઉતરવાનું મારા જેવાનું કામ નથી પણ આપણા અભ્યાસીઓ એ ઉપર કાંઈ નવું અજવાળું નાખશે એવી હું આશા રાખું છું.

પારસીઓ સિંધમાં ઠરીઠામ થવાનો ખરો વખત.

મેં ઉપર જણાવ્યું તેમ પારસીઓ ખરેખર સીંધમાં ક્યારે આવ્યા ? તે નક્કીપણે કહેવું મુશ્કેલ છે, છતાં તેઓ સીંધમાં કયારે ઠરીઠામ થઇને રહયા તે માટે આપણને મલતી નોંધો ઉપરથી અનુમાન કાઢી શકાય છે. આ અનુમાન ઉપરથી વખત નક્કી કરવા માટે પણ હું "પારસી પ્રકાશ" નોજ આધાર પકડું છું અને તે ઉપરથી પારસીઓને સીંધમાં આવી વસવાનો સને હું ૧૮૨૦ થી ૧૮૨૫ નો ઠેરવું છું. મારૂં આ અનુમાન કેટલે દરજજે ખરૂં છે તે એજ પુસ્તકમાંથી હેઠળ ઉતારવાંમાં આવેલી થોડી નોંધો ઉપરથી ખાત્રી થશે.

સિંધમાં પહેલી પારસી પેઢી.

જ્યાંસુધી હું જોઈ શકયો છું ત્યાંસુધી સીંધમાં પહેલી પારસી વેપારી પેઢી તરીકે "જસાવાલાની કુા." નું નામ જ્યાં ત્યાં નજરે પડે છે. અને એ પેઢીના ઘણા ભાગ્યાઓ જુદે જુદે નામે અત્રે આવી ગયલા જણાય છે. "પારસી પ્રકાશ" માં ૧૮૫૦ ના સાલમાં શેઠ અરદેશર જીજીભાઈ મુકાદમના મરણની નોંધ લેવામાં આવી છે, અને જેઓનું મરણ ૫૫ વર્ષની ઉમરે નીપજેલું જણાવવામાં આવ્યું છે, તેમાં નીચલો જાણવાજોગ ઇશારો છે:— "એવણ મેસર્સ જહાંગીરજી નશરવાનજી જસાવાલાની કુા. તરફથી તેમની દુકાનના હેડ મેનેજર તરીકે કાબુલ, **સીંધ હેદરાબાદ,** મુલતાન વગેરે દેશાવરો ખાતે ફરતા હતા અને મુલતાન મધે મરણ પામ્યા હતા." હવે શેઠ મુકાદમ જો મેસર્સ જસાવાલાની નોકરીમાં ૨૫ થી ૩૦ વર્ષની ઉમરે જોડાયા હોય એમ ગણી લઇએ તો ૧૮૨૦ યા ૧૮૨૫ માં "જસાવાલાની કુાં." ની દુકાન સીંધ હેદરાબાદમાં હોવી જોઇએ એ નક્કી થાય છે. શેઠ મુકાદમના સંબંધમાં એક બીજી નોંધ આ પ્રમાણે મળે છે:—"ઇ. સ. ૧૮૩૯ માં જ્યારે કાબુલ ખાતે બ્રીટીશ ફોજ ગઇ ત્યારે સર એલેકઝાંકડર બર્નેસની ભલામણ ઉપરથી શેઠો જહાંગીરજી નશરવાનજી જશાવાલાની કુાં. એ કેટલીક માલ તે તરફ વેચવા માટે બે આડતીયા (શેઠો અરદેશર જીજીભાઇ મુકાદમ અને બરજોરજી નાનાભાઈ બીલીમોરીયા અથવા કાબુલી) સાથે મોકલ્યો હતો. તે પછી શેઠ જેહાંગીરજીએ અંગ્રેજોનો અમલ એ તરફ સારો થતાં સક્કર, જલાલાબાદ અને કાબુલ ખાતે દુકાનો ઉઘાડી હતી."

એજ પુસ્તકમાં શેઠ નશરવાનજી ખરશેદજી જસાવાલાના મરણુની નોંધ મળે છે, જેમાં જણાવ્યું છે કે "એવણુ ઈ. સ. ૧૮૨૬ માં પોતાના બાપના મરણુ બાદ પોતાના કાકા શેઠ જમશેદજી કુંવરજી જસાવાલા તથા પિત્રાઈ શેઠ જાંગીરજી ફરામજી જસાવાલા સાથે મળી "જાંગીરજી નશરવાનજી" ના નામથી પોતાના વડીલોની **પુરાતમ દુકાનનો** વહીવટ ચલાવતા હતા. **આ મોટી દુકાનની કરાંચી, સક્કર, ફીરોજપુર, સીંધ હેદરાબાદ,** વગેરે ઠેકાણુંઓ ઉપર શાખાઓ સ્થાપી પાછવાડેથી તેનો વહીવટ ઘણો વધારી મુકવામાં આવ્યો હતો."

આ ઉપલી નોંધમાં "પુરાતન દુકાન" શબ્દ આપણું પહેલું ધ્યાન રોકે છે અને તે ઉપરથી મારૂં અનુમાન મજબુત થાય છે કે સિંધમાં પહેલી પારસી વેપારી પહેડી "મેસર્સ જસાવાલાની કું." નીજ હોવી જોઇએ. વળી ઉપર ૧૮૨૬ નું સાલ ખુલ્લું જણાવ્યું છે તે ઉપરથી સિંધમાં પારસીઓના વસવાટનો મેં ઉપર જણાવેલો સને પણુ કોઇ રીતે ખોટો ઠરતો નથી. મારાં આ "પારસી કેલેન્ડર" ના પુસ્તકમાં મેં મારા દિબાચામાં જણાવ્યું છે તેમ હાલ તુરત ફકટ કરાચીના પારસીઓને લગતીજ નોંધો આપવામાં આવી છે. આથી સિંધને છોડી દેતાં કરાચીમાં પહેલી વેપારી પેઢી પણુ "શેઠો જસાવાલાની કું." નીજ હોવી જોઇએ એવું ઉપલી નોંધ ઉપરથી વધુ પુરવાર થાય છે.

એજ કુટુંબ સંબંધી એક બીજી નોંધ જે મળે છે તે આ છે કે "શેઠ કાવશજી જહાંગીરજી જસાવાલા સીંધ હેદરાબાદની ઉપલી તરફ વેપાર માટે ૧૮૪૮ ની **ઘણા વર્ષ આગળ** ગયા હતા."

શેઠ બરજોરજી ખરશેદજી જસાવાલા જેઓનું મરણુ ૧૮૫૧ માં નીપજવાની નોંધ છે, તેવણુના સંબંધમાં જણાવ્યું છે કે "એવણે પોતાના ભાગ્યાઓથી છુટા પડી "ખરશેદજી કુંવરજીના છોકરાઓ" ને નામે જુદી દુકાન અત્રે તથા કરાચી ખાતે ઉંઘાડી હતી. એવણુ વહાણુ "સુરત" માં બેશી અત્રેથી (મુંબઈથી) કરાચી જતા હતા તેવામાં તે સ્ટીમર ડુબી ગયાથી તેવણુ અને સર્વે ઉતારૂઓ (આશરે ૧૨૫) પણુ માંહે ડુબા હતા."

આ રીતે જામાસ્પઆસા કુટુંબ સંબંધી ઘણી નોંધો મળે છે અને તે ઉપરથી એકજ સાર ખેંચી શકાય છે, અને તે એજ કે સીંધમાં વેપાર વણજ માટે પહેલ વહેલા એઓજ આવ્યા હોવા જોઇએ. ૧૮૨૫ ની અગાઉ કોઈપણ જરથોસ્તી વેપારીઓ અત્રે પહેલા આવેલાની નોંધ નથી, જો કે તેથી હું એમ કહેવા માંગતો નથી કે ૧૮૨૫ ના સાલથીજ પારસીઓએ સીંધમાં પગપેસારો કીધો હતો, પણ આપણને જે નોંધો હાલ મળે છે તે આ સાલ પછીની છે એટલે બીજા જોઇતા ખુલાસાની ગેરહાજરીમાં આપણે હાલ તો એ સને કબુલવી જોઇશે.

બીજાં જરથોસ્તી કુટુંબોની હકીકત.

૧૮૨૫ પછી ઘણા જરથોસ્તી વેપારીઓ આ તરફ આવેલા જણાય છે: ખાસ કરી ૧૮૩૯ ના સાલથી અત્રે જરથોસ્તી વેપારીઓનો જબરો પગપેસારો થયેલો લાગે છે. પાછળથી આવેલાં એ કુટુંબોમાં રેડીમની, પાંડે, મારકર, ભેદવાર, રાજકોટવાલા વગેરેના નામો મળે છે; જે સર્વેની ટુંક વીગત અત્રે આપેથી પ્રસંગોપાત થઈ પડશે.

શેઠ સોરાબજી પેસ્તનજી પાંડે જેઓ ૧૮૫૧ ના જાનેવારી માસમાં ૨૭ વર્ષની જવાન વયે ગુજર પામેલાની નોંધ છે તેમાં લખ્યું છે કે "એવણ બાપ, તથા કાકાની "પેસ્તનજી અને મેરવાનજી" ના નામથી ચાલતી કુંપની માં બાપની સાથે સામેલ થઈ સક્કર હૈદરાબાદ, વગેરે દેશોમાં પોતાની પેઢી તરફથી જઈ આવ્યા હતા." એટલે જો એઓ ૧૫ વર્ષની ઉમરે પણ અત્રે આવ્યા હોય તો સલામતી સાથે ૧૮૩૯ નું સાલ મુકી શકાય.

શેઠ નશરવાનજી શાપુરજી ભેદવારના મરણની નોંધ લેતાં જણાવ્યું છે કે "૧૮૩૯ માં કમીસરીએટ ખાતાં સાથે કાબુલ ગયા હતા, તે બાદ કરાંચી, તથા સીંધ હૈદરાબાદ ખાતે કમીસરીએટ અને ઇજિનેર ખાતાંના વડા કારભારી થયા હતા."

શેઠ પેસ્તનજી હોરમજી રાજકોટવાલા "પહેલ વહેલી સીંધની' લડાઈ વખતે તે તરફ દુકાન લઈ ગયા હતા અને કરાંચી [illegible], મરણ પામ્યા હતા." એવી નોંધ મળે છે.

તા. ૨૯-૩-૧૮૩૮ ની તારીખનું "બોમ્બે કુરીઅર", "આગ્રા અખબાર ઉપરથી ખબર આપે છે કે "ઇન્ડસ નદી લગીના મુલકોનો વેપાર કરવાને લુડીઆના તરફ કેટલાક પારસી વ્યાપારીઓ આવ્યા છે અને તેઓનું તે તરફ ઘણું સારૂં ચાલે છે."

શેઠ મેરવાનજી ધનજીભાઈ રેડીમની જેઓ ૩૧-૧૦-૧૮૫૩ ને દીને ગુજર્યા હતા, તેવણના મરણની નોંધ લેતાં જણાવ્યું છે કે "એવણ પ્રથમ પોતાના કાકા શેઠ કુંવરશરૂ સોરાબજી રેડીમનીની પેહડીપર હતા, તે પછી પોતાનો એલાહેદો રોજગાર ચલાવતા હતા અને તે માટે એકવાર સીંધ અને કરાચી ખાતે પણ જઈ આવ્યા હતા."

સીંધમાં પેહલી અથોરનાન પેઢી.

ઉપર જણાવેલી સઘલી વેપારી પેઢીઓ એક રીતે બેહદીન સાહેબોની માલેકીની હતી, પણ મારા અથોરનાન ભાઇઓ કુદરતી રીતે જાણવાને આતુર હોવા જોઇએ કે સીંધમાં પહેલ વહેલા કોણ અથોરનાન આવ્યા હતા? અલબત આ અથોરનાન ગ્રહસ્થ જેઓની નોંધ હેઠળ આપી છે તેઓ પોતાનો આથીકી પેશો કરવા અત્રે આવ્યા નહીં હતા, પણ એક વેપારી તરીકે તેઓ આવેલા નજરે પડે છે. એની આગળની કશી નોંધ મળતી નથી તે ઉપરથી અથોરનાન તરીકે અત્રે પહેલા આવેલા ગ્રહસ્થ તરીકે આપણે એઓમેજ માની લઈશું. આ નોંધ નીચે મુજબ છે:—
"આ૦ કાવશજી ફરામજી મારકર (અથવા કોટવાલ) ઉ. વ. ૬૪. ગુજર્યા તા. ૧૩-૧૨-૧૮૫૭. એવણ ૧૮૩૯ માં સીંધ અને ત્યાંથી પછી સકર ખાતે દુકાન ઉઘાડી વ્યાપાર અને કંત્રાકટનું કામ ચલાવતા હતા."

કાબુલ મીશન સાથે ગએલા જરથોસ્તી.

જો કે મારાં આ પુસ્તક સાથે નીચલી વીગત કશો થાડો સંબંધ ધરાવતી નથી, છતાં એક નોંધલાયક પારસી બનાવ તરીકે અને કાબુલ જવા માટે સીંધમાંથી પસાર થયલા નામાંકીત જરથોસ્તીની નોંધ જળવાઈ રહે એ ઈરાદાથી હું તે અત્રે રજુ કરૂં છું. એ વીગત નીચે મુજબ છે:—

"કેપટન (પાછળથી સર એલેક્ઝાંડર) બર્નેસ કાબુલ ખાતે ત્યાંના અમીર દોસ્તમહમદખાન પાસે બ્રીટીશ સરકાર તરફથી અગત્યના રાજદરબારી કારણસર એલચી તરીકે ગયા, ત્યારે પોતાની સાથે "નેટીવ એડયુકેશન સોસાયટીની સ્કુલ" માંના ચઢતા વર્ગના એકુ બે વિદ્યાર્થીઓને કાબુલ ખાતે લઈજવાની ખાહેશ કીધી પણ કોઈ નહીં જતાં એખલા શેઠ નવરોજી ફરદુનજીએ જવાની હીંમત કીધી. શેઠ નવરોજી ૧૧ મી ડીસેંબર ૧૮૩૬ ને દીને મુંબઈથી થળ માર્ગે એક મુસલમાન અને બે પારસી નોકરો લઈ કાબુલ જવા નીકળ્યા. તેઓ તા. ૪–૨–૧૮૩૭ ને દીને સીંધ હેદરાબાદ ખાતે કેપટન બર્નેસના રેસાલાને જઈ મળ્યા હતા. એવણ કેપટન બર્નેસને ઘણા ઉપયોગી થઈ પડયા હતા. કેપટન બર્નેસે કાબુલના અમીર અને દરેક રાજવંશી આગેવાનોની તેવણ સાથે મુલાકાત કરાવી હતી. તેવણે ત્યાંના રીત રેવાજ અને જાણવા લાયક બનાવોની નોંધ મુંબઈના "બોંબે કુરીઅર" માં બે વખત કાબુલથી લખી મોકલી હતી. કાબુલથી એઓ તા. ૧૪–૧૧–૧૮૩૮ ને દીને મુંબઈ પાછા ફર્યા હતા."

કરાચીના જુનામાં જુના રહીશ

૧૮૩૯ પછી તો સીંધમાં પારસીઓ મોટી સંખ્યામાં આવતા થયા હતા. ખાસ કરી સર ચાર્લસ નેપીયરના લશકર સાથે કોનટ્રેકટરો અને કોમીશરીયટ એજંટો તરીકે ઘણા જરથોસ્તીઓ હોવાનું જણાયું છે. તેમાનું એક ધ્યાન ખેંચનારૂ નામ શેઠ હોરમજી દાદાભાઈ ઘડીયાલીનું છે કે જેવણે પાછલથી કરાચીમાં પારસીઓને લગતાં ઘણાં કામોની આગેવાની લીધી હતી. એવણના એક બેટા શેઠ પેશતનજી હોરમજી ઘડીયાલી ખોદાની મેહેરબાનીથી આપણા વચ્ચે ૮૩ વર્ષની બુઝોર્ગ વયે હજુ હૈયાત છે અને ઘણી સારી તંદોરસ્તી ભોગવે છે. કરાચીના જુનામાં જુના રહીશ તરીકે આપણા વચ્ચે એઓ શેઠ રહેવા પામ્યા છે, એ ઘણું ખુશી થવા જેવું છે અને પરવરદેગાર એઓને હજુ લાંબી હૈયાતી બક્ષે એવું આપણે ખરાં જીગરથી ઇચ્છીશું. એઓ સાહેબ હાલ જે ઘરમાં રહે છે, તે પણ કરાચીમાં પારસીઓના વસવાટ પછી બંધા યલા ઘરોમાનું એકજ જુનામાં જુનું ઘર રહેવા પામ્યું છે જે તેની તેજ હાલ તમાં અસલ બાંધણીનું પથ્થર જેવું છે, જેને જોઈને આપણે આપણા આગલ થઈ ગયલા મરહુમ જરથોસ્તીઓની યાદ તાજી કરી શકયે છીએ.

સિંધમાં જરથોસ્તીઓનો પગપેસારો.

મેં ઉપર જણાવ્યું તેમ સિંધમાં મુખ્ય જરથોસ્તી વસ્તી પહેલી અફઘાન લડાઈની શરૂઆતથી થયલી જણાય છે. ખાસ કરી સિંધ અંગ્રેજ સરકારના હાથમાં આવવા પછીથી ઘણા જરથોસ્તી વેપારીઓ અત્રે ઠરીઠામ થયલા જણાય છે, કે જેઓના વારસો આજે પણ આપણા વચ્ચે હસ્તી ધરાવે છે. મને મળેલી નોંધો એટલી બધી ગુંચવાડા ભરેલી છે કે તેને ગોઠવીને અત્રે સિલસીલાબંધ રજુ કરવાનું કામ મારે માટે ઘણું મુશકેલ થઈ પડયું છે. ૧૮૩૯ ની આગમજ કરાચીમાં છુટી છવાઈ જરથોસ્તી પેઢીઓ હતી, જ્યારે એ વખતમાં અને તે પછી થોડો વખત સુધી મુખ્ય જરથોસ્તી વસ્તી સિંધ હેદરાબાદમાં હોવી જોઇએ, જ્યારબાદ સીંધના કમીશનરે કરાચીને પોતાનું હેડ કવારટર્સ બનાવ્યું તે પછી રફતે રફતે જરથોસ્તીઓની મોટી સંખ્યા કરાચીમાં આવી વસેલી હોવી જોઇએ. કરાચીમાં ઘરબાર સાથે મજબુતીથી જરથોસ્તીઓને ઠરીઠામ થવાનો વખત ૧૮૪૩–૪૪ છે, કેમકે શેઠ હોરમજી દાદાભાઈ ઘડીયાલીનું મકાન જે મેં કહ્યું તેમ કરાચીમાં બંધાયલાં ઘરોમાનું સૌથી જુનામાં જુનું મકાન છે તે ૧૮૪૪ માં બંધાવવામાં આવેલું જણાય છે.

જરથોસ્તીઓની મુળ ખાસીઅત.

આપણા ન્યાગાનોની એક ઉમદા ખાસીઅત એ હતી કે જ્યાં જ્યાં તેઓ પોતાનો વસવાટ કરવા માંડતા ત્યાં ત્યાં તેઓ સૌથી પેહેલું એક આરામગાહ તૈયાર કરવાનું અને એક એબાદતખાનું બનાવવાનું કામ કરતા, અને સીંધમાં આવતાંને વાર પણ તેઓએ આરામગાહની પેહેલી ગોઠવણ કરેલી જણાય છે. ૧૮૪૬ માં આપણે સીંધ હેદરાબાદના જરથોસ્તીઓને શેઠ બેરામજી ફરામજી પાંડેની આગેવાની હેઠળ ત્યાંની રવાનોને ભુમીદા કરવાની જગાની આસપાસ ફરતે દીવાલ બાંધવા માટે ફંડ ભેગુ કરતા જોઇએ છીએ. આ આરામગાહની જગા કરાચી કરતાં જુની છે કે કેમ તે કહેવું મુશકેલ છે, પણ મેં જણાવ્યું તેમ મુખ્ય જરથોસ્તી વસવાટ પેહેલાં સીંધ હેદરાબાદમાં હોવાથી કદાચ એ જગા કરાચી કરતાં પુરાણી હોય. શેઠ બેરામજી પાંડેને ૧૮૪૪ માં પેહેલાં કરાંચી ખાતે વેપાર માટે આવેલા જણાવ્યા છે જે પછી તેમને પોતાની દુકાનની શાખાઓ સકર, ફીરોઝપોર

અને સીંધ હૈદરાબાદમાં સ્થાપી હતી. આથી ત્યાં જવા પછી આરામગાહની જગા ખુલ્લી જણાવાને લીધે તેઓએ તેને ફરતી દીવાલ બાંધવાની આગેવાની લીધી હોવી જોઇએ. આ દીવાલ બાંધવા માટે ફંડમાં નાણાં ભરનારાઓની ટીપ અત્રે આપવાનું એટલા માટે જરૂરનું છે કે તેમાના ઘણા નામોને પાછળથી એક યા બીજી રીતે કરાચીમાં આગેવાની લેતાં આપણે જોઇએ છીએ. આ નામો નીચે મુજબ છે:—

શેઠો બેરામજી ફરામજી પાંડે, જાંગીરજી નશરવાનજી જસાવાલાની કુાં. હા. માણેકજી લીમજી હાંતરીઆ, (શેઠ હાંતરીઆને "પારસી પ્રકાશ"માં જગેજગ 'ઇરાનવાલા માણેકજી લીમજી હાંતરીઆ' તરીકે જણાવ્યા છે. એવણે હિંદુસ્તાનમાં ઘણા મુલકોની સફર કરી હતી, તથા રાજદરબારી રીતભાતથી ઘણા માહીતગાર હોવાથી ૧૮૫૪ માં ઇરાનના જરથોસ્તીઓની હાલત જાતે જોઈ રીપોર્ટ કરવા માટે મુંબઈના કેટલાક આગેવાન જરથોસ્તીઓએ તેઓને ઇરાન મોકલ્યા હતા, જેવણે ત્યાં જઇને લખેલાં કાગળો ઉપરથી ઇરાની જરથોસ્તીઓને મદદ કરવાને મોટા પાયા ઉપર હીલચાલ થઈ હતી અને "ઇરાની દેશનું ધરમખાતું" એવું એક મોટું ફંડ ભેગું કરવામાં આવ્યું હતું. શેઠ હાંતરીઆ ઇરાન ખાતેના આડતીઆ તરીકે તે પછી ત્યાંજ રહયા હતા અને ત્યાં જરથોસ્તીઓને ઘણી સગવડ કરી આપી હતી. ૧૮૬૫ માં થોડો વખત મુંબઈ આવ્યા તે વખતે એઓને મુંબઇમાં માનપત્ર આપવામાં આવ્યું હતું જે વેળા તેમને ઇરાની જરથોસ્તીઓની હાલત વિષે ઘણું જાણવાજોગ અજવાળું નાખનારૂં ભાષણ કર્યું હતું.) **હોરમજી દાદાભાઇ ઘડીઆલી,** દાદાભાઈ રૂસ્તમજી ઘડીઆલી, માણેકજી સોરાબજી તે કલેકટરના રાઇટર, **બરજોરજી નાનાભાઈ કાબુલી,** (આ જરથોસ્તી ગ્રહસ્થના સંબંધી એક રમુજી વાત આગળ ચાલતાં આપી છે) ફરામજી કુવરજી મોદી, એદલજી બરજોરજી શેઠના, મનચેરજી બમનજી કાપર, **દીનશાહ પીરોજશાહ મીનવાલા,** દોરાબજી પીરોજશા મીનવાલા, બમનજી નશરવાનજી મેહેતા, પેશતનજી બમનજી વાચ્છા, મેરવાનજી એદલજી પડોળ, સોરાબજી અને ફરામજી તેમુલજી; જાંગીરજી મેરવાનજી કોટવાલ, રૂશતમજી શાપુરજી ઘાસવાલા, ખરશેદજી રૂશતમજી પેટીગરા, એદલજી દાદાભાઈ, **દસ્તુર ફરદુનજી બેરામજી,** એદલજી નવરોજી ચીકીન, રતનશા શાપુરજી મેસમેન, આદરજી રતનજી શામગીરના અને ખરશેદજી હોરમજી બાશા.

(૧૧)

કરાચીની આરામગાહની જગા.

હૈદરાબાદની આરામગાહની જગાની વીગતની સાથે સાથે કરાચી સ્ટેશન હોસપીટલની પછવાડે ચારે બાજુથી દીવાલથી ઘેરી લીધેલી ભુમીદા કરવાની આગલી જગાની ટુંક નોંધ અત્રે લઇને આપણે આગળ ચાલીશું. કરાચીમાં આ જગા ૧૮૩૯ અને ૧૮૪૪ ની વચ્ચે એલાહેદી કાઢેલી જણાય છે. આ જગાને માટે એમ કહેવાય છે કે ગોળવાળા કુટુંબે તે પોતાને ખરચે કરાવી હતી, કે જે કુટુંબ કરાચીમાં ૧૮૩૯ પછી અત્રે આવી વસેલું જણાય છે. આ જગા ગોળવાળા કુટુંબેજ બંધાવેલી હોવી જોઇએ એ બનવાજોગ એટલા ઉપરથી લાગે છે, કે એ કુટુંબને લગતા એક શેઠ શાપુરજી મંચેરજી ગોળવાળા જેઓ સક્કર ખાતે એજ અરસામાં ગુજર્યાં હતા, તેઓની લાશને (જો કે નજદીકમાં હૈદરાબાદમાં આરામગાહની જગા હતી છતાં,) ઉંટ ઉપર ખાસ કરાચી લાવીને એ જગામાં દફનાવવામાં આવ્યા હતા. વળી એઓના ભાઈ મરહુમ શેઠ ખરશેદજી મંચેરજી ગોરવાલાના પુન માટે તેમના ફરજંદોએ પાછલથી એ જગાની આસપાસ ફરતી દીવાલ બંધાવી હતી. આ જગામાં આસરે આઠજ રવાનોં ભુમીદા કરેલાં જણાય છે, કેમકે થોડાજ અરસામાં એટલે ૧૮૪૮ માં શેઠ હોરમજી ઘડીયાલીએ દોખમું બંધાવી આપવા પછી એ જગા ચારે બાજુથી દીવાલથી ઘેરીને સદંતર બંધ કરવામાં આવી હતી. ૧૯૧૪ની સાલમાં એની ફરતી દીવાલ ફરીથી શેઠ બેજનજી ખરશેદજી ગોલવાલાના કુટુંબે દુરસ્ત કરાવી છે. બીજી કોઈ તખ્તી નથી કે તેમાં કોણુના રવાનોએ આરામ લીધો છે તેની કશી નીશાન નથી. જગા એકદમ સપાટ થઈ ગઇ છે. ખાલી એક કુવો પુરાઈ ગયલો બીસમાર હાલતમાં નજરે પડે છે.

જરથોસ્તીઓની જાહોજલાલી

મુંબઇને માટે કહેવાય છે કે આજનાં મુંબઇને બનાવનાર પારસીઓ છે. તેજ મુજબ કરાચીને માટે હું કહું છું કે આજનું કરાચી બનાવનાર પણ પારસીઓજ છે. પારસીઓ જ્યાં ગયા છે, ત્યાં તેઓએ પોતાના વડવાઓના પુનની બરકતથી કાંઇ અજબ જાહોજલાલી ભોગવી છે અને દરેક ઠેકાણે નાની સંખ્યા છતાં સર્વેમાં તેઓ આગેવાન થઈ પડતા હતા. હવે પછીના પાનાઓમાં કરાચીમાં આગલના વખતમાં થઇ ગયેલા પારસીઓની બનતાં

સુધી સાલવાર ટુંક નોંધ આપવાની મેં કોશેશ કરી છે, જે ઉપરથી જણાશે કે પારસીઓ હમેશાં સરકારનો વિશ્વાસ ધરાવવા ઉપરાંત દરેક કામમાં આગેવાન હિસ્સો આપનારા હતા.

શેઠ હોરમજી દાદાભાઇ ઘડીયાળી

આ જરથોસ્તી ગ્રહસ્થે કરાચીમાં ભારે જાહોજલાલી ભોગવી છે. પેહેલી અફઘાન લડાઈ વખતે એઓ આખાં બ્રીટીશ લશકરના કોનટ્રેકટર તરીકે આવ્યા હતા. કહે છે કે એવણુ તે વખતના મીરોના ઝવેરાતની મોટા પ્રમાણુમાં ખરીદી કરતા અને પાછાં વેચતા હતા. જેમાં તેવણે સારૂં નાણુ પેદા કર્યું હતું. શેઠ હોરમજી ધનના ઢગલા ઉપર લેટતા હતા, અને પૈસાને પૈસો તરીકે ગણુતા નહીં હતા. જ્યારથી કરાચી સીંધના કમીશનરનું હેડ કવાર્ટર્સ થયું, ત્યારથી શેઠ હોરમજી અત્રે આવ્યા હતા. તે વેળા એવણુનો ભારે ઠાઠમાઠ હતો તે એટલે સુધી કહેવાય છે કે એવણુ શેહેરમાં ઘોડા ઉપર ફરવા નીકળતા અને ઘણીકવાર કેનટોનમેંટના અમલદારો એવણુ સાથે પગે ચાલતા હતા. એવણે પોતે આવ્યા બાદ પોતાના કુટુંબના માણુસોને રફતે રફતે અત્રે ઠરીઠામ કીધાં હતાં. શેઠ હોરમજીએ અત્રે અનજુમનનાં દરેક કામમાં આગેવાની લીધી હતી. ઘડીયાળીનું દોખમું (જેની વીગત હવે પછી આપી છે) પોતે બંધાવ્યું હતું, અને બીજાં સખાવતી કામોમાં સારો હીસ્સો આપ્યો હતો. તે વેળા અત્રે આવી વસેલા જરથોસ્તીઓને મકાનો બાંધવા મોટાં મોટાં કમ્પાઉન્ડો આપવામાં આવતાં, જેની મુખ્ય વાંટણી શેઠ હોરમજી કરતા હતા. જમીન આપવા સાથે શરત એ હતી કે દશમાં ભાગ ઉપર મકાન ઉભુ કરવું ને ફરતે દીવાલ કરવી. તે વેળા પારસીઓ એટલી બધી જગાને શું કરીશું એવા ખ્યાલથી અને દીવાલ બાંધવાની જોગવાઈની ગેરહાજરીમાં કે કોઈ બીજાં કારણે પોતાને મળેલી જગાની નીશાન રાતો રાત હટાવી ઓછી કરી નાંખતા હતા. એટલુ છતાં પારસીઓ ઘણી મીલકત ધરાવતા હતા, અને આખુ સદર તે વેલા પારસીઓની માલેકીનું હતું અને સર્વનો નાનો મોટો ધંધો હતો, પણ કમનસીબે બાપદાદાનું મેળવેલું આપણી હાલની ઓલાદ જાલવી શકી નહીં અને આજે પારસીઓ જીવ વગરના ખોખાં જેવા થઈ ગયા છે.

પેહેલા પારસી કોમ્પર.

૧૮૩૯ માં બ્રીટીશ લશકર સાથે શેઠ દોસાભાઈ નામના જરથોસ્તી, કોપર તરીકે આવ્યા હતા, જેઓ પોતાના ધંધાની ઓલખ ઉપરથી દોસાભાઈ કુપરને નામે ઓલખાતા હતા. એવણુના છોકરા સોરાબજી પાછળથી સરકારી છાપખાનામાં કંપોઝીટરનું કામ કરતા હતા. કદાચ સીંધમાં છાપખાનાની લાઈનમાં જોડાયલા એજ પેહેલા જરથોસ્તી હશે.

શેઠ બરજોરજી નાનાભાઇ કાબુલી.

સીંધ હેદરાબાદમાં આરામધાહની જગાની આસપાસ દીવાલ બાંધવા માટેના ફંડમાં નાણું ભરનારાઓનું જે લીસ્ટ મેં ઉપર આપ્યું છે તેમાં શેઠ બરજોરજી નાનાભાઈ કાબુલી અથવા બીલીમોરીયાનું નામ પણ છે. આ તેજ ગ્રહસ્થ છે કે જેઓ પ્રથમ શેઠો જાંગીરજી નશરવાનજી જસાવાલાની કું. ના આડત્યા તરીકે સીંધમાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૩૯ માં જ્યારે કાબુલ ખાતે પેહેલવેહેલી બ્રીટીશ ફોજ ગઈ તે વેળા તેની સાથે દુકાન લઇને એઓ ગયા હતા. ત્યાં બે વર્ષ રહેવા પછી જ્યારે ૧૮૪૧ ની આખરે અંગ્રેજ લશકર કાબુલ ખાલી કરી પાછું ફર્યું ત્યારે એવણુ શતરૂના હાથમાં કેદ પકડાયા હતા, પણુ પાછળથી એવણુને છોડવામાં આવ્યા હતા. તે પછી એવણે શેઠો જસાવાળાની કું. ની નોકરી છોડી દઇ પોતાને હીસાબે હેદરાબાદમાં વેપાર કરતા હતા. એવણુ ઘોડા ઉપરથી પડી જવાથી સીંધ હેદરાબાદમાં ૧૮૭૨ માં મરણુ પામ્યા હતા.

સબ કુછ કરના, સુરધી નહીં દેના.

શેઠ બરજોરજી કાબુલી માટે એક રમુજી વાત કહેવાય છે અને તે ખરી બનેલી છે. એમ જણાય છે કે મીયાંનીની લડાઈ વેળા એઓ લશકર સાથે સોદા વગેરે થંડું પીણું લઈ ગયા હતા, જ્યાં અકસ્માતથી સોદાની બાટલીઓ ધરોધર ફુટવા લાગી. આ વખતે મીરોના માણુસો સમજ્યાં કે આ માણુસ પોતા સાથે દગાથી ડીનેમાઈટ લઈ આવ્યો છે, અને કાંઇબી તપાસ કર્યા વગર તેવણુને પકડીને કેદ કીધા. આ હુશિયાર ગ્રહસ્થે જોયું કે જંગલીઓના હાથમાં ભુખે મરવાનો સોદો છે. આથી તેવણે પોતાનું ગુજ-

થોસ્તી પાણી બતાવ્યું અને પોતાને પકડનારાઓ તરફ પુર નમનતાઈ બતાવી હાથ જોડી કરગરીને માંગી લીધું કે "તમે મને ગમે તે કરજો, મારજો, ઝુંદજો, પણ કદીબી મને મુરઘી ના આપતા, કેમકે તેની મને ઘણી છીટ છે." પેલાઓ તો દગલબાજી કરવા માટે આ પારસી ઉપર ઘણો ખાર ખાઈ ગયા હતા એટલે તેણે ના કહેવા છતાં તેવણને બબે મુરઘી જોરજુલમથી ખવરાવવા માંડી અને આ શેઠયાએ ઘણી આનાકાની સાથે તેનો નાસ્તો કરવા માંડયો. જો ખરેખર તેવણે આએ ચાલાકી વાપડી નહીં હતે તો ભુખેજ મરી ગયા હતે.

ગામઠી દારૂના પેહેલા ઇજારદાર

શેઠ દીનશાહ પીરોજશા મીનવાલા પોતાના મામા શેઠ હોરમજી ઘડી-યાલી સાથે ૧૮૩૯ માં અત્રે આવ્યા હતા. એઓ સરકારી કોનત્રકટ લેતા હતા. ગામઠી દારૂ અને અફીમના ઈજારા રાખતા હતા અને એવણ એ કામના પેહેલા કોનત્રકટર હતા. એઓનો અંગ્રેજી ભાષા ઉપર ભારે કાબુ હતો અને જેમાં તેમાં માથું મારનાર ભારે હીંમતવાન હતા. પારસીઓને લગતાં દરેક કામોમાં એઓની આગેવાની હતી. ઘણો સારો લાગવગ ધરાવતા હતા અને ઘણા જરથોસ્તીઓને સારી મદદ કરી હતી. એવણે મલી-રમાં બગીચો બનાવ્યો હતો, જે પણ પેહેલોજ પારસી બગીચો હોય એમ જણાય છે, જ્યાં એવણે કોહરાં ઉગાર્યાં હતા, જે એઓ વહાણમાં ભરીને મુંબઈ મોકલતા હતા. એવણે ઘણો સારો વખત જોયો હતો. સરકાર તરફના સભાસદ તરીકે ૧૮૬૩ માં મ્યુનીસીપેલીટીમાં નેમાયા હતા. ડીસ્ત્રીકટ મેત્રીમોન્યલ કોર્ટના એક ડેલીગેટ હતા. એવણને સાપે કરડવાથી તા. ૧૮ એપ્રેલ ૧૮૭૪ને દીને ગુજર્યા હતા.

દેશી દારૂના ગુટા ઉપર અત્રે સુરતથી આવેલા ઘણા જરથોસ્તીઓ પાછલથી ઠીક ગોઠવાઈ ગયા હતા, જેઓમાં આપણા જાણીતા સખી વજુદ શેહેરી ખા. બા. નસરવાનજી મેહેતાના બપાવા શેઠ માણેકજી પણ હતા, જેઓ ૧૮૪૩-૪૪ માં અત્રે આવેલા જણાય છે.

શરતના શોખીન જરથોસ્તી

૧૮૩૯માં અત્રે આવેલાં બીજાં જરથોસ્તી કુટુંબોમાં ગોલવાલા કુટુંબનું નામ જાણીતું છે. શેઠો ખરશેદજી અને સોરાબજી મંચેરજી ગોલવાલા અફઘાન લડાઇની શરૂઆતમાં સરકારના ત્રેવેલીંગ એકર્સ તરીકે લશકર સાથે ગયા હતા, ૧૮૫૭ માં જ્યારે કરાચીમાં મારશલ લૉ જાહેર થયો ત્યારે કોઇને પણ પાસપોર્ટ વગર બહાર ફરવા હરવાની છુટ હતી નહીં, જેવી પેહેલી પાસપોર્ટ મેળવનાર શેઠ ખરશેદજી હતા. એવું કહેવાય છે કે એ પાસપોર્ટને લગતો મેડલ હજુ પણ એઓના કુટુંબમાં જલવાઇ રહેલો છે. શેઠ સોરાબજી ગોલવાલા શરતના ભારે શોખીન હતા અને ૧૮૫૪-૫૫ માં શરતનો એક ખાસ ઉમદા ઘોડો રાખ્યો હતો. જેનો જોકી એક મદ્રાસી હતો.

શેઠ માણેકજી પેશતનજી શરાફ.

એઓ શેઠ ગામવાલાની અટકે પણ ઓળખાતા હતા. અંગ્રેજ સરકારે સીંધ લીધું ત્યારથી એઓ અત્રે સુરતથી આવ્યા હતા, અને આખી જીંદગી અત્રેજ ગુજારી ૬૨ વર્ષની બુઝોર્ગ વયે ૧૮-૧-૧૮૭૦ ને દીને ગુજર્યા હતા. એવણ• શેઠે પોતાના છોકરાઓને પેશાવરમાં દુકાન કઢાવી આપી હતી, જ્યાં એવણના બેટા મેરવાનજીએ ભારે નામ કાઢયું હતું અને યુરોપ્યન ઓધેદારોમાં પળોટાઇને ઘણા માનીતા થઈ પડયા હતા. પેશાવરમાં જરથોસ્તી ભુમીદાની જગા મેળવવામાં શેઠ મેરવાનજીએ આગેવાની લીધી હતી.

પેહેલા જરથોસ્તી અમેરીકન કોન્સલ.

શેઠ ડોસાભાઈ મેરવાનજી વહાડયા ૧૮૩૯ માં પોતાના ભાઇઓ સાથે "ડોસાભાઈ મેરવાનજીની કું." ને નામે અત્રે વેપાર અર્થે આવ્યા હતા. ૧૮૪૨ માં એવણે પોતાનો વેપાર ભારે વધારી મુકયો હતો અને અમેરીકા સાથે પહેલ વહેલો વેપાર કરવાનુ શરૂ કીધું હતું, તે એટલે સુધી કે ત્યાંની સરકારની આડત પણ એઓની પેઢી ઉપર આવવા લાગી હતી, અને એવણને પાછલથી અત્રેના અરીકન કોનસલ થવાનુ માન મળ્યું હતું. એવણ ઘણી એક કું. ના ડીરેકટર હતા. ઘણા અશરાફ અને ભલા ગ્રહસ્થ હતા.

ગાડીખાતાની અગ્યારી અને સ્કુલ (જેની વીગત હવે પછી આપી છે) ની સાથે મરહુમનું નામ જોડાયલું છે. એવણુ ૫૮ વર્ષની વયે ૧૮૬૫ માં અત્રે ગુજર્યા હતા.

પેહેલા પારસી લીલાંઉવાળા

"હીરજી કાકા" ના જાણીતાં નામે જણાયલા અને સદરની દરેમેહેર વાલા શેઠ હીરજીભાઈ જમશેદજી મેહેરાના ૧૮૪૪ ના સાલમાં અત્રે આવ્યા હતા. એવું કહેવાય છે કે એઓ શરૂઆતમાં એક અમલદારના નોકર તરીકે આવ્યા હતા, પણ પાછલથી લીલાંઉનો ધંધો શરૂ કીધો, જે ધંધો કરનાર એઓ પેહેલાજ જરથોસ્તી હતા. એવણે પણ ઘણો સારો વખત જોયો હતો અને ઘણા મીલનસાર સ્વભાવના હતા. જરથોસ્તીઓને એઓ ઠીક મદદ કરતા હતા.

સર્વેથી બુઝોર્ગ પારસીને માન.

શેઠ કાવશજી પેશતનજી લોઢાંવાલા જેઓ સુરતથી ૧૮૪૪ માં વેપાર અર્થે અત્રે આવ્યા હતા તેઓ ૧૮૮૨ માં મસકત ખાતે વેપાર અર્થે ગયા હતા. મસકતના નવા સુલતાન જ્યારે ગાદી ઉપર આવ્યા ત્યારે સર્વેથી બુઝોર્ગ ગ્રહસ્થ અને એક જરથોસ્તી તરીકે એવણને ઘણું માન આપી એક શાલ આપી હતી.

કરાચી અને પંજાબનો અસલ સંબંધ.

શેઠ એદલજી બરજોરજી શેઠના જેઓ ૧૮૪૬ માં કરાચી તથા સીંધ હેદરાબાદ ખાતે રોજગારને અર્થે આવ્યા હતા તેઓ પાછલથી અત્રેથી ઉઠાંગરી કરી ગયા હતા અને શેઠ જામાસજી હોરમજી બોગા સાથે લાહોર, રાવલપીંડી વગેરે ઠેકાણાઓ ઉપર મેસર્સ જામાસજીની કું. ને નામે દુકાન કાઢી હતી. એઓએ લાહોરમાં જરથોસ્તી રવાનોને અવલ-મંજલ પહોંચાડવાની આરામગાહની જગા મોટા કુશાદે બગીચા સાથે પોતાના ખરચે બંધાવી આપી હતી, અને તેની બાજુમાંજ "ગુલબાગ" નામે સગડીનુ મકાન બંધાવી તા. ૧લી જાનેવારી ૧૮૭૭ ને દીને ત્યાંની અંજુમનને સપુરદ કર્યું હતું. એ પછી એઓ એજ માસમાં લાહોરમાં ગુજર્યા હતા.

શેઠ ફરામજી મેરવાનજી નાણાવટી.

કરાચીમાં પેહેલા આવેલા મોટે ભાગેના જરથોસ્તીઓ ગુજરાત તરફથી—ખાસ કરીને સુરતથી—આવેલા જણાય છે: ૧૮૪૬ માં સુરતથી પોતાના ભાઈ નશરવાનજી સાથે આવેલા એવાજ એક જરથોસ્તી શેઠ ફરામજી નાણાવટી હતા. એઓએ દારૂના ગુટાનું કામ પેહેલાં હાથ ધર્યું હતું, જે પછી બંન્ને ભાઇઓએ સરકારી તેમજ કોમીશરીયટના કોનટ્રેકટો લેવા માંડયાં હતાં. ૧૮૬૧માં પોતાના ભાઈના મરણ પછી એઓ એખલા વહીવટ ચલાવતા હતા. પોતાના મામા શેઠ હીરજીભાઈ બેહેરાનાની દરેમેહેરના ટ્રસ્ટી તરીકે એઓએ ઘણા વર્ષો સુધી વહીવટ ચલાવ્યો હતો. એઓ કરાચીમાં ૫૦ વર્ષની વયે તા. ૩૦–૫–૧૮૭૩ ને દીને મરણ પામ્યા હતા.

કરાચીના પેહેલા દસ્તુર.

આ ચોપડી કાઢવાનું મારે માટે પેહેલાં જેટલું હું સહેલું ધારતો હતો તેટલું વીગતો ભેગી કરી કામ શરૂ કરવા પછી મને જણાયું કે મેં એક મુશકેલ કામ હાથમાં ધર્યું હતું. ઘણીક વીગતો અધુરી અને તારીખવાર વગરની મળી છે. કોઈનું ધડ નથી તો કોઇનું પુછડું નથી. અત્યારસુધી આપણે સઘલા એમજ માનતા હતા કે કરાચીની દરેમેહેરના એરવદ સાહેબ દીનશાજી દસ્તુર પેહેલા પંથકી હતા અને કરાચીના દસ્તુર તરીકે દસ્તુર ડા. ધાલાને પેહેલ વેહેલા નેમવામાં આવ્યા છે. પણ તે ભુલ ભરેલુ જણાય છે. કરાચીમાં દસ્તુર ધાલાની આગમજ બે દસ્તુર સાહેબોને કરાચીના જરથોસ્તીઓએ દસ્તુરીની શાલ આપી હતી, જેમાના પેહેલા દસ્તુર ફરદુનજી બેહેરામજી જામાસ્પઆશાના હતા, એવું મને મળેલી નોંધો ઉપરથી માલુમ પડે છે. આ શેઠ ક્યારે સીંધમાં આવ્યા અને ધંધા અર્થે આવ્યા પછી અથોરનાન હોવાથી કરાચીવાસીઓએ એવણુને દસ્તુર ઠેરવ્યા હતા કે ખાસ મોબેદી કામનેજ માટે બોલાવ્યા હતા તેને લગતી કશી વીગત મળતી નથી. એવણે દસ્તુરીપદ લેવા પછી કેટલાં વર્ષ એ ઓધો ભોગવ્યો, પછી કયારે ગુજર્યા અને શું થયું તે પણ કશી નોંધની ગેરહાજરીમાં જણાતુ નથી. ફકટ આપણે ઉપર હેદરાબાદની આરામગાહને ફરતી દીવાલ બાંધવાના લીસ્ટમાં એવણુને ફાલો આપતા જોઈ આવ્યા છીએ તે ઉપરથી એવણુ એ અરસામાં સીંધમાં હતા એમ જણાય છે. જે પછી શેઠ

હોરમજી ઘડીઆલીએ કરાંચીમાં બંધાવેલું દોખમું પરથાવ્યું તે દીને એટલે ૨૫-૧-૧૮૪૮ ને દીને એઓને જશનની ક્રીયાની આગેવાની લેતા જણાવ્યા છે અને ક્રીયા પુરી થવા પછી શેઠ હોરમજી ઘડીયાલીને અંજુમન તરફથી માનપત્ર અને શાલ આપવા બાદ દસ્તુર ફરદુનજીને પણ એક શાલ આપી તેવણુને કરાચીના દસ્તુર ઠેરવવામાં આવેલા જાહેર કરવામાં આવ્યા હતા. બસ એટલીજ નોંધ છે. આ ઉપરથી એટલું તો અનુમાન થઈ શકે છે કે એવણે એકજ વર્ષ દસ્તુરપદ ભોગવેલું હોવું જોઇએ કેમકે બીજેજ વર્ષે શેઠ હીરજીભાઈ બેહેરાનાની દરેમેહેર પરથાઈ તે વેળા આ દસ્તુર સાહેબ ક્રીયામાં આગેવાની લેતા જણાતા નથી.

કરાચીના પેહેલા પારસી કોટવાલ

શેઠ બેહેરામજી મેરવાનજી કોટવાલ જેઓ ૧૮૩૭ થી અમદાવાદના વડા ચોધરીનો ઓધો ભોગવતા હતા તેઓની ૧૮૪૮ થી કરાચીના કોટવાલ તરીકે બદલી થઈ હતી. આ ઓધો તેઓએ ૨૪ મી ઓકટોબર ૧૮૬૦ સુધી ઘણી ઈમાનદારી અને ચાલાકીથી ભોગવી રીટાયર્ડ થતાં અત્રેના તે વેળાના કમાન્ડીંગ ઓફીસર મેજર જનરલ કનીંગહામે એક જાહેરનામા મારફતે તેઓને ભારે શાબાશી આપી હતી. એઓ અત્રેના મ્યુનીસીપલ કાઉન્સીલ લર અને મેત્રીમોન્યલ કોર્ટના ડેલીગેટ હતા. એઓ ૮૫ વર્ષની બુઝર્ગ વયે તા૦ ૭ મી જુન ૧૮૮૯ ને દીને મરણ પામ્યા હતા. એવણની પછી શેઠ ફરદુનજી ચોધરીને કોટવાલનો ઓધો મળ્યો હતો.

પારસીને નવાબ તરફનું માન.

૧૮૪૮ માં પારસીઓને મગરૂરી કરનારો એક બનાવ બન્યો હતો. શેઠ કાવસજી જેહાંગીરજી જસાવાલા જેઓ સીંધ હૈદરાબાદમાં મોટા પાયા ઉપર વેપાર ચલાવતા હતા, તેઓ કરનલ મેકક્રસનની મારફતે ભાવલ-પુરના નવાબ બહાવલખાનની કચેરીમાં નવાબ સાહેબની મુલાકાતે તા. ૫ મી માર્ચને દીને ગયા હતા. એ વેળા નવાબ સાહેબે તેઓને ઘણી ઇજત આપી હતી અને મુલાકાત પુરી થવા પછી તેવણને એક ઉંચો સરપાવ એનાયત કર્યો હતો, જે વેળા આખી દરબારે "આફરીન"ના પોકારો કર્યા

હતા. શેઠ કાવસજી દરબારમાંથી વીદાય થયા ત્યારે તેઓની સાથે નવાબ સાહેબે પોતાના ૫૦ સવારોને મોકલ્યા હતા, જેઓને પોતાને ઘર પુગવા પછી શેઠ કાવશજીએ કેટલીક બક્ષીશ આપી હતી.

પહેલા પારસી સરવેયર.

શેઠ નવરોજી ફરદુનજી સાથે મારા વાંચનારાઓને મેં શરૂઆતમાંજ ઓલખ કરાવી છે કે જેઓ કાબુલ મીશન સાથે ગયા હતા, તેઓના નાના ભાઇ શેઠ કેખશરૂ ફરદુનજીની સરજત પણ સીંધમાંજ લખાયલી જણાય છે. શેઠ કેખશરૂ તા. ૮મી ડીસેંબર ૧૮૪૭ને દીને "સીવીલ એનજીન્યર"ની પરીક્ષામાં પસાર થયા હતા, જે પછી તેવણુને જાહેર બાંધકામ ખાતાના "સરવેયર"નો ઓધ્ધો આપીને કરાચી ખાતે મોકલવામાં આવ્યા હતા, પણ કમનસીબે એઓ થોડાજ મહીના તે ઓધો ભોગવવા પામ્યા કેમકે તા. ૨૨ મી ડીસેંબર ૧૮૪૮ ને દીને ૨૨ વર્ષની ભર જવાન વયે તેઓ અત્રે ગુજર પામ્યા હતા.

રાજકોટવાલા ખાનદાનની હકીકત.

"જાંગીર બાગ" ના સ્થાપનારાં રાજકોટવાલા કુટુંબને લગતી વીગત નીચે મુજબ જણાય છે. શેઠો જાંગીરજી અને ખરશેદજી જમશેદજી રાજકોટવાલા પોતાના ફુવા તે શેઠ પેશતનજી હોરમશજી રાજકોટવાલાની દુકાન ઉપર તેવણુના નોકરો તરીકે પેહેલાં આવ્યા હતા. એઓની ખરી અટક તો અલેચાવાલા હતી, પણ પાછલથી દુકાનમાં તેઓ ભાગ્યા થવાથી તેમજ શેઠ પેશતનજી ગુજરી જવા પછી તેવણુને કાંઇ છોકરાં હતાં નહીં એટલે બન્ને ભાઇઓજ તેમની દુકાનનો વહીવટ ચલાવવા લાગ્યા તેથી પાછલથી તેઓ પણ રાજકોટવાલા તરીકેજ ઓલખાવા લાગ્યા. ૧૮૫૬માં અણુ શહેરની લડાઈ વેળા શેઠ ખરશેદજી ત્યાં જુદી દુકાન લઈ ગયા હતાં.

શેઠ રતનજી ફરામજી કેનટીનવાલા.

એ શેઠ બાટલીબોઈ અથવા કોલાબેવાલાની અટકે પેહેલાં ઓળખાતા હતા પણ બ્રીટીશ રેજીમેંટ સાથે લીકર કેનટીનનું કામકાજ હાથ ધરવા પછી

એ કુટુંબની અટક "કેનટીનવાલા" પડેલી જણાય છે. પેહેલાં એઓની પુના મધે ખરકીમાં ઈંગ્રેજી અસબાબ અને દારૂકામની દુકાન હતી, જ્યાંથી ૧૮૪૨માં પોતાના ત્રણ બેટાઓ શેઠો બરજોરજી, હોરમજી અને ફરામજીને તેમજ થાણેવાલા શેઠ એદલજી હોરમજી પંથકીને સાથે લઈ એઓએ કરાચી ખાતે "રતનજી ફરામજીની કું." ને નામે મોટી દુકાન ઉઘાડી હતી. પાછલથી જેકોબાબાદ ખાતે પણ એક દુકાન ઉઘાડી હતી, જ્યાં બે ત્રણ દેશી પલટન જનરલ જેકબની સરદારી હેઠળ હતી. જેકોબાબાદની દુકાન ઉપર શેઠ એદલજી પંથકી કામ કરતા હતા. શેઠ ફરામજી બ્રીટીશ રેજીમેંટ સાથે જુદે જુદે ઠેકાણે લીકર કેનટીન લઇને ફરતા હતા. પાછલથી પોતાના બન્ને ભાઇઓ મરણ પામતાં કરાચીની દુકાનનો તેવણે ચાર્જ લીધો હતો, અને શેઠ એદલજી રીટાયર્ડ થઇ પાછા થાને ગયા હતા, જ્યાં ગુજર પામ્યા હતા. શેઠ એદલજીને માટે કહેવાય છે કે તેઓના ભલા અને નમાના ખવાસ તથા રીતભાતથી જનરલ જેકબને તેઓ ઘણા પસંદ પડતા હતા અને તેઓ સાથે ઘણી મીત્રાચારી બાંધી હતી. આપણી અંજુમનના પ્રમુખ શેઠ ફરામરોજ પંથકી એઓના પાલક બેટા થાય છે. શેઠ ફરામજીએ પણ પાછલથી દુકાન બંધ કરી હતી. શેઠ ફરામજીના બેટા શેઠ બેહેરામજી જેઓએ હમણાજ પોતાના પીતાજીને નામે પારસી પંચાયતની વાડીમાં ચાલી બંધાવી આપી છે, તેઓ ૧૮૬૮માં અત્રે આવ્યા હતા. તેઓ ૧૮૮૦માં પ્રીન્સીપલ મેડીકલ ઓફીસરની ઓફીસમાં જોડાયા હતા જ્યાંથી ૧૯૦૯માં છુટા થઇ હાલ રીટાયર્ડ જીંદગી ગુજારે છે.

આપને પકડવાનું જરથોસ્તી મંત્ર.

આપણે આગલ શેઠ દીનશાહ પીરોજશા મીનવાલા સંબંધી કાંઇક હકીકત જોઈ ગયા છીએ. એ શેઠના બીજા ભાઈ શેઠ બેરાંમજી અત્રે ૧૮૫૪ માં આવ્યા હતા. એક બીજી નોંધ ઉપરથી જણાય છે કે એઓ પોતાના ભાઈની સાથે ૭ વર્ષની ઉંમરે આવ્યા હતા. એઓ પરશીયન એકસપીડીશન સાથે બુશાયર ગયા હતા, જ્યાંથી સારી કમાની કરી આવ્યા હતા. કસબીમાં એઓનો ભારે ત્રાસ હતો અને ઘણી જાહોજલાલી ભોગવી હતી. જાત પરજાતમાં એક શુધ્ધા લવાદ તરીકે એઓ ઘણા વખણાયા હતા. બે લડતી પક્ષ કોર્ટ દરબારે ચઢી નાણાં સંબંધી નુકશાની ખમવાને બદલે એવાકુની લવાદી ઉપર પોતાનો કેસ સોંપવાને રાજી થતી અને બેઉ પક્ષ ખુશી થાય એવીજ રીતે એવણ ફેંસલો

કરતા હતા. પારસીઓના બધાં કામમાં આગેવાની લેતા હતા. એવણુ એક એવું એજમતી મંત્ર ધરાવતા હતા કે જેની મદદથી કોઈપણ અને ગમે તેવા મોટા સાપ કે નાગને જોતજોતામાં હાથમાં પકડી હિલવી હિલવીને તેનો નીકાલ કાઢી નાખતા હતા. સાપ કે નાગે કરડેલા માણસનું ઝેર પણ એઓ એજ એજમતી મંત્રની મદદથી તાબડતોબ ઉતારી સારૂં કરતા હતા. એ મંત્ર તેઓ પોતા સાથેજ લઈને ગુજર્યા હતા, કેમકે કોઈને તે શીખવવાની એઓને મનાઈ હતી. એવણુ કેટલાક મઝવાઓના માલેક હતા. મીનવાલા કુટુંબ હજુ કરાચીમાં ઘણું જાણીતું છે. એ કુટુંબે આગળ ઘણી જાહોજલાલી ભોગવી હતી. પંજાબથી પેહલી એજંસી લાવનારા એઓના ભાઈ શેઠ દોરાબજી હતા.

મીનબતી બનાવનાર પેહેલા જરથોસ્તી

અત્રે જ્યારે મીનવાલા કુટુંબ સંબંધી હું હકીકત લખું છું ત્યારે શેઠો દીનશાહ અને બેરામજીના પીતાજી શેઠ પીરોજશા મેરવાનજી મીનવાલા સંબંધી અત્રે ટુંક નોંધ લીધેલી પ્રસંગોપાત થઈ પડશે. એઓ શેઠ સુરતમાંજ રહેતા હતા જ્યાં એઓએ મીનબતી બનાવવાનું કારખાનું ખોલ્યું હતું. પહેલા પારસી "વેક્ષ મેન્યુફેક્ચરર" તરીકે એઓ તે વખતમાં ઘણા જાણીતા હતા અને બાહેરની આયાત નહીં હોવાથી એમનો વેપાર ઘણો સારો ધીકતો હતો. પાછલથી બાહેરથી મીણબતીની આયાત વધી ત્યારે હરિફાઈમાં એઓ ટકી શકયા નહિં જેથી તે ધંધો બંધ કરી ૧૮૬૩માં એઓ પોતાના બેટાઓ આગલ અત્રે આવ્યા હતા અને ૧૮૭૦ માં અત્રેજ ગુજર્યા હતા.

પહેલા જરથોસ્તી ઘડીઆલી.

૧૮૫૪ના સાલમાં પેહેલા જરથોસ્તી ઘડીયાલી તરીકે કરાચીમાં શેઠ જમશેદજી રૂસ્તમજી ઘડીયાલીએ આવીને વસવાટ કર્યો હતો. પાછલથી એઓએ પોતાનો ઘડીઆલીનો ધંધો છોડી દઈ દારૂની દુકાન ચલાવા માંડી. એઓએ દોખમા આગલ નલ લેવા માટે રૂ. ૨૩૦૦ આપ્યા હતા. એ સીવાય એ શેઠ માટે કશી જાણવાજોગ નોંધ મળતી નથી, પણ એવણના નામને યાદગાર કરનાર અને દીપાવનાર એઓના ભાઈના છોકરા શેઠ હોરમજી હતા, કે જેઓને એવણે પોતાના પાલક કરી લીધા હતા. આ કોઈજ નહી પણ કરાચીના જાત પરજાતમે મોહે રમી રહેલા પેલા મશહુર શાહ સોદાગર શેઠ એચ. જે. રૂસ્તમજી છે.


પારસી નામ દિપાવનાર વિરલો.

શેઠ એચ. જે. રૂશતમજી માટે અત્રે ટુંકમાં નોંધ લેવી ઘણીજ મુશકેલ છે. આ શાહ વેપારી જરથોસ્તીની જાહોજલાલી અને દોર દમામનું વર્ણન કરવા માટે એક જુદું પુસ્તક રચાવું જોઇએ, એટલું છતાં મારાથી બને એટલી ટુંક રીતમાં જરથોસ્તીઓનું નામ દિપાવનાર આ વિરલા ગ્રહસ્થ માટે હું થોડા વધારે શબ્દો લખીશ.

શેઠ હોરમજી જમશેદજી રૂશતમજી સાત વર્ષની વયે કરાંચી આવ્યા હતા. સ્કુલમાં શીખવાના વખતથીજ એઓની ભારે ચંચળાઇ જણાઈ આવી હતી અને તે વખતના કમીશનર સર બારટલનું એમણે ત્યારથીજ ઘણું ધ્યાન ખેંચ્યું હતું. ૨૦ વરષની વયે તેમને વેપાર કરવાનું શરૂ કીધું અને તેનું મંડાણ એવા શુભ ચોઘડીએ નાખ્યું કે તેઓ પોતેજ સુખી થયા નહીં પણ પોતાની આસપાસનાઓ અને પોતાની કોમને પણ ફાયદો પહોંચાડયો હતો. ભલી ભલી યુરોપ્યન વેપારી પેઢીઓ મરહુમને માન આપતાં શીખી હતી. મરહુમે સેંકડો જરથોસ્તીઓને માત્ર એકજ ચીઠીથી ધંધે રોજગારે લગાડયા હતા. બંદર રોડ ઉપર એક નાના ગામડાં જેવું આલીશાન સુંદર મકાન મરહુમે પોતાની ઓફીસ માટે ખાસ બાંધ્યું હતું, જેમા ઓફીસ અને ગોડાઉન વચે માલ લાવ લઇજાવ કરવા માટે ખાસ નાની ત્રામ ગાડીઓની ગોઠવણ કરી હતી. મુંબઇના નામદાર ગવરનર લોર્ડ હેરીસે આ ગંજાવર ઇમારતની જાતી મુલાકાતનું માન આપ્યું હતું. હાલમાં આ ઇમારતના માલેક જાણીતા વોહરા વેપારી શેઠ આદમજી લુકમાનજી છે, જેઓએ તે નવ લાખમાં ખરીદી હતી. મરહુમ ગમે તેવા શ્રીમંત હતા, ધંધો ધમધોકાર ચીકતો હતો, છતાં તેઓમાં મગરૂરીનો એક ઝાખો ઓળો પણ નહીં હતો. મરહુમ પોતે જાતે સહવારથી સાંજ સુધી એક કલારકની માફક ગધાઈ વઇતરૂ કરતા હતા અને મોટા શેઠયા થઇને ખુરશી તકીએ નહીં બેસતા હતા. મરહુમ ૧૮૭૬માં વેપાર અરથે યુરોપની મુસાફરીએ ગયા હતા અને ત્યાંના સઘળા આગેવાન શેહેરોની મુલાકાત લઇ જાણીતી પેઢીઓની કાંઇ સખ્યાબંધ એજંસીઓ લાવ્યા હતા. " બ્રીટીશ ઇંડયન કોમર્સ "ના પ્રતીનીધીએ મરહુમની લીધેલી મુલાકાત દરમ્યાન તેઓએ કાંઇક મગરૂરી સાથે જણાવ્યું હતુ કે તેઓ પોતાનું આખું ખાતું



મરહુમ શેઠ હોરમજી જમશેદજી રૂશતમજી
કરાચીના જરથોસ્તીઓનું નામ દિપાવનાર "શાહ વેપારી"



મરહુમ શેઠ નવરોજી નશરવાનજી પોંચાજી.

જેઓએ પારસી કેળવણી માટે ૧॥ લાખની રકમ સખાવતમાં આપી છે.

દેશીઓના સ્ટાફથી પુર ફતેહમંદીથી ચલાવે છે. મરહુમે એ રીતે યુરોપની એ ત્રણવાર મુલાકાત લીધી હતી અને નસીબદેવી તેઓ ઉપર એટલી બધી પ્રસન્ન હતી કે તેઓ ધુલમાંથી પૈસો પેદા કરી શકતા હતા. મરહુમનો ટપાલ લેવા માટે ઇંગ્લાંડના મેલને કેટલીકવાર ખાસ થોભાવવામાં આવતો હતો. મરહુમ ઘણા વર્ષો સુધી અત્રેની મ્યુનીસીપેલીટીના સભાસદ હતા. તેઓએ પોર્ટ ટ્રસ્ટી તરીકે ઘણો આગેવાન ભાગ ભજવ્યો હતો. મરહુમ એક જુના ફ્રીમેશન હતા, અને ફ્રીમેશન હોલમાં મરહુમની યાદગીરી માટે ૧૯૦૧ માં સુંદર લેખ સાથની એક ખાસ મારબલની તખતી મારવામાં આવી છે. મરહુમને નેવલ વોલંટીયર બ્રીગેડના પહેલા ઓનરરી મેમબર થવાનું માન મળ્યું હતું. મરહુમ તા. ૧૩મી ફેબરવારી ૧૮૯૯ને દીને આ ફાની જેહાન તજી ગયા હતા અને એઓની જાહોજલાલીનો સુરજ તેજ દીવસથી ગોયા અસ્ત પામ્યો હતો, જો કે મરહુમનું નામ હજુ પણ કરાચીમાં શું નાના કે મોટાં યાદ કરે છે.

ટીચર્સ ગીલ્ડના પેહેલા સભાસદ.

મુંબઈના જાણીતાં ચોકા ઘડીયાલીના ખાનદાનવાલા શેઠ દીનશા પેશતનજી ઘડીયાલી પેહલાં ગામડી દારૂની દુકાન ધરાવતા હતા. પાછલથી અત્રેની પારસી વીરબાઈજી સ્કુલના હેડ માસ્તર હતા. મરહુમ અંગ્રેજી અને ગણીત ઉપર ઘણો ભારે કાબુ ધરાવતા હતા. ગણીતના તો તેઓ ખાં ગણાતા હતા. આપણા જવાન્યાઓમાં એક એવોજ ધખારો છે કે ગણીતમાં હિંદુઓજ ઉંચા નંબરે પસાર થઈ શકે છે અને તેથી તે ઉપર ઘણું ઓછું ધ્યાન આપી તેઓ મોટે ભાગે પરિક્ષાઓમાં એજ વિષ્યમાં ફેલ થાય છે. મરહુમ મી. ઘડીયાલી આજના જવાન્યાઓને એ બાબતમાં સારો ધડો પુરો પાડે છે કે ખંત અને ઉલટથી કાંઈ પણ કામમાં જરથોસ્તી બચ્ચો ખાંડયો જતો નથી. મરહુમને તા. ૪થી ઓગસ્ટ ૧૮૮૮ને દીને લંડનની ટીચર્સ ગીલ્ડના સભાસદ થવાનું અસાધારણ માન મળ્યું હતુ. મરહુમ એક ચુસ્ત ફ્રીમેશન હતા અને ઘણા મળતાવડા સ્વભાવના હતા.

પેહેલા સરકારી મેલ કોનત્રેકટર.

શેઠ દીનશા માણેકજી મીનવાલા પેહેલાં મુંબઇ અને પછી ૧૮૪૮ ના સાલથી કરાચી રોયલ આરટીલરીમાં હેડ કલાર્ક હતા. તેઓ પોતાના એ ઓધાને સબબે ગનતરૂપવાલાની અટકે પણ ઓળખાતા હતા. ૧૮૪૯ માં મુલતાનની લડાઈ વખતે મરહુમ પોતાની આરટીલરી સાથે તે તરફ ગયા હતા. એ પછી સરકારી નોકરી છોડી ૧૮૫૨ના માર્ચ મહીનાથી કરાચીમાં મી. ડબલ્યુ ઈ. ચેમબરલેન સાથે ભાગમાં "દીનશા ચેમબરલેનની કુા." ને નામે વેપાર કરતા હતા. તે પેઢી બંધ થવા પછી ૧૮૫૭ માં એવણે સરકારી મેલનું કોનત્રેકટનું કામ હાથમાં લીધું, જે કામ કરનારા એઓ પેહલાજ હતા.

પારસી માલેકીનું પેહેલું છાપખાનું.

શેઠ દીનશાહ મીનવાળા ઉપર કહયુ તેટલુજ કામ કરીને ધરાયેલા જણાતા નથી, પણ તેઓએ ૧૮૫૯ માં "સીંધ કાસદ" નામના છાપખાના અને એજ નામના વરતમાનપત્રની ખરીદી કરી હતી અને પારસી માલેકીના પહેલાં છાપખાના અને વરતમાનપત્રનો એ રીતે સીંધમાં પાયો નાખ્યો હતો. મરહુમ પારસી મેત્રીમોન્યલ કોરટના ડેલીગેટ હતા. મરહુમ પાછળથી મુંબઈ ગયા હતા, જ્યાં તા. ૧૦ મી મે ૧૮૭૦ ને દીને ગુજર્યા હતા. અત્રેના જાણીતા સખી વજુદ શેહેરી શેઠ એદલજી દીનશાહ મરહુમના બેહેનના દીકરા થતા હતા, જેઓ મરહુમની સાથેજ અત્રે આવેલા જણાય છે.

મોટા પારસી જમીનદાર.

મરહુમ શેઠ એચ. જે. રૂશતમજી માટે હું આગળ કહી ગયો છું કે તેઓ પારસીઓનું નામ દીપાવી ગયા છે. એજ મુજબ મરહુમ શેઠ એદલજી દીનશા માટે હું કહી શકું. મરહુમ શેઠ એદલજી દીનશાહે પારસીઓનું નામ એક રીતે નહીં પણ અનેક રીતે દીપાવ્યું છે. કરાચીમાં પારસીઓને વધુ મશ્હુર કરનાર જો કોઈપણ હોય તો શેઠ એદલજી દીનશાહ છે. એઓની હાથેની બાદશાહી સખાવત-ખરેખર એકેએક સાચ્ચા જરથોસ્તીને મગરૂર કરનારી છે. મરહુમની ચઢતીનો સુરજ ૧૮૮૦ થી વધવા માંડયો હતો.



મરહુમ શેઠ એદલજી દીનશાહ સી. આઇ. ઇ.



મરહુમ શેઠ પેશતનજી બેરાંમજી કોટવાલ



મરહુમ શેઠ દોસાભાઇ બેરામજી મીનવાલા

એઓ શરૂઆતમાં નાના પાયા ઉપરથી વધ્યા હતા: બીજી અફઘાન લડાઈ વેળા એઓએ મોટાં મોટાં કોનટ્રેકટો લેવાનું શરૂ કર્યું અને તેમાં ઠીક નાણું જમા કર્યા, જે પછી તેઓએ જમીનમાં પોતાનો હાથ અજમાવ્યો અને મોટે ભાગે પોતાનું નાણું જમીનમાં રોકવા માંડયું. મરહુમ હમેશાં એવું કહેતા કે આજે જમીનમાં રોકેલો પૈસો આવતાં વર્ષોમાં ત્રણ ગણો થશે. મરહુમની આઘાહી આજે બોલેબોલ ખરી પડી છે, એટલુંજ નહી પણ જમીનના ભાવ આજે ઘણા વધી ગયા છે અને હજુ વધતાજ જાય છે. શેઠ એદલજી દીનશાહના જેટલી જમીન કોઇએ પણ મેલવી નહી હશે. એઓ કરાંચીના "Premier Landlord" ગણાતા હતા અને આજે પણ કરાંચીમાં એઓની જમીન અને મકાનો કાંઈ સુમાર વગરના છે. મરહુમ ઘણા દુર અંદેશ હતા. લડાઈ વેળા સરકારની બજાવેલી સેવાથી એઓ સરકારનો ભારે વિશ્વાસ જીતી શકયા હતા અને તેથી સરકારી કોનટ્રેકટો મોટે ભાગે એઓને ફાલે જતાં હતાં. મરહુમે માત્ર જમીનો લઇનેજ સંતોષ પકડયો નહીં પણ પ્રેસો, કારખાનાંઓ અને બીજા ધંધા ઉદયોગોમાં પણ જીપલાવવા માંડયું હતું અને જયાં જયાં તેઓ હાથ નાખતા ત્યાં ત્યાં તેઓ ફતેહમંદ ઉતરતા અને ધંધામાં સારો નફો મેળવવા પામતા. કરાચીની આજની ખીલવણી મરહુમને ઘણે ભાગે આભારી છે એમ કહેવું ખોટું નથી અને આજનું કરાચી બનાવનાર પારસીઓ હતા એવી મેં આગલ જણાવેલી વીગતના ટેકામાં માત્ર મરહુમ શેઠ એદલજીનો એકજ દાખલો આગલ ફરી હું સંતોષ પકડીશ. મરહુમ શેઠ એદલજીએ આ શેહેરમાં લાખોની સાર્વજનીક સખાવત કરી પારસીઓનું નામ દીપાવ્યું હતું. એઓ શેઠે સ્થાપેલી લેડી ડફરીન હોસપીટલ અને બીજાં ધર્મનાં દવાખાનાઓ (જેની વીગત હવે પછી આપી છે) મરહુમની યાદ સદાકાલ તાજી રાખશે. મરહુમ વળી પોતાની કોમને પણ ભુલ્યા હતા નહીં. મરહુમના જીગરમાં પારસી કોમ માટે કાંઈ અજબ દાઝ હતી, અને પોતાની જીંદગી દરમ્યાન કોમને માટે ઘણા સખાવતી ખાતાંઓ ઉભાં કર્યા હતા, (જેની પણ વીગત હવે પછી આપી છે.) જેની કદરશનાશી, કોમે તેઓને માનપત્ર વગેરે એનાયત કરી કીધી હતી. મરહુમ પોતાના વીલમાં ત્રણ લાખની સખાવત લખી ગયા છે. મરહુમે બહારગામના પણ ઘણા પારસી ખાતાંઓને મદદ કરી હતી. મરહુમ કરાચી લેન્ડીંગ અને શીપીંગ કું.ના ડીરેકટર હતા. પારસી મેટ્રીમોન્યલ કોર્ટના ડેલીગેટ હતા. ઘણા વર્ષો

સુધી બારાંના ટ્રસ્ટી અને કોરપોરેશનના સભાસદ તરીકે શેહેરની ઉપયોગી સેવા બજાવી હતી. મરહુમની જાહેર સેવાઓની પીછાનમાં ૧૮૯૯ માં સી. આઇ. ઈ. નો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો, જે ખેતાબ કરાચીમાં મેળવનાર તેઓ પહેલાજ હતા. ૧૯૦૩ ના સાલમાં મરહુમને સીંધ આરટીલરી વોલંટીયર કોરના ઓનરરી મેમબર તરીકેનું માન આપવામાં આવ્યું હતું, જેનું માન દેશીઓમાં મેળવનાર પણ એઓ પહેલાજ હતા, જે પછી એજ સાલમાં મી. મેરવાનજી રૂસ્તમજીને પણ એ માન મળ્યું હતુ. મરહુમ વેલાયત જતાં માર્ગમાં પોર્ટસેડ આગલ દર્યામાં તા. ૮મી મે ૧૯૧૪ ને દીને ગુજર્યા હતા.

શેઠ હોરમજી સોરાબજી કોઠારી.

સુરતથી ૧૮૪૬ માં અત્રે આવેલા બીજા જરથોસ્તી શેઠ કોઠારી હતા. એઓ પોતાના પીતાજી સાથે આવ્યા હતા. કરાચીમાં આવવા પછી લશકરી અને બીજાં કોનટ્રેકટોમાં હાથ અજમાવ્યો હતો. ૧૮૪૬માં કોલેરા જ્યારે અત્રે જોશમાં ફેલાયો ત્યારે લોકોને શેરી અને શેમપેન એઓએ મુફ્ત પુરો પાડયો હતો. તેજ માફક ૧૮૬૭ માં ગરીબ ભીખારીઓને કકડતી થંડીમાં એકેકો બનાતનો મોટો કટકો ભેટ આપ્યો હતો. એવણ દુઃખીઓ તરફ ઘણી સારી લાગણી ધરાવતા હતા અને ગરીબો માટે એઓના જીગરમાં ઘણી દાઝ હતી, કે જે ગુણ એઓના બેટા તે આપણા જાણીતા શેહેરી શેઠ જાંગીર કોઠારીમાં ઈંચે ઈંચ ઉતરેલો છે અને જે તેઓએ છેલ્લાં ઇન્ફ્લ્યુએન્ઝાના હુમલા વેળા બતાવેલી ઉદાર લાગણી ઉપરથીજ જણાઈ આવે છે. મરહુમ શેઠ હોરમજી કોમી કામોમાં પણ ઘણો સારો ભાગ લેતા હતા. ૧૮૭૫ માં સદરની દરેમેહેરની ફરતી દીવાલ ધરખમ દરવાજા સાથે એવણે બંધાવી આપી હતી. અંજુમનનું દોખમું બનાવવામાં આગેવાની લીધી હતી. પારસી મેટ્રીમોન્યલ કોર્ટના એઓ ડેલીગેટ હતા. કરાચીમાં પેહલ વહેલાં ખજુરાં ઉગાડનાર અને તાડી જેવાં નીર્દોષ પીણાંની લોકોને લેહેઝત ચખાડનાર એઓ હતા. એ શેઠના બાબતમાં એક કમનસીબ બનાવ ૧૮૬૨ ના સાલમાં બન્યો હતો, કે જે વર્ષમાં તા. ૧૮ મી સપટેંબરને દીને એઓ સુરતથી પોતાના બાલબચ્ચાં વગેરે ૯ માણસોના કુટુંબને લઇને મુંબઈ આવવા સ્ટીમર "મહારાજ" ઉપર જવા માટે નદી કીનારેથી મછવામાં નીકળ્યા, ત્યારે રસ્તામાં મછવો અકસ્માત ઉંધો વળવાથી એઓનો ૧૧ વર્ષનો એક બેટો, ૭ વર્ષની છોકરી

અને ૮ વર્ષની ભાણેજ મળી ત્રણ જણા ડુબી ગયાં હતાં, અને બાકીના મુશકેલીથી બચ્યાં હતાં. પાછલથી એજ લાશો હાથ લાગી હતી અને બાપડા છોકરાની લાશનો કશો પ-તો મળ્યો નહીં હતો. મરહુમ ૧૪ મી જુલાઈ ૧૮૭૬ને દીને ગુજર પામ્યા હતા.

પહેલા પારસી દુબાશ.

પારસીઓએ કોઈ ધંધો બાકી રાખ્યો નથી અને પારસીઓના આગલા વડવાઓ જે જે ધંધામાં દીપી નીકળ્યા હતા, તથા જે જે ધંધાઓમા સારૂં નાણું પેદા કરી કેટલાંક સખાવતી અને પરગજુ કામો કર્યાં હતાં, તેમાં દુબાશનો ધંધો પણ મુખ્ય જગા રોકે છે. હજુ સુધી ઘણા જરથો-સ્તીઓ પોતાના બાપદાદાના એ માનવંત ધંધાને વળગી રહયા છે અને તેની બરકતથી ઉજળા વાજળા થઇને ફરે છે. કરાચીમાં પેહેલા જરથોસ્તી દુબાશ તરીકે શેઠ હોરમસજી પેસતનજી શરાફનું નામ મળે છે. એ શેઠ મુંબઇમાં દુબાશનું કામ કરતા હતા જ્યાંથી ૧૮૫૨ માં કરાચી આવ્યા હતા. મેસર્સ નીકલની કું. અને ફીનલે કલાર્કની કું, હસ્તકના વહાણો તથા સ્ટીમરોના દુબાશનું કામ મરહુમ કરતા હતા. મરહુમ ઓલબર્ટ પ્રેસ કું. કરાચીના એક ડીરેકટર હતા અને શેહેરના તથા સઘળા કોમી કામોમાં આગેવાની લેતા હતા. મરહુમે ૧૮૬૬ માં શેઠ શાપુરજી હોરમજી સોપારી-વાલા સાથે મળીને કેંપમાંનું નસાખાનું સમરાવ્યું હતું. એમનું મરણ તા. ૨૨ મી જુલાઈ ૧૮૭૨ ને નીપજ્યું હતું.

બીજા પારસી દુબાશો.


પારસીઓના દુબાશના ધંધાને માટે જ્યારે હું વીવેચન કરૂં છું ત્યારે બીજા પારસી દુબાશો વિષે પણ અત્રેજ નોંધ લઈ હું આગલ ચાલીશ. બીજા પારસી દુબાશ તરીકે શેઠ ભીખાજી પટલનું અને શેઠ જીવાજી ઢોંડી અથવા લોર્ડનું નામ મળે છે પણ તેઓના સંબંધી કશી જાણવાજોગ હકીકત મળી નથી. એટલુંજ કે તે વેળા શીપીંગનો ભાવ દર ટને રૂ. ૧–૪–૦ જેટલો હતો, અને એ ધંધામાં પડેલા જરથોસ્તીઓ તેમાંથી સારૂં નાણું પેદા કરી પોતે અમન ચમન કરવા ઉપરાંત ઘણા સખાવતી કામો કર્યાં હતાં.

શેઠ પેસતનજી ભીખાજી.

દુબાશના ધંધામાં નામ કાઢનાર જરથોસ્તીઓમાં શેઠ પેસતનજી ભીખાજીનું નામ પણ આગેવાન જગા રોકે છે. એ શેઠ ૧૮૫૫ માં અત્રે આવેલા જણાય છે, અને પોતાના મરણ સુધી એજ બાદશાહી ધંધો ચાલુ રાખવા ઉપરાંત પોતાના બેટાઓને પણ તેવીજ તાલીમ આપી હતી. પોતાના પીતાજીના મરણ પછી શેઠ પીરોજશા અને માહીયારજી એજ ધંધો કરતા હતા. શેઠ માહીયારજી ૧૮૭૬ માં ગુજરી જવા પછી શેઠ પીરોજશાહે એ કામ એકલું ચાલુ રાખ્યું અને ૧૮૯૧ માં ગુજર પામ્યા તે વખતે એ ધંધાનો વારસો પોતાના બેટા શેઠ સોરાબજીને સોંપી ગયા હતા. જેઓએ પોતાના બે ભાઇઓ શેઠો જેહાંગીરજી અને બેરામજી સાથે હજુ પણ "પેશતનજી ભીખાજી"ના નામે દુબાશનો એ માનવંત પેશો ચાલુ રાખ્યો છે અને કરાંચીમાં દુબાશનો ધંધો કરનારી આગેવાન જરથોસ્તી પેઢીઓમાંની એક તરીકે સારી નામના મેળવી છે. શેઠ પીરોજશા કોમી કામોમાં ઘણી સારી ઉલટ લેતા હતા અને હાજતમંદ ખાતાંઓને તેમનો ઘણો ઉદાર આશરો હતો. આ ઉમદા ગુણ તેઓના બેટાઓમાં ઇચેઇચ ઉતરેલો જણાય છે અને કરાચીના દરેક હાજતમંદ ખાતાંઓને તેઓ વખતો વખત સારી મદદ કરતા રહે છે.

અંગ્રેજ દુબાશના પારસી ભાગ્યા.

સુરતથી કરાચી ધંધા અર્થે આવેલા આગલા જરથોસ્તીઓમાં શેઠ જીવનજી પી. દુબાશનું નામ પણ મળે છે. એ શેઠ પહેલાં સીંધ પંજાબ રેલ્વેમાં કલાર્ક તરીકે નોકરી રહ્યા હતા. એ પછી પોતાના પીતાજી અને ભાઇ સાથે માહીયારજી એન્ડ સન્સની દુબાશની પેઢીમાં ભાગ્યા તરીકે જોડાયા હતા. તે પેઢીમાંથી જુદા થઇને એઓએ મી. ફીગરટોક સાથે ભાગમાં ધંધો કરવા માંડયો, જે પેઢી ફીગરટોક જીવનજીને નામે તે પછી ઓળખાવા લાગી. મરહુમ શેઠ જીવનજીએ ૪૫ વર્ષ સુધી એજ નામે કામ ચાલુ રાખ્યું હતું અને આજે પણ તેમના બેટાઓ એજ નામે ધંધો કરે છે. અત્રે પારસી દુબાશોની કેટલી પેઢીઓ છે તેનું લીસ્ટ હવે પછી આપ્યું છે.




મરહુમ શેઠ શાપુરજી હોરમસજી સોપારીવાલા



મરહુમ શેઠ જીવનજી બરજોરજી ઘડીયાલી



મરહુમ શેઠ માણેકજી ખરશેદજી માદન



મરહુમ શેઠ નાનાભાઇ ચાનજીભાઇ
કરાચીના પેહલા અને જુના વકીલ.



મરહુમ શેઠ બેરામજી એદલજી કલેકટર.

પારસી ટેક્ષ કલેકટર.

શેઠ બેરામજી એદલજી ૧૮૫૪ માં અત્રે આવ્યા હતા. એઓ પેહેલાં અત્રેના સોલજર બજારમાં, બજાર માસ્તર અને પોલીસ ટેક્ષ કલેકટર તરીકેનો ઓધો ધરાવતા હતા. પાછળથી કોમીસરીયટના કોન્ત્રેકટો લેવા માંડયાં અને તે બાદ વાઈન અને જનરલ સ્ટોર્સની મોટી દુકાન કાઢી હતી. જે આજે પણ એજ નામે ચાલે છે. એઓ શેઠ ટેક્ષ કલેકટર હોવાથી ધંધાની ઓળખ ઉપરથી એઓની અટક "કલેકટર" પડી ગઈ હતી. કરાચીના કલેકટર કરનલ લૅંબર્ટે "બેરામજી કલેકટર"નું નામ વારંવાર સાંભળતાં એકવાર ખાસ પુછપરછ કરી હતી કે "કરાચીનો કલેકટર તો હું છું ને એ બેરામજી એદલજી "કલેકટર" કોણ છે?"

પારસી કેળવણીના પીતા.

શેઠ શાપુરજી હોરમજી સોપારીવાલા જેઓને "પારસી કેળવણીના પીતા"ની હું ઉપમાં આપું છું, તેઓ ૧૮૫૪ માં અત્રે આવ્યા હતા. એઓ શેઠ પેહેલાં મી. ડબલ્યુ. ઈ. ચેમબરલેનની પેઢીમાં એસીસટંટ હતા, જે પછી કોમીશરીયટ ખાતાનું કોન્ત્રેકટ લેતા હતા. એમનું કામ મોટે ભાગે સોલજરોના બેડીંગ પુરાં પાડવાનું હતું. જે પછી બીજી દીશાએ નજર દોડાવી પોતાનું કામકાજ ઘણું વધારી દીધું હતું. એઓ ઘણા ભલા ખવાસના અને મીલનસાર સ્વભાવના હતા અને લોકોનું સારૂં માન અને ચાહ ધરાવતા હતા. કરાચીમાં પારસીઓને લગતાં ઘણા કામોમાં આગેવાની લીધી હતી, અને પોતાના સખાવતી દીલગુરડાને લીધે દરેક કામમાં ઘણી સારી મદદ કરતા હતા. ૧૮૫૭ માં દોખમા આગળ એઓએ એક સગડી બંધાવી આપી હતી, જેના ઉપર કશી તખતી મારવામાં આવેલી જણાતી નથી. ૧૮૬૬ માં નસાખાનાનું મકાન શેઠ હોરમજી દુબાશ સાથે મળીને સમરાવ્યું હતું. "પારસી વીરબાઈજી સ્કુલ" (જેની વીગત હવે પછી આપી છે) ના મરહુમ સ્થાપક હતા, જે તેઓએ પોતાના મરહુમ ધણીઆણીને નામે સ્થાપી હતી, અને આજે કરાચીના પારસીઓમાં મરહુમનું નામ આ સ્કુલને લીધે વધારે માન પામેલું અને જાણીતું થવા પામ્યું છે અને હવે પછી જમાનાઓ સુધી તે યાદગાર રહેશે. મરહુમ ઘણા ધર્મી, દયાળુ દીલના અને શુખ્ખા

ગ્રહસ્થ હતા. ગરીબોને ઘણી સારી છુપી મદદ કરતા હતા. મરહુમે ૧૮૮૮ માં એક નીરાશ્રીત ફંડની સ્થાપના કરી હતી. મરહુમે ધંધો ઘણો પગભર કરવા પછી પોતાના બેટાઓને "મેસર્સ ખરશેદજી અને જમશેદજી સોપારીવાલાની કું."ને નામે વહીવટ સોંપી પોતે રીટાયર્ડ થયા હતા અને ૭ વર્ષ સુધી હીંદુસ્તાનમાં મુસાફરીએ નીકળ્યા હતા. હજુ મરહુમના બેટા શેઠ જમશેદજીએ પોતાના બેટાઓ અને ભત્રીજાઓ સાથે એજ નામે વેપાર ચાલુ રાખ્યો છે અને પોતાના મરહુમ પીતાજીની કીર્તી જાળવી રાખી છે. મરહુમ શેઠ શાપુરજીએ ૧૮૬૯ ના સાલમાં રતન તલાવ આગળ એક મોટો કુવો પોતાના માતાજી મરહુમ બાઈ હીરાબાઈ (જેઓ મુંબઈમાં તારીખ ૨૫-૬-૧૮૬૮ ને દીને ગુજર્યાં હતાં) ના પુનને માટે બંધાવી લોકોને વાપરવા ખુલ્લો મેલ્યો હતો, જે આપણી મ્યુનીસીપેલીટીએ પુરાવી નાંખ્યો છે અને આજે તેનું નામ નીશાન નથી. તા. ૧ લી જાનેવારી ૧૮૭૭ ને દીને મરહુમ નામદાર મહારાણી વીકટોરીયાએ "કયસરે હિન્દ"નો ખેતાબ ધારણ કર્યો તેની ખુશાલીમાં વેહેંચાયલા ખેતાબોમાં મરહુમ શેઠ શાપુરજીને વફાદારીની સરટીફીકેટ એનાયત કરવામાં આવી હતી, જે મેળવનાર તેઓ પેહેલાજ હતા. મરહુમ તા. ૨૬ મી માર્ચ ૧૮૯૫ ને દીને ગુજર્યાં હતા. મરહુમના મરણને માટે અંજુમને દીલગીરી બનાવી મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવા ઉપરાંત ૧૮૯૭ માં સદરની દરેમેહેરમાં મરહુમની એક સબી મુકાવી હતી, જે શેઠ પેશતનજી કોટવાલે ખુલ્લી મેળી હતી.

પારસી "બેરન ઓફ મલીર."

બાગ બગીચાના શોખીન એવા ઘણા જરથોસ્તીઓ કરાચીમાં થઈ ગયા છે, પણ શેઠ માણેકજી ફરામજી કોલાબેવાલાના જેવું શોખીન કોઈજ હશે. એ શેઠ પેહેલાં મોટા વાઇન મરચંટ હતા અને સઘળી રેલ્વે કેન્ટીનોનું કોન્ટ્રેકટ એઓનાજ હાથમાં હતું. કહે છે કે એમની કમાણી તે વેળા રોજની ૧૦૦ રૂપિયા જેટલી હતી, જે સઘળી તેઓ મલીર ખાતેના પોતાના બગીચા ઉપર ખરચતા હતા અને એક નમુનેદાર બાગ બનાવવા ઉપર સઘળું ધ્યાન રોકી રાખ્યું હતું. એ બાગ એટલો બધો તો સુંદર બન્યો હતો કે, દરેક યુરોપ્યનો એઓને "બેરન ઓફ મલીર" ના નામે

ઓળખતા હતા, જ્યારે પારસીઓ એઓને "મકુ બાવા" ના લાડકા નામે પીછાનતા હતા. સીંધ પંજાબ રેલ્વે જે હાલ નોર્થ વેસ્ટર્ન રેલ્વે તરીકે ઓળખાય છે તેના "કેરેજ બીલ્ડર" તરીકે એઓએ એટલો બધો સંતોષ આપ્યો હતો અને ઉપરી અમલદારોમાં એઓનો એટલો બધો લાગવગ હતો કે મલીરના એઓના બગીચા ઉપર એઓને જવાનું સેહલું પડે તે માટે મલીરના સ્ટેશનથી અરધે રસ્તે એઓને માટે ટ્રેનો ખાસ થોબાવવામાં આવતી હતી. એ શેઠના લાગવગથી ઘણા જરથોસ્તીઓ રેલ્વેમાં ગોઠવાયા હતા. એઓના બેટા ખા. સા. બરજોરજી છેલ્લાં ૧૯૦૬માં કરાચીના સ્ટેશન સુપ્રીન્ટેંડંટના જોખમભર્યા ઓધા ઉપરથી રીટાયર્ડ થયા છે

ખા. સા. હોરમસજી ખરશેદજી મામા.

શેઠ હોરમસજી ખરશેદજી મામા ૧૮૫૫ ના સાલમાં નવસારીથી તદન ગરીબી હાલતમાં અત્રે આવ્યા હતા, અને રૂ. ૧૨ ના નજીવા પગારે કોમેસરીયટ ખાતામાં નોકરીએ જોડાયા હતા, પણ જાતે ચંચલ, હુસ્યાર અને મળતાવડા સ્વભાવના હોવાથી ટુંક વખતમાં પોતાના ઉપરી અમલદારોનો ચાહ જીતી લીધો હતો. તેઓ પોતાના ૧૨ રૂ. ના નજીવા પગાર તરફ જોતા હતા નહીં પણ પોતાના કામને ચાહતા હતા અને પોતાની ફરજ જે ઓસ્ત વારી અને ખરાં દીલથી બજાવતા હતા તેથી સંતોષ પામીને થોડાજ વખતમાં તેઓને કેમારી બંદર, જેની હજુ તો શરૂઆત થતી હતી, તેના લશકરી ખાતાં તરફથી કોમીશરીયટ ઇન્સ્પેકટર નેમાયા હતા. એ શેઠની નોકરી દરમ્યાન અફગાન વોર, એબીસીન્યા વોર અને સુઆકીમ વોર જાગી હતી, જે વખતે એઓએ ઘણી સારી સેવા બજાવી હતી અને વોર ઓફીસ તરફથી એઓને ભારે શાબાશી આપવામાં આવી હતી. મરહુમ એ ઓધો ૪૫ વર્ષ સુધી ફતેહમંદી સાથે ભોગવી ૧૮૯૯ માં પેનશન ઉપર રીટાયર્ડ થયા હતા, જે વેળા એઓની સેવાની પીછાનમાં "ખાન સાહેબ" નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. મરહુમ ૮૨ વર્ષની બુઝોર્ગ વયે ૧૯૦૭ માં ગુજર્યા હતા. મરહુમ એક અચ્છા સ્પોર્ટસમેન હતા અને ખુશ મીજાજી હતા. મરનાર ક્રીકેટની રમતમાં ઘણી ઉલટ લેતા હતા અને પોતાના બુઢાપામાં પણ બીલીયર્ડની રમત અચ્છી રીતે રમી શકતા હતા. ઉપરી અમલદારો અને બીજાઓ તેમના તાબુકા

ટુચકા સાંભળવાને ભારે હોંશ ધરાવતા હતા અને જ્યાં જૈતા ત્યાં jolly old man તરીકે મરહુમ પલોટાઈ જતા હતા. મરનાર ઘણા સાદા હતા અને કશી હેંકરાઈ કે મગરૂરી હતી નહીં. વળી તેઓને દુન્યાદારીનો કશો લોભ હતો નહીં. મરનાર જો ચહાતે તો ઘણા અમન ચમનમાં રહી શકતે અને મોટી જમીન અને મીલકત ધરાવતા હતે. પણ તેવણ દાલ રોટીએ સુખી રહેવાનું ઘણું પસંદ કરતા હતા અને બસ ખુશીમાં દિવસ ગયો તે તેવણુને મનથી ઘણું હતું. મરનારને પારસી જીમખાના તરફથી તારીખ ૨૦ મી સપટેંબર ૧૯૦૧ ને દીને માનપત્ર આપવાનો મોટો મેળાવડો થયો હતો. જે વેળા મેળાવડા ભેગો તેઓનો ખાસ ફોટો લેવામાં આવ્યો હતો. આ વેળા મી. આર. એચ. જે. રૂશતમજીએ ભાષણ કરી રૂા. ૨૫૦ ની કીંમતનો રૂપાના વાસણનો એક સેટ મરનારને જીમખાના તરફથી ભેટ આપ્યો હતો. મરનારની એક સબી ૧૯૦૭ માં અંજુમન તરફથી અત્રેની હીરજી કાકાની દરેમેહેરમાં ખુલ્લી મેલવામાં આવી હતી. તેમજ અત્રેની ઝોરાસ્ત્રીયન કલબમાં પણ મરનારની એક સબી મુકવામાં આવી છે. મરનાર ગરીબો તરફ સારો ચાહ ધરાવતા હતા અને ઘણાક જરથોસ્તીઓને ધંધે લગાડયા હતા. એજ ઉમદા ગુણ તેઓના બેટા શેઠ અરદેશરમાં છે. મરનારની યાદમાં સદરની દરેમેહેરમાં એક મોટો કુશાદે હોલ રૂ. ૨૫૦૦૦ ના ખરચે શેઠ અરદેશરે હમણાજ બંધાવી આપ્યો છે.

સ્ટીમર કંપનીના પારસી એજંટ.

શેઠ માણેકજી પેશતનજી તબાક જેઓ વડોદરાની પોલીસના કમીશનર તરીકે જાણીતા છે અને મુંબઇમાં પણ ભારે જાહોજલાલી ભોગવી હતી તેઓ ૧૮૫૭ યા તે અરસામાં કરાચી ખાતેની બોંબે સ્ટીમ નેવીગેશન કંપનીના એજંટ તરીકે અત્રે આવી ગયલા જણાય છે, જે પછી તેઓની વડોદરા ખાતે નેમણુંક થઇ હતી.

પારસી માસ્તર બીલ્ડરની ફતેહ.

કરાચી ખાતે બંધાયલી એક નવી સ્ટીમર "ફ્રીઅર" ને દેરાવ પરથી પાણીમાં ઉતારવાને અત્રેના દરિયાવર્ધી ખાતાના અમલદારોને ઘણી મુશકેલી પડવાથી તેઓએ મુંબઇથી કોઈ હુશીયાર માણસને મોકલવાની માંગણી કરી.

આથી નામદાર સરકારે તે કામ માટે મુંબઇની સરકારી ગોદીના એસીસ્ટંટ માસ્તર બીલ્ડર શેઠ હીરજીભાઈ મેરવાનજી વાડીઆને કરાચી ખાસ મોકલ્યા હતા. તેઓએ પોતાના અનુભવ અને કળાથી તા. ૧૮ મી નવેમ્બર ૧૮૫૭ ને દીને એ સ્ટીમરને ફતેહમંદીથી પાણીમાં ઉતારી હતી. એ ફતેહ માટે "ઇંડસ ફ્લોટીલા" ના કમાન્ડર કેપટન ઈ. ડેન્યલે તેમની ભારે પ્રસંસા કરનારો પત્ર લખ્યો હતો. કરાચીની પારસી અંજુમને પણ પોતાના જાત ભાઈની આવી ફતેહ માટે ખુશાલી બતાવવા શેઠ હીરજીભાઇને તા૦ ૨૦ મી નવેંબરને દીને એક મોટી જાહેર જીયાફત આપી માન આપ્યું હતું. શેઠ હીરજીભાઈ એ રીતે માનપાન મેળવી મુંબઈ પાછા વીદાય થયા હતા.

"સાહેબ" લખવા માટે વાંધો લેનાર જરથોસ્તી

જરથોસ્તીઓમાં તરેહવાર જાતના અને તરેહવાર વિચાર આચાર ધરાવનાર નરો થઈ ગયા છે અને કેટલાક એવા પણ ગ્રહસ્થો આ ધરતી ઉપર હસ્તી ધરાવી ગયા છે કે જેઓ પોતે જે ચીજ માનતા તેજ પ્રમાણે વરતતા હતા અને પોતે માને એક ચીજ જ્યારે તેઓનું વર્તન જુદુંજ હોય એવા હાલના કેટલાક ઢંગ ધડા વગરના આસામીઓ માફકના તેઓ નહીં હતા. આગલા વખતના શુધ્ધા અને પોતાના અંતઃકરણના અવાજ મુજબ ચાલનારા જરથોસ્તી તે શેઠ દાદાભાઈ પેશતનજી બેદવાર કરાચીમાં થઈ ગયા છે. એઓ શેઠ પે ઓફીસમાં હેડ કલાર્કનો ઓધો ધરાવતા હતા. શરતના એઓ ભારે શોખીન હતા અને તે માટે એક ખાસ ઉમદા ઘોડો પણ રાખ્યો હતો. એ શેઠને કોઇને પણ "Sir" અથવા "સાહેબ" લખવાનો મજબુત વાંધો હતો કેમકે તેઓ અંતઃકરણથી એમ માનતા હતા કે ખોદા સીવાય એ બોલ કોઇને માટે પણ વાપરી શકાય નહીં. પોતાની આ માન્યતાને એઓ છેવટ સુધી ચીવટાઇથી વળગી રહયા હતા.

શેઠ ફરામજી સોરાબજી.

ફ્રીયર રોડમાં હાલ હૈયાતી ભોગવતી મેસર્સ ફરામજી સોરાબજી એન્ડ સન્સની પુરાણી પેઢીના સ્થાપક શેઠ ફરામજી સોરાબજી શેઠના પહેલાં શેઠ

માણેકજી મેહેતાની પેઢીમાં એક કલાર્ક હતા. પણ પાછળથી એઓએ સ્વતંત્ર ધંધો કરવા તરફ ધ્યાન દોડાવ્યું અને વાઈન સ્પીરીટ તથા જેનરલ મરચંટ તરીકે શરૂઆતમાં નાના પાયા ઉપર દુકાન કાઢી, જે પાછલથી રફતે રફતે વધીને એક આગેવાન વેપારી પેઢી થઈ. એ પેઢીએ તે પછી સોદા વગેરે થંડુ પીણું બનાવવાનું એક ખાસ કારખાનું ખોલ્યું અને તેમાં પણ સારૂ નામ કાઢ્યું. તે વેલા "ફરામજી સોરાબજી"નું નામ શું નાના કે મોટાંને મોઢે ચઢી રહયું હતું, જે કેટલેક દરજ્જે આજે પણ નીભી રહયુ છે. એ શેઠના છોકરાના છોકરા શેઠ કાવશજીને સેંટ લેજરની શરતનું બીજું ઈનામ લાગ્યું હતું.

સરકારી દવાખાનાના પારસી તબીબ.

આગલા વખતમાં તબીબી પરિક્ષાઓ હાલના જેવી મુશકેલ અને ભારે હતી નહીં, તે છતાં તે વેળાનુ તબીબી જ્ઞાન મેલવનારાઓ પોતાના ધંધામાં ઘણા કુશલ હતા. એવી રીતે ૧૮૫૭ માં ગ્રાંટ મેડીકલ કોલેજમાંથી તબીબી સનદ લઈ બહાર પડેલા જરથોસ્તી ડા. બેજનજી રૂશતમજી તુરતજ સરકારી નોકરીમાં જોડાયા હતા, અને પેહેલાં ભુજ ખાતેના દવાખાનામાં તેમની નેમણુક થઇ હતી. જે પછી ૧૮૫૮ ના સાલમાં તેઓની કરાચી ખાતેના સરકારી દવાખાનામાં નેમણુંક થઇ હતી. મરહુમ ઘણા બાહોશ હતા અને પોતાની નોકરીની મુદત દરમ્યાન તબીબી બાબતને લગતાં સારાં પુસ્તકો અને નીબંધો લખ્યા હતા. તેઓએ "ગ્રાંટ કોલેજ મેડીકલ સોસાયટી" ઉપર વૈદાંને લગતા છ નિબંધો અત્રેથી લખી મોકલ્યા હતા, અને ૧૮૬૦ ના સાલમાં "દરેક માણુસનો વૈદ" એ નામનુ તંદોરસ્તીની બાબત ઉપર સુચના આપનારૂ ઘણું જાણુવાજોગ પુસ્તક ગુજરાતીમાં લખીને મુંબઇ છાપવા મોકલ્યુ હતું. મરહુમ તા. ૨૦ મી જુંન ૧૮૬૩ ને દીને અત્રે ગુજર પામ્યા હતા.

પારસી માલેકીનો પેહેલો "લીથો પ્રેસ"

છાપખાનાના ધંધામાં જોડાયલા પેહેલા જરથોસ્તી ગ્રહસ્થ માટે હું આગલ લખી ગયો છુ. "લીથો" નું કામ છાપખાનાની એક બીજી શાખા

છે, જે કામ પેહેલ વેહેલું અત્રે દાખલ કરનાર પણ એક જરથોસ્તીજ હતા, એમ અત્રે નોંધ લેતા મને ઘણી ખુશી ઉપજે છે. આ જરથોસ્તી ગ્રહસ્થ જેઓ શેઠ અરદેશર માનેકજી અથવા માનેકશાહના નામથી ઓળખાતા હતા તેઓને માટે કહેવાય છે કે તેઓએ રૂ. ૬૦૦ માં એક લીથો પ્રેસ અત્રે ખોલ્યો હતો, જે પાછળથી તેમને વેચી નાંખ્યો ત્યારે તેના ૬૦ હજાર રૂપિયા ઉપજેલા કહેવાય છે. ૭ હજાર લખવાને બદલે એક મીડું વધારે લખાઇ ગયું છે કે કેમ તે હું કહી શકતો નથી પણ મને મળેલી નોંધમાં ૬૦ હજારની રકમ ખુલ્લી જણાવી છે એટલે એક તવારીખી બીના તરીકે અત્રે રજુ કરવાની મારી ફરજ છે. એ શેઠના છોકરા શેઠ જમશેદજી અને દીકરાના દીકરા શેઠ ખરશેદજી અત્રેની મેસર્સ મેકઇવરની કું. માં કલાર્ક હતા. શેઠ ખરશેદજીએ પાછળથી ગાડીખાતાંની અગ્યારીમાં એક હોલ બાંધવા રૂ. ૧૨૦૦ ભેટ આપ્યા હતા.

શેઠ નાનાભાઇ સ્પેન્સર.

ડા. કેખશરૂ સ્પેન્સરના પીતાજી શેઠ નાનાભાઈ અત્રે ૧૮૫૯ યા તે પછી અત્રે આવેલા જણાય છે. એ શેઠ અત્રેની એનજીન્યરની ઓફીસમાં કલાર્ક હતા, પણ પાછળથી શેઠ પેસતનજી કોટવાલને ખાનગી શીક્ષણ આપતા હતા. એઓએ થોડો વખત વીરબાજી સ્કુલમાં માસ્તર તરીકે પણ કામ કરેલું કહેવાય છે.

રતન તલાવ આગળ બીજો કુવો.

શેઠ શાપુરજી સોપારીવાલાએ રતન તલાવ આગળ એક કુવો બંધાવી આપવાની વીગત હું આગળ આપી ગયો છું. પણ તેની આગમજ એટલે તા. ૧ લી જુન ૧૮૬૧ ને દીને એજ તલાવ આગળના મેદાનમાં બાઈ જીવનબાઈ તે મરહુમ શેઠ દાદાભાઈ શાપુરજી કોઠારીના વિધવાએ પોતાના ખાવીંદની નેયતે એક કુવો બંધાવી આપી ખાસ પારસીઓના વપરાશ માટે ખુલ્લો મેલાવ્યો હતો. એ કુવો પણ મ્યુનીસીપેલીટીએ પુરી નાંખેલો છે અને તેનું નામ નીશાન રહયું નથી.

પેહેલા પારસી વડા ઇજનેર.

શેઠ અરદેશર ખરશેદજી વાડયા જેઓ પેહેલાં મુંબઇમાં સરકારી ગોદીના વડા ઇજનેરનો ઓધો ભોગવતા હતા, તેઓ રીટાયર્ડ થઇ ઇંગ્લંડ જઇ રહયા હતા, પણ અત્રે કોઇ બાહોશ ઇજનેરની જરૂર પડવાથી નામદાર સરકારે તેઓને કરાચીની "ઇંડસ ફલોટીલા કંપની" ના ચીફ રેસીડંટ ઇજનેર તરીકે ૭૬૦ પોંડના વારસીક લવાજમે નેમણુક કરી હતી. એ ઓધો બે વર્ષ સુધી ભોગવી તેઓ પાછા વીલાયત ગયા હતા.

એજ અરસામાં શેઠ હોરમજી પંચ નામના ગ્રહસ્થ જેઓ રોયલ ઇન્ડીયન મરીનની સરટીફીકેટ ધરાવતા હતા, તેઓએ ઇંડસ વેલી સ્ટીમ ફલોટીલાના પેહેલા ઇજનેર તરીકે ઓધો ભોગવવાની વીગત મળે છે.

પેહેલા પારસી વોલંટીયરો.

પારસીઓને વોલંટીયર પલટણમાં દાખલ કરવાની મુંબઇના શેઠીયાઓએ બે વખત અરજી કરવા પછી આખરે તા. ૧૧ મી સપટેમ્બર ૧૮૬૧ ને દીને હીંદુસ્તાનના નામદાર ગવરનર જનરલ તરફથી એવો જવાબ ફરી વળ્યો હતો કે "દેશી ગ્રહસ્થોની જુદી વોલંટીયર કોર કરવાનુ જરૂરનું દીસ્તું નથી પણ અગરજો કોઇબી આબરૂદાર દેશી અંગ્રેજી ભાષા બોલી જાણતો હોય અને જેને યુરોપ્યન સીપાહીગીરીનો પોશાક પેહેરવાને કશી અડચણ નહીં હોય તો તેવા સખશને યુરોપ્યન વોલંટીયરોની સંઘમાં દાખલ કરવાને કશી અડચણ નથી." આ ઉપરથી એ દીવસથી મુંબઇમાં થોડા પારસીઓ વોલંટીયરો તરીકે જોડાયા, તેજ પ્રમાણે કરાચીમાં પણ પારસીઓએ આ મળેલી છુટનો લાભ લીધો. કરાચીમાં જોડાયલા પેહેલા વોલંટીયરો તરીકે નીચલાં નામો મળે છે:—

શેઠો માણેકજી ફરામજી કોલાબેવાલા, કાવશજી ફરામજી મીસ્ત્રી, અરદેશર ગુસતાદજી કોહીયાર, બેરામજી કાવશજી મેસમેન, પેશતનજી બેરામજી કોટવાલ, મેરવાનજી બમનજી ઇજનેર, હોરમજી જમશેદજી ઘડીયાળી, હોરમજી શાપુરજી ચીકલી, બમનજી ફરામજી મેહેતા, દીનશાહ પેશતનજી નાજર, પેશતનજી દારાભાઇ પોસ્ટ માસ્તર અને જમશેદજી પેશતનજી સરવેયર.



શેઠ હોરમજી માણેકજી ખજુરીના.

વોલંટીયરીંગનો લોંગ સરવીસ મેડલ પેહેલ વેહલો મા. ખજુરીનાએ મેળવ્યો હતો.





પારસી વોલંટીયરોને લગતા દેખાવો.

૧૯૧૫ ના સાલમાં કેંપ ઑફ એકસરસાઈઝ વેળા ઉપલા ફોટામાં વોલંટીયરો ખાઈ ખોદતા નજરે પડે છે, જ્યારે ખાઈ ખોદીને પરવાર્યા પછીનો દેખાવ નીચલો ફોટો રજુ કરે છે.

વોલંટીયરીંગની ખરી શરૂઆત

એવું જણાય છે કે ૧૮૬૧ માં મળેલી આ છુટ થોડાજ વખત ભોગવવા દેવામાં આવી હતી, અને દેશીઓને વોલંટીયરો તરીકે દાખલ કરવાનું એકાએક બંધ કરવામાં આવ્યું હતું. પાછળથી ૧૮૮૩ માં બ્લુચીસ્તાન મધેના કેટલાક જરથોસ્તીઓએ આ સવાલ પાછો ઉપાડી લીધો અને કેટલાક યુરોપ્યન અમલદારોની મેહેરબાંની ભરી મદદથી પારસીઓને વોલંટીયરો તરીકે પાછા દાખલ કરવામાં આવ્યા, જે હક એકલા પારસીઓનેજ બક્ષવામાં આવેલો જણાય છે, અને તે પણ માત્ર બ્લુચીસ્તાનમાં વસનારાઓનેજ મલ્યો હતો, જ્યારે હીંદના બીજા શેહેરોમાં એ છુટ આપવામાં આવી નહી હતી. ખા. બા. દીનશા ખંબાતા જેઓએ પારસીઓને વોલંટીયરો તરીકેનો હક અપાવવામાં જબરી લડત ચલાવી હતી, તેઓને બ્લુચીસ્તાન કોરમાં ૧૮૮૪ માં કમીશન મલ્યું અને પુના બદલી થતાં તુરતજ તેમને પારસીઓને વોલંટીયરો તરીકે દાખલ કરવાનો સવાલ જોસભેર ઉપાડી લીધો અને કેટલીક મુશકેલી પછી ૧૮૯૦ માં પારસીઓને પુના વોલંટીયર કોરમાં દાખલ કરવામાં આવ્યા. આ ઉપરથી કરાચીવાસી પારસીઓએ સીંધ કોરમાં વોલંટીયરો તરીકે જોડાવાની માંગણી કરી, પણ તે સામે ઘણી વિરૂધતા ઉભી થઈ. આખરે તે વખતના કલેકટર કરનલ ફોર્ડ અને વોલટીયર ઓફીસર મી. નીકોલ્સની મહેરબાંની ભરી મદદથી ૧૮૯૪ ના એપ્રેલ મહીનામાં અત્રેના પારસીઓને પાછા વોલંટીયરો તરીકે જોડવામાં આવ્યા અને પેહેલાંજ ૧૭૦ ની સંખ્યામાં પારસીઓ સીંધ વોલંટીયર રાઇફલ્સમાં જોડાયા. એ સંખ્યા વધીને છેક ૨૬૦ સુધી ગઈ હતી, પણ આજે વસ્તી વધવા છતાં તેની સંખ્યા ઘટીને ૧૫૦ ઉપર આવી છે. વોલંટીયર કોરમાં અત્રે આગલ બે જરથોસ્તી ઓફીસરો થઇ ગયા છે:—કેપટન જાંગીર હો. કોઠારી અને લફટનંટ મરહુમ બેરામ એચ. જે. રૂસ્તમજી.

"લોંગ સરવીસ મેડલ" મેળવનાર પારસીઓ.

વોલંટીયર કોરમાં પારસીઓ જોડાયા પછી, તેઓએ જાતી ચંચળાઇ અને વફાદારીભરી સેવાથી પોતાના ઉપરી અમલદારો ઉપર ઘણો સારો છાપ બેસાડયો હતો, જે કારણને લીધે છેલ્લી લડાઈ વેળા જોખમભરી ફરજો ઉપર ખાસ પારસીઓનેજ નેમવામાં આવ્યા હતા. પારસીઓએ

વોલંટીયર તરીકે જોડાવા પછી કરાચીમાંથી લોંગ સરવીસ મેડલ પેહેલો મેળવનાર તરીકે શેઠ હોરમજી માણેકજી ખજુરીનાનું નામ મળે છે. શેઠ ખજુરીના ઉપરાંત નીચલા જરથોસ્તીઓને પણ એ ચાંદ મળ્યો છેઃ—

ક્વારટર માસ્તર સારજન્ટ જેહાંગીર કાવસજી., કલર સારજન્ટ રૂશતમજી કાવશજી; સારજન્ટ ગુસ્તાદ એમ. દીનશા; સારજન્ટ બેરામ પી. બરડી; સારજન્ટ કુવરજી ખંબાતા; સારજન્ટ ફ્રામરોજ એપ. દસ્તુર; સારજંટ પીરોજશાહ એપ. મીનવાલા; લેન્સ કોરપોરલ રૂશતમજી એફ. મીનવાલા; પ્રાઇવેટો શેહેરીયાર કાવશજી; પીરોજશા એફ. દુબાશ; કેખશરૂ કુવરજી ખંબાતા; બેરામજી બી. દારૂખાનાવાલા; બમનજી ટી. ગોળવાલા; દીનશા આર. કરંજીયા; જાંગીર એપ. પંથકી; પીરોજશા જે. દરોગા; માણેકજી ખરશેદજી; બરજોર એસ. મોબેદ અને એન. ગોરવાલા; પ્રાઇવેટ રૂશતમ એફ. હાથીરામને એ ચાંદ આપવાની ભલામણ થઈ છે.

જરથોસ્તી વોલંટીયર ઓધેદારો.

૨૩ મી સીંધ બેટેલ્યન ઇન્ડીયન ડીફેન્સ ફોર્સ ૧૦૮ માં હાલમાં નોન કમીશન્ડ ઓફીસરો તરીકે નીચલા જરથોસ્તીઓ છેઃ–

સ્ટાફ સારજન્ટ ઇન્સત્રકટર જેહાંગીર ડી. વકીલ; ક્વારટર માસ્તર સારજન્ટ શેહેરીયાર દાદાભાઈ; સારજન્ટ બેરામ પી. બરડી; સારજન્ટ જાંગીર એપ. કોટવાલ; સારજન્ટ હોમી જે. ઇરાની; સારજન્ટ ફરામરોજ એપ. દસ્તુર; કોરપોરલ દીનશા નાદીરશા; કોરપોરલ દોરાબ એપ મીનવાલા; કોરપોરલ બેરામ પી. મીનવાલા; લેન્સ કોરપોરલ કેકુ પી. ટંગરા; લેન્સ કોરપોરલ કેખશરૂ સી. ખંબાતા; અને લેન્સ કોરપોરલ ફરામ એસ. કેપટન.

ઇમપોર્ટ એક્ષપોર્ટની પેહેલી પારસી પેઢી

૧૮૬૪ યા તે અરસામાં શેઠો બમનજી તાચીની કુ.એ એક્ષપોર્ટ અને ઇમપોર્ટનુ કામ પેહેલવેહલુ અત્રે દાખલ કરેલું જણાય છે. એ પેઢી ક્યાં સુધી ચાલી હતી તે વગેરે બીજી કશી હકીકત મળતી નથી.

ભાડુતી ગાડીની પહેલ કાઢનાર પારસી

કરાચીમાં પારસીઓએ દરેક કામની આગેવાની લીધી છે અને અત્રે દરેક ધંધાની શરૂઆત કરનાર પારસીઓજ જણાયા છે, તો પછી ભાડુતી ગાડીની પેહેલ પારસી તરફથી નહીં થાય એ બનેજ કેમ ? અને મને મળેલી નોંધ ઉપરથી જણાય છે કે અત્રે રોજીન્દા વેહવારની આ ઉપયોગી ચીજની શરૂઆત કરનાર પણ એક જરથોસ્તીજ શેઠ બરજોરજી દારૂખાનાવાલા હતા.

ગાડીખાતાની સ્કુલના સ્થાપક.

શેઠ સોરાબજી ધનજીભાઈ વાડીયા જેઓ શેઠ ડોસાભાઈ મેરવાનજી વાડીયાના ભત્રીજા થતા હતા, તેઓએ ૧૮૬૫ માં અત્રે કાલેરાનો રોગ જબરો ઉભરી નીકળ્યો તે વેળા લોકોને "પેનકીલર" મુફત પુરૂં પાડયું હતું, જેથી ઘણો ફાયદો થયો હતો. એઓએ ગાડીખાતામાં મરહુમ શેઠ દોસાભાઇની યાદમાં પારસી બાળકો માટે સ્કુલનું મકાન બંધાવ્યું હતું, જે મકાન જોઇએ તે કરતાં મોટું હોવાથી અને દરેમેહેરની એ તરફ જરૂર જણાયાથી તેના માલેકની બહાલીથી, તેમાં ઘટતો ફેરફાર કરી મુંબઇ, કરાચી વગેરે ઠેકાણેથી ફંડ ભેગું કરી તા. ૨૮ મી.મે ૧૮૬૯ ને દીને દરેમેહેર પરથાવી હતી. શેઠ સોરાબજી કરાચી પ્રેસ કંપનીના ડીરેકટર હતા.

પેહેલા પારસી સોલીસીટર.

શેઠ પેશતનજી દીનશાહ માનવાલા જેઓ અત્રે પોસ્ટ ઓફીસમાં કલાર્ક હતા, તેઓ પાછળથી મુંબઇના જાણીતી મેસર્સ કલીવલેંડ પીલની સોલીસીટરોની પેઢીમાં આરટીકલ્ડ કલાર્ક તરીકે જોડાયા હતા અને તા. ૨૪મી ઓગસ્ટ ૧૮૬૬ ને દીને માન સાથે સોલીસીટરની પરિક્ષા પસાર કરી હતી. એઓ પારસીઓમાં પેહેલા સોલીસીટર હતા. શેઠ પેશતનજીએ ૧૮૫૫ માં અત્રે એક ગુજરાતી પત્ર પણ ચલાવેલું જણાય છે, પણ કેટલો વખત તે ચાલુ રાખ્યું હતું તેની નોંધ નથી.

પેહેલા પારસી ફ્રીમેશનો.

તા. ૨૮ મી નવેમ્બર ૧૮૬૮ ને દીને કરાચી ખાતે લોજ હારમનીની સ્થાપના કેટલાક જરથોસ્તી ભાઇઓએ કરી હતી. એ દિવસે ફ્રીમેશનો તરીકે પેહેલા જોડાયલા જરથોસ્તીઓમાં નીચલાં નામો નજરે પડે છે:—

શેઠો અરદેશર ગુસ્તાદજી કોહીયાર, જમશેદજી અરદેશર માણેકશાહના, દાદાભાઇ હીરજીભાઈ પટેલ, ખરશેદજી દારાશાહ મજાઇના, નવરોજી નશરવાનજી પોહોંચાજી, દાદાભાઈ એદલજી સુખીયા, દીનશા પેશતનજી નાજર ફરદુનજી નશરવાનજી મજગામવાલા, અને મેરવાનજી અરદેશર મુકાદમ

શેઠ નવરોજી નશરવાનજી પોંચાજી

શેઠ પોંચાજી ૧૮૬૭ ના સાલમાં મેસર્સ જે. નશરવાનજીની કુાં૦ (જસાવાલા) માં મેનેજર હતા. જે દુકાન બંધ થતાં એમને લીલાંઉનું કામ હાથ ધરયુ હતું. મરહુમ ઘણા ભલા હતા અને સખાવતી દીલગુરદો ધરાવતા હતા. એઓએ એમપ્રેસ મારકીટ આગલ પાણીનો ફુવારો અને ઢોરો માટે હોજ બાંધવા મ્યુનીસીપેલીટીને રૂ. ૧૦૦૦ આપ્યા હતા. દેશી ડકકા ઉપર લોકોને બેસવા માટે બાંકો ભેટ આપ્યા હતા. મરહુમે શેઠ દોરાબજી નાનાભાઈ સાથે ભાગમાં છાપખાનુ ખોલ્યું હતું, અને મરણની છેલ્લી ઘડી સુધી તેના ડીરેકટર હતા. મરહુમ પોતાના વીલમાં દોઢ લાખ રૂપિઆની સખાવત પારસી કેળવણી માટે ખરચવાનુ ફરમાવી ગયા હતા, જે રકમ હાલે મામા ગર્લ્સ સ્કુલને સ્વાધીન કરવામાં આવી છે.

કરાચીના બીજા દસ્તુર.

કરાચીના પેહેલા દસ્તુર તરીકે દસ્તુર ફરદુનજી બેહેરામજી જામાસ્પ આશાનાને કરાચીના જરથોસ્તીઓએ શાલ આપવાની વીગત હું આગળ આપી ગયો છું. ૧૮૭૧ ના સાલમાં કરાચીવાસીઓએ બીજા દસ્તુર સાહેબને એજ રીતે શાલ આપવાની વીગત મળે છે. એ સાલમાં તા. ૨૨ મી એપ્રેલને દીને ગાડીખાતાંની શેઠ ડોસાભાઈ મેરવાનજી વાડીઆની દરેમેહેરમાં અંજુમનની એક સભા શેઠ અરદેશર ગુસ્તાદજી કોહીયારના પ્રમુખપણા હેઠળ

મળી હતી. આ વેળાએ સુરતવાલા મરહુમ દસ્તુર જમશેદજી બરજોરજીના છોકરા દસ્તુર કાવસજી જમશેદજીને કરાચીના દસ્તુર તરીકે ઠેડવી કેપ અને ગામના તથા બીજા જરથોસ્તીઓ તરફથી મળી ત્રણ શાલો તેઓને ઓઢાડવામાં આવી હતી, અને મજકુર દરેમેહેર તેવણુના અખત્યારમાં સોંપી હતી. મરહુમ દસ્તુર સાહેબ તે પછી કરાચીમાં ચાર વર્ષ રહયા હતા, જે બાદ સુરત ગયા હતા, જ્યાં ગુજર પામ્યા હતા.

પેહેલા પારસી "ખાન બહાદુર"

શેઠ કાવશજી નશરવાનજી જેઓ સીંધ હેદરાબાદના મેલ સુપ્રીન્ટેંડંટ હતા, તેઓની વફાદારી ભરી સેવાની પીછાનમાં તા. ૯મી મે ૧૮૭૨ ને દીને તેઓને નામદાર સરકારે "ખાન બહાદુર" નો ખેતાબ બક્ષ્યો હતો. એ પછી એ શેઠની "થર અને પારકર" જીલ્લામાં મેલ સુપ્રીન્ટેંડંટ તરીકે બદલી થઇ હતી, જ્યાં તા. ૫મી સપટેંબર ૧૮૭૫ને દીને એઓ ગુજર્યા હતા. એવું કહેવાય છે કે ત્યાં કોઈ પારસી નહીં હોવાથી મરહુમના મુસલમાન નોકરોએ તેઓને ભુમીદા કર્યા હતા. એ શેઠ ઘણા લોકપ્રીય અને આખા જીલ્લામાં માનીતા હતા.

શેઠ મેરવાનજી ફરાંમજી પાંડે.

મુંબઈમાં કોલાબા ખાતે જે પાંડે સેનીટોરીયમ છે તે બંધાવનાર સખીવજુદ શેઠ મેરવાનજી ફરાંમજી પાંડેની કારકીર્દીની શરૂઆત કરાંચી ખાતે થઇ હતી એ જાણીને આપણને મગરૂરી ઉપજે છે. એ શેઠ ૧૮૩૦ થી પોતાના બીજા ભાઈ શેઠ પેશતનજી ફરાંમજી પાંડે સાથે ભાગમા "પેશતનજી અને મેરવાનજી"ના નામે અંગ્રેજી અસબાબની દુકાન અને દારૂ કામનો મોટો રોજગાર કરાંચીમાં ચલાવતા હતા, તે પછી એ દુકાનની શાખાઓ સકર, ફીરોઝપોર, સીંધ હેદરાબાદ વગેરે ઠેકાણે ઉઘાડી હતી. એ શેઠનું મરણ તા૦ ૭મી મારચ ૧૮૭૬ ને દીને મુંબઈમાં નીપજયું હતું.

પેહેલા પારસી હેડ મારતર.

તા૦ ૨૯મી જુન ૧૮૭૬ ને દીને શેઠ એદલજી દોરાબજી તલાટીની કરાંચી હાઈસ્કુલના હેડ માસ્તર તરીકે કામચલાઉ નેમણુંક થઇ હતી. પાછળથી તા૦ ૧૪મી જુન ૧૮૭૭ ને દીને એઓને એ ઓધા ઉપર કાયમ કરવામા આવ્યા

હતા. શેઠ એદલજી ડીસીપલીન જાળવવામાં પહેલા નંબરના હતા અને તેઓની કરાચી મધેની હાજરીથી પારસીઓ ઉપર સારો છાપ બેઠો હતો અને પારસીઓની કેળવણી માટે તેમને ખાસ ઉલટ લીધી હતી, તેથી તા. ૬ ઠી નવેમ્બર ૧૮૮૬ ને દીને તેઓની સેવાની પીછાનમાં તેમના પારસી વિદ્યાર્થીઓએ આપસમાં ફંડ ભેગું કરી રૂ. ૫૦૦ ની રકમ હાઇસ્કુલમાં પ્રીલીમીનરીની પરિક્ષામાં પેહેલા આવનાર પારસી વિદ્યાર્થીને ઇનામ આપવા માટે વાપરવાનું ઠરાવ્યું હતું.

શેઠ માણેકજી ખજુરીના.

આપણા શહેરના જાણીતા સખી વજુદ શેહેરી શેઠ હોરમજી ખજુરીના પીતાજી શેઠ માણેકજી પણ સુરતથીજ અત્રે આવેલા જણાય છે અને રેલ્વે વેહેવારની ગેરહાજરીને સબબે તેઓ કાતીયામાં બેશીને મહીનાઓ સુધી દરિયો દોહવીને અત્રે આવ્યા હતા. મરહુમ અત્રે નાના મોટાં કોનત્રેકટનું કામ કરતા હતા અને અબુશેર એકસપીડીશનમાં પણ જઇ આવ્યા હતા. મરહુમ ૧૮૭૭ ના સાલમાં અત્રે ૭૫ વર્ષની ઉમરે ગુજર્યા હતા.

શેઠ કાવસજી વરીઆવા.

કેટલાક પારસી દુબાશો સંબંધી વીગત હું આગળ આપી ગયો છું. શેઠ કાવસજી રૂસતમજી વરીઆવા જેઓ ૭૦ વર્ષની બુઝોર્ગ વયે ગઇ તા. ૧૦ મી જુન ૧૯૧૯ ને દીને લંડન ખાતે ગુજર પામ્યા હતા, તેઓ પણ અત્રે દુબાશનું કામ કરતા હતા. મરહુમ અફઘાન લડાઇ વખતે લોર્ડ રોબર્ટસના લશકર સાથે કાબુલ ગયા હતા અને સારી પુંજી ભેગી કરી હતી. કરાચીમાં પેહેલાં તેઓ મેસર્સ દુબાશ બ્રધર્સો સાથે ભાગમાં ધંધો કરતા હતા, જે પછી તેઓએ પોતાનો જુદો ધંધો કરવા માંડયો અને તેને સારી રીતે જમાવવા પછી પોતાના બેટાઓને તે સોંપી, પોતે રીટાયર્ડ થઇ ઇંગ્લંડ જઇ રહયા હતા. મરહુમે પ્લેગની વખતે પોર્ટ હેલ્થ ઓફીસરને ઘણી સારી મદદ કરી હતી. મરહુમ ગરીબ જરથોસ્તીઓને છુપી મદદ કરતા હતા અને પોતાના વીલમાં પણ જરથોસ્તીઓના લાભ માટે એક ધરખમ રકમ કાઢી ગયા છે.

અચાર બનાવવામાં એક્ષપર્ટ જરથોસ્તી.

૧૮૭૫ના સાલમાં અત્રેના વતની શેઠ શાપુરજી ફરામજી વૈદે અચાર વગેરે કેટલોક ઘણો સરસ સામાન પારીસના સંગ્રહસ્થાનમાં દેખાડવા માટે મોકલ્યો હતો, જે ઘણો પસંદ આવવાથી સંગ્રહસ્થાન કમીટીએ કરાચીના કલેકટર મારફતે તેઓને એક ચાંદ ઇનામમાં મોકલ્યો હતો. શેઠ શાપુરજીએ એની આગલ વીએના ખાતે ભરાયલાં પ્રદરશનમાં પણ એજ મુજબ માલ મોકલ્યો હતો, જયાંની કમીટીએ પણ એમને એક ચાંદ એનાયત કર્યો હતો.

લુંગીનું ઇનામ મેળવનાર જરથોસ્તી.

કરાંચીના ખેતી બંદરના કસ્ટમ્સ ઓફીસર શેઠ શોરાબજી નવરોજી શેઠનાએ એ તરફ થયલાં મોટાં તોફાન અને રેલ વેળા ઘણી કીંમતી મદદ કરી હતી, તેની પીછાનમાં સીંધના નામદાર કમીશનરે તા૦ ૨૦ મી ઓગષ્ટ ૧૮૮૩ ને દીને એક ખાસ સભા મેળવી તેઓને લુંગીનું ઇનામ આપ્યું હતું, જે મેળવનાર તેઓ પેહેલાજ હતા.

શેઠ અરદેશર ગુસ્તાદજી.

શેઠ અરદેશર ગુસ્તાદજી કોહીયાર જેઓનું નામ આગળ ઘણીવાર આવી ગયું છે, તેઓ ૧૮૫૫ અથવા તે અરસામાં અત્રે આવેલા જણાય છે, એઓ અત્રેની મેસરસ ફલેમીંગ શોની કું. ના દલાલ હતા, પારસી પંચાયત અને બીજા કામોમાં એઓની સારી મદદ હતી. લોજ હારમનીની સ્થાપના કરવામાં એમને આગેવાન ભાગ લીધો હતો, જે માટે ફ્રીમેશન હોલમાં તેમની સબી મુકવામાં આવી છે. એઓ તા૦ ૧૮ મી ઓકટોબર ૧૮૮૩ ને દીને ગુજરીયા હતા.

શેઠ અરદેશર ખરશેદજી રાજકોટવાલા.

રાજકોટવાલા કુટુંબ સંબંધી થોડી વીગત હું આગલ આપી ગયો છું. એ ખાનદાનને લગતા મરહુમ શેઠ અરદેશર માટે અત્રે ખાસ નોંધ એટલા સબબથી લેવી જરૂરી છે કે મરહુમે અંજુમનને લગતાં ઘણા કામોમાં આગેવાની લીધી હતી. નવું દોખમું બનાવવા માટે ૫૦ ભેગું

કરવા તથા દોખમાનું કામકાજ પુરૂ કરવા માટે ઘણી મહેનત કરી હતી. ઘણીવાર ગાંઠનો ખરચ કરતા હતા. ગરીબોને સારી મદદ કરતા હતા. ગાડીખાતાની દરેમેહેરના મરહુમ એક ત્રસ્ટી હતા. મરહુમ એક ફ્રીમેશન હતા. ફ્રીમેશન હોલમા મરહુમની યાદગીરી, એક સબી ટાંગીને રાખવામાં આવી છે. તા. ૧૭ જાનેવારી ૧૮૮૪ ને દીને માત્ર ૩૯ વર્ષની ભરજવાન વયે એઓનું મરણ નીપજયું હતું.

સ્મોલ કોઝીઝ કોર્ટના પારસી રેજીસ્ત્રાર

શેઠ એદલજી ફકીરજી ભરૂચા અત્રેની સ્મોલ કોઝીઝ કોર્ટના રેજીસ્ત્રાર હતા, જે ઓધો ભોગવનાર એઓ પેહેલાજ પારસી જણાય છે. એઓએ પારસી વિરબાઇજી સ્કુલના સેક્રેટરી તરીકે પણ કેટલોક વખત કામ બજાવ્યું હતું. એ શેઠ તા. ૧૮ મી ઓગસ્ટ ૧૮૯૬ ને દીને ગુજર્યા હતા, જેમના માનમાં કોર્ટ બંધ રાખવાંમાં આવી હતી.

કરાંચીમાં પહેલી ઇરાનોની દુકાન.

દરેક આગેવાન શેહેરમાં ઇરાનીની દુકાન મુખ્ય ભાગ ભજવે છે, અને કરાચી શહેરની વસ્તીના વધવા સાથે ઇરાનીની દુકાન પણ વધતી જતી જણાય છે. આ દુકાન અત્રે પેહેલી સ્થાપનાર શેઠ જાંગીર રૂશ તમ ઇરાની છે જેમને ૧૮૯૩ યા તે અરસામાં અત્રે આવીને વસવાટ કર્યો હતો. કરાંચીમાં આજે જે ઇરાનીની દુકાનો છે તે શેઠ જાંગીરનેજ આભારી છે એમ કહેવું ખોટું નથી. એઓએ ઘણા ઇરાનીઓને ઠેકાણે પાડયા છે અને ગરીબ ભાઇઓને ઠીક મદદ આપે છે. આજે "જાંગીર ઇરાની" કરાંચીમાં પ્રખ્યાત છે.

શેઠ આદરજી ડોસાભાઇ ગાંધી.

પારસીઓ પોતાના સખાવતી દીલગુરડા માટે જાણીતા છે અને પારકાનું ભલું કરવાનું લોહી ગોયા તેઓની રગેરગમાં ફેલાઈ રહયું છે. પારકાનું ભલુ કરવામાં પોતાનું ભલુ સમજનારા જરથોસ્તીઓમાંના એક તરીકે શેઠ આદરજી ગાંધીનું નામ આજે માન સાથે લોકો યાદ કરે છે. એઓ જાત

પરજાતના ઘણા અગવડભર્યા કામોનો નીકાલ ઘણી બાહોશીથી કરી આપતા હતા, અને તે માટેની મેહેનતનો કશો ખ્યાલ કરતા હતા નહીં. તેઓએ જાતી મેહેનતથી કેટલાકોને રોજીએ લગાડયા હતા. મરહુમ બહુ ભોળા હતા. મરહુમ ૧૮૫૦ માં અત્રે આવ્યા હતા. રેશમી કાપડનો પેહેલો ધંધો અત્રે દાખલ કરનાર એઓ હતા. પાછળથી શેઠ માણેકજી ફરામજી કોલાબેવાલાની પેહડીમાં નોકરીએ જોડાયા હતા, અને તે બાદ પોતે દારૂના વેપારમાં જીપલાવ્યું હતું. મરહુમે એચ. જે. રૂસ્તમજીની પેઢીમાં પણ નોકરી કરેલી જણાય છે. મરહુમ ૭૦ વરષની બુઝોર્ગ વયે અત્રે ૧૮૯૫ માં ગુજર્યા હતા.

શેઠ અસપંદીયારજી દીનશા.

ગરીબીમાંથી આગલ વધેલા અત્રેના ઘણા જરથોસ્તીઓમાં શેઠ અસપંદીયારજી દીનશા ખંબાતા પણ એક છે. એઓ પેહેલાં કલેકટરની કચેરીમાં કલારક હતા, જે પછી મેસરસ મેકેનજી કુ. માં કલાર્ક તરીકે જોડાયા હતા. એ પછી એમને પોતાનો ધંધો શરૂ કરવા માંડયો હતો અને તેમાં ઘણા ફતેહમંદ ઉતર્યા હતા. એઓએ થોડો વખત દીનશાની કુ. ને નામે મોમબાશામાં પણ ધંધો ચલાવ્યો હતો, જે પછી કરાંચી ખાતે પાછા ફરીને એજ નામે દુબાશનો ધંધો શરૂ કર્યો હતો, જે આજે કરાંચીમાં હજુ પ્રખ્યાત છે. એઓના ઉઠમણામાં મરહુમના કુટુંબે એમની પુંજીમાંથી રૂા. ૧૦ હજારની એક નાદર રકમ પારસીઓ માટે સસ્તા ભાડાંની ચોલ બાધવા સખાવત માં આપી હતી, જેમાં પાછલથી રૂા. ૪ હજાર બીજા ઉમેરીને પંચાયતની વાડીમાં મરહુમના બેટાઓએ એક ચોલ બંધાવી આપી છે, જેની ખરચ બાદ કરતાં વધતી આવક વીરબાઈજી સ્કુલના ફંડમાં આપવામાં આવે છે. મરહુમના પીતાજી શેઠ દીનશા મીલીટરી પે ઓફીસમાં એક કલારક હતા અને પેનશન ઉપર રીટાયર્ડ થઇ અત્રેજ રહયા હતા. મરહુમ તા૦ ૧૮ મી ફેબરવારી ૧૯૧૩ ને દીને અત્રે ગુજર્યા હતા.

શેઠ કાવસજી ડો. વીરજી.

એ શેઠ રાલીની અટકે પણ ઓળખાતા હતા, જેનું કારણ એ હતું કે કરાચીમાં રાલી બ્રધર્સની ઓફીસની શાખા કરાચીમાં પેહેલ વેહલી ઉઘાડવા તેઓ અત્રે આવ્યા હતા, અને મરણની છેલ્લી ઘડી સુધી તેનો વહીવટ

ચલાવ્યો હતો, જેથી એઓ "કાવશજી રાલી" તરીકેજ ઓળખાવા લાગ્યા હતા. મરહુમ ઘણા ભલા હતા અને જરથોસ્તીઓના ખેરખાહ હતા મરહુમ ૧૮૯૯ ના ડીસેંબર માસમાં ગુજર્યા હતા.

આટાની મીલની પહેલ કાઢનાર પારસી.

શેઠ જમશેદજી ફરામજી માસ્તર જેઓ નવસારીથી અત્રે ગરીબી હાલતે આવ્યા હતા, તેઓએ પારસી વીરબાઈજી સ્કુલમાં ૨૩ વર્ષ સુધી હેડ માસ્તર તરીકે નોકરી બજાવી હતી, જેની યાદમાં તેઓની એક સબી એ સ્કુલમાં ટાંગવામાં આવી છે. મરહુમે અત્રે ચક્કીથી ચાલતી આટાની મીલની શરૂઆત કરી હતી, કે જે પેહેલ કાઢનાર એઓ પેહેલાજ જરથોસ્તી હતા.

પેહેલા જરથોસ્તી દાંતના ડાકટર.

કરાંચીમાં દરેક જાતનો ધંધો જરથોસ્તીઓએ પેહેલાં દાખલ કરેલો જણાય છે. કહે છે કે દાંતના ડાકટર તરીકેનો પેહેલ વેહેલો ધંધો કરનાર એક જરથોસ્તીજ શેઠ માણેકજી બાપુજી લાહેવાલા હતા. એઓ ગરીબોની મુફ્ત સારવાર કરતા હતા અને ગરીબ જરથોસ્તીઓના દાંત વગેરે દરેક રીતની મુફ્ત દવા કરતા હતા. પેહેલા પ્લેગ વખતે એઓએ ઓ. સરજયન તરીકે કામ કરી પારસીઓની ઠીક સેવા બજાવી હતી.

શેઠ ડોશાભાઇ બેરામજી મીનવાલા.

શેઠ બેરામજી પીરોજશા મીનવાલાની જાહોજલાલીના સંબંધમાં હું આગળ વીવેચન કરી ગયો છું. મરહુમ શેઠ ડોસાભાઈ તેમના બેટા થતા હતા અને પોતાના પીતાજીનો બાદશાહી ધંધો પોતાના ભાઈ સાથે ચલાવતા હતા. મરહુમ ગરીબોને ઘણી છુપી મદદ કરતા હતા. ધર્મ ઉપર ઘણો એતબાર હતો. મરહુમે વીકટોરીયા રોડ ઉપર "મીનટન હોલ" નામનું આલીશાન મકાન પોતાના રહેવા માટે બાંધ્યું હતું. એઓ તા. ૨૦ મી જાનેવારી ૧૯૦૬ ને દીને ૫૨ વર્ષની ઉમરે ગુજર પામ્યા હતા.

શેઠ જીવનજી બ. ઘડીયાળી.

પેહેલા પારસી ઘડીયાળી માટે હું આગળ બોલી ગયો છું. મરહુમ શેઠ જીવનજી પણ સુરતથી એજ ધંધો અત્રે લઈ આવ્યા હતા. અંગ્રેજોમાં બહુજ માનીતા હતા. મરહુમ પંચાયતના કામમાં આગેવાન ભાગ લેતા હતા. દોખમાના કંપાઉન્ડમાં જાતી મહેનતે ઘણો સુંદર બગીચો બનાવ્યો હતો. બઝમે જશને રૂઝે ગાહમ્બાર ફંડ (જેની વીગત હવે પછી આપી છે) ના મરહુમ સેક્રેટરી હતા.

શેઠ પેશતનજી પાલનજી ભેહવાર.

મરહુમ શેઠ ૪૦ વર્ષ સુધી અત્રેની પેપર કરન્સી ઓફીસમાં હેડ કેશીયર હતા અને ૧૮૮૯ માં રીટાયર્ડ થયા હતા. અંજુમનના દરેક કામમાં સારો ભાગ લેતા હતા. સદરની અગીયારીના પેહેલા પાંચ ત્રસ્ટીઓ મધેના મરહુમ એક ત્રસ્ટી હતા. વીરબાઇજી સ્કુલ અને દોખમા ફંડની કમીટીના મેમબર હતા. મેત્રીમોન્યલ કોરટના ડેલીગેટ હતા. નામદાર સરકારે એઓની સેવાની પીછાનમાં ૧૮૯૧ ના સાલમાં ખાન સાહેબનો ખેતાબ બક્ષ્યો હતો. મરહુમ તા. ૧ લી ડીસેંબર ૧૯૧૧ ને દીને અત્રે ગુજર્યા હતા.

શેઠ માણેકજી ખરશેદજી માદન.

મરહુમ શેઠ માદન અત્રેની અંજુમનના એક ઉલટમંદ સભાસદ હતા. વેપાર માટે છેક ઓસ્ટ્રેલ્યા સુધી જઇ આવ્યા હતા જે પછી અત્રેની જાણીતી મેસર્સ નશરવાનજીની કુંપનીના ઘણા વર્ષો સુધી મેનેજર હતા. ગાડીખાતામાં બંધાયલું સેઝદે ગાહે રૂવાન એઓની ખંતને આભારી છે. મરહુમની યાદગીરી "માદન બુક ફંડ" થી જાળવી રાખવામાં આવી છે. મરહુમ તા. ૬ઠી જુલાઈ ૧૯૧૩ને દીને ગુજર્યા હતા.

શેઠ દોરાબજી નાનાભાઇ.

એ શેઠ બેલાવ ગામથી આવ્યા હતા અને લીલાઉખાનામાં નોકરી રહયા હતા. પાછલથી મેસર્સ બ્રુસ કંપનીમાં નોકરીએ રહયા. મરહુમ શેઠ

નવરોજી પોંચાજી સાથે મરહુમે એક છાપખાનું અત્રે ભાગમાં ખોલ્યું હતું, અને પોતાના ભાઈ સાથે પશમનો વેપાર કરતા હતા, પાછલથી છુટા પડયા હતા. ગાડીખાતાની દરેમેહેરના સેક્રેટરી અને વીરબાઈજી સ્કુલની કમીટીના મેમ્બર હતા. મરહુમ તા. ૬ઠી ઓગસ્ટ ૧૯૧૪ ને દીને ૮૨ વર્ષની બુઝોર્ગ વયે ગુજર્યા હતા.

શેઠ ખરશેદજી સોપારીવાળા.

શેઠ શાપુરજી સોપારીવાળા માટે હું આગળ લંબાનથી વીવેચન કરી ગયો છું. તેઓના આ લાયક બેટાએ પોતાના પીતાજીના મરણ પછી વીરબાઈજી સ્કુલને સારી મદદ કરવી ચાલુ રાખી હતી અને સ્કુલની કમીટીના પ્રમુખ તરીકે પોતાના મરણ સુધી ઓધો ભોગવ્યો હતો. સદરની દરેમેહેરના એઓ એક ટ્રસ્ટી હતા. યંગ મેન્સ ઝોરોએસ્ત્રીઅન એસોસીએશનના ઉપ-પ્રમુખ હતા. તા૦ ૪ થી સપટેંબર ૧૯૧૫ ને દીને ગુજર પામ્યા હતા.

શેઠ એદલજી બેજનજી કાંદાવાલા.

મરહુમ શેઠ કાંદાવાલા જેઓની યાદગીરીમાં તેમના લાયક બેટા અને કુટુંબે વિરબાઈજી સ્કુલમાં એક લાયબ્રેરી ભેટ કરી છે. તેઓ કરાંચીમાં નવ વરસની નાની વયે પોતાના કાકા શેઠ બેરામજી મેરવાનજી કાંદાવાલા ઉર્ફે કોટવાલ સાથે આવ્યા હતા અને પાછળથી સરકારી નોકરીમાં જોડાયા હતા. એઓએ લગભગ ૩૫ વર્ષ સુધી અત્રેની પેપર કરનસી ઓફીસમાં એકાઉન્ટન્ટ તરીકે કામ બજાવ્યું હતું અને ૧૮૯૬ માં રીટાયર્ડ થયા હતા. મરહુમ ૭ મી જુલાઈ ૧૯૧૪ ને દીને ૭૧ વરસની વયે અત્રે ગુજર્યા હતા.

ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ કરાંચી.

આગલ થઈ ગયલા જરથોસ્તીઓ, જેઓએ કોમ અને શહેરની કાંઇક રવેશે સેવા બજાવી હતી, તેઓને લગતી ટુંક નોંધ, કરાંચીના ગ્રાન્ડ ઓલ્ડ મેન, તે કોઈજ નહીં પણ શેઠ પેસતનજી બેરામજી કોટવાલની હકીકત સાથે, અત્રે પુરી થાય છે. કદાચ ઘણા નામાંકીત જરથોસ્તીઓને લગતી વીગત રહી ગઈ હશે યા આગળ આપેલી હકીકત કોઇને બીનજરૂરી



મરહુમ શેઠ એદલજી બેજનજી કાંઢાવાલા.



મરહુમ શેઠ અસ્પંદીઆરજી દીનશા.

જણાશે, પણ મેં વખતો વખત જણાવ્યું છે તેમ મારાથી બન્યું એટલું, મને જે કાંઈ મળી શકયું છે અને મને જેની નોંધ લેવી વાજબી જણાઈ છે તે મેં અત્રે રજુ કરી છે.

શેઠ પેશતનજી કોટવાલને આ હારમાલામાં મેં છેવટે મુકયા છે અને તે એજ કારણથી કે તેઓ હાલની ઓલાદ માટે ધડો લેવા જોગ જીંદગી પોતા પાછલ મુકી ગયા છે. શેઠ કોટવાલ પેહેલેથી છેલ્લી સુધી active જીંદગી ગુજારી ગયા છે. કદાચ તેઓની જીંદગી દરમ્યાન જેટલી જોઇએ એટલી તેઓની કદર આપણે નહીં કીધી હોય, તો આજે તો જરૂર આપણે તેઓને માન સાથે યાદ કર્યે છીએ. ૧૦ વર્ષની નાની વયે તેઓ અમદાવાદથી પોતાના પીતાજી સાથે અત્રે આવ્યા હતા, અને નાની વયેજ અત્રેની એક પેઢીમાં નોકરીએ જોડાયા હતા, તે પછી ૧૮૫૩માં અત્રેના તોપખાનામાં નોકરીએ રહયા હતા. ૧૮૫૮ માં જયારે તોપખાનામાં એકાએક આગ ફાટી નીકળી અને દારૂગોળો સળગવાથી ધડાકો થઈ કેટલાક જાનોની ખુહારી થઈ તે વેળા સારે નસીબે એઓ બચી ગયા હતા, તે એટલે સુધી કે આગ લાગવાની એઓને ખબર અને ચેતવણી આપનાર બાપડો માર્યો ગયો, જયારે એઓ બચી ગયા હતા. એ પછી તે નોકરી છોડીને તેઓ કરાચી બેંકમાં હેડ એકાઉન્ટંટ તરીકે જોડાયા હતા, અને પાછળથી તૈયબજી કુ. માં ભાગ્યા હતા, જેમની સાથે એઓનો સંબંધ છેવટ સુધી ચાલ્યો હતો. પારસી વીરબાઇજી સ્કુલના સેક્રેટરી તરીકે ૧૮૫૯ થી પોતાના મરણની છેલ્લી ઘડી સુધી એમને કામ બજાવ્યું હતું. મરહુમ સદરની દરેમેહેરના પેહેલા ત્રસ્ટીઓ મધેના એક હતા. કેટલોક વખત સુધી મ્યુનીસીપલ કાઉન્સીલર હતા અને એઓની સેવાની પીછાનમાં મ્યુનીસીપેલીટીએ પોતાના હસ્તકની એક સ્કુલને એઓનું નામ આપ્યું છે. મરહુમે પારસી પંચાયતના એક ત્રસ્ટી તરીકે ૫૦ વર્ષ સુધી સેવા બજાવી હતી. મરહુમ એક આગેવાન ફ્રીમેશન હતા અને ગ્રાંડ લોજના ઓનરરી સબસ્ટીટયુટ ગ્રાંડ માસ્તર હતા. મરહુમ જાત પરજાતમાં સારો લાગવગ ધરાવતા હતા અને દરેક કામમાં આગેવાની લેતા હતા. દરેક કામમાં એઓ માન પામેલા હતા અને અંગ્રેજો તો એઓને ગ્રાંડ ઓલ્ડ મેન ઓફ કરાચી" એ નામે બોલાવતા હતા. મરહુમ ૭૨ વર્ષની વયે તા. ૨૧ મી માર્ચ ૧૯૧૬ ને દીને ગુજર પામ્યા હતા.

પારસી પંચાયતની તવારીખ.

કરાંચીના પારસીઓની આગલી તવારીખના અત્યાર સુધીના હેવાલમાં પારસી પંચાયત વિષે કશું વીવેચન કરવામાં આવ્યું નથી, તેથી વાંચનારને અજાયબી લાગશે. પણ તેનો ખુલાશો હું એટલોજ કરી શકું કે ખરેખર તો પારસી પંચાયત બોર્ડ જેવી સંસ્થા લગભગ ૧૯૦૮ ના સાલ સુધી હસ્તીમાંજ હતી નહીં, તો જો કે ઘણેક ઠેકાણે મેં લખ્યું છે કે અમુક શેઠ અંજુમનના સેક્રેટરી હતા કે ત્રસ્ટી હતા, તે ઉપરથી આગલા વખતમાં પારસી પંચાયત હસ્તી ધરાવતી હતી એવું પુરવાર થાય છે, પણ ખરેખર તો બંધારણ પુરવક પંચાયત બોર્ડ હતીજ નહીં. આગલા શેઠયાઓ પોતે આપસમા સુજી સમજીને અંજુમનનો કારોબાર ચલાવતા હતા અને તે વખતે કોઇ અમુકને ત્રસ્ટી થવાનો કે સેક્રેટરી થવાનો અભ ખરો હતો નહીં. અંજુમનનું કામ રાજીખુશીથી અને એકસંપીથી ચલાવવામાં આવતું હતું અને તે કામોને વગર વાંધાએ સ્વીકારવામાં આવતાં હતાં. તે વેળા સંપ અને એકદીલી એટલી બધી હતી કે એકનું કરેલું કામ બીજાને કબુલ રહેતું હતું અને એ રીતે સીંધમાં પારસીઓ આવી વસ્યા ત્યારથી મેં જણાવ્યું તેમ લગભગ ૧૯૦૮ ના સાલ સુધી શેઠયાઓ આપસમાં સમજીને વહીવત કરતા હતા.

પારસી પંચાયતની ખરી સ્થાપના.

આ રીતે ત્યારે ખરેખર જો હું પારસી પંચાયત માટે કાંઇપણ લખું તો તે ૧૯૦૮ પછીનોજ હેવાલ હોવો જોઇએ. પંચાયતના ત્રસ્ટીઓનો સવાલ ૧૯૦૮ માં નીચલા સબબોને લીધે ઉભો થયલો જણાય છે.

ખા. બા. કાત્રકે પોતાના મરહુમ ધણીયાણીના ઉઠમણામાં રૂ. ૧૦ હજારની નાદર રકમની સખાવત જાહેર કરી હતી, જેમાંથી ગરીબ જરથોસ્તીઓ માટે એક ચાલ બંધાવવાની તેમને ઇચ્છિા બતાવી હતી. આ સખાવત જાહેર થવાને લગભગ સવા વર્ષ નીકલી જવા છતાં લાયક જગાની ગેરહાજરીમાં તેનો ઉપયોગ થઇ શકયો હતો નહીં. પંચાયતની વાડી જે રણછોર લાઇન્સમાં આવી છે અને ધણી બીસ્યાર ખાલી જગાનો એક પ્લોટ

છે, તેની બાજુમાં મ્યુનીસીપેલીટીએ એક જગાનો ટુકડો આ કામ માટે આપવાનું કબુલ્યું હતું, અને તેવો ઠરાવ પણ પસાર થયો હતો, પણ સીંધના નામદાર કમીશનરે તેને બહાલી આપવા ના પાડવાથી આ કામ પાછું ખોરંભે પડે એવી સ્થીતી ઉભી થઇ. આથી પંચાયતની વાડી મધેની જગાનો એ કામ માટે ઉપયોગ કરવાનો વિચાર સુજ્યો. પણ આ વાડીના ત્રસ્ટીઓ કોણ હતા અને જેઓ ત્રસ્ટી તરીકે ઓળખાતા હતા તેઓ ગુજરી જવાથી તથા જોઇતા દસ્તાવેજોની ગેરહાજરીમાં કામ મુશ્કેલ થઈ પડયું હતું, આથી એ બાબદનો ફડચો કરવા તથા બીજાં પંચાયતના કામોના સંબંધમાં પણ રીતસર કામ ચલાવવા માટે ત્રસ્ટીઓ નેમવા માટે તા. ૨૮મી સપટેંબર ૧૯૦૮ ને દીને અંજુમનની એક સભા સદરની દરેમેહેરમાં મળી હતી. આ અંજુમની સભાને કેટલાકોએ પેહેલી સભાની ઉપમાં તે વેળાએ આપી હતી, કેમકે તે સભામાં પંચાયતના ત્રસ્ટીઓને અંજુમને રીતસર પેહેલ વેહેલા ચુંટી કાઢયા હતા.

પંચાયતના પહેલા ત્રસ્ટીઓ.

કરાચીના પારસીઓમાં જે આગલા વખતમાં ઉત્સાહ હતો, તે આજે નથી. આજે આપણા જાહેર ખાતાંઓની કે અંજુમનની સભાઓમાં માંડમાંડ ૫૦ માણસોની હાજરી હોય છે અને ઉપર કહેલી તારીખે અંજુમનની આ કહેવાતી પહેલી મહાભારત સભામાં પણ બે હજાર માણસોની કરાચીની પારસી વસ્તીમાંથી ૫૯ ગ્રહસ્થોએ હાજરી આપી હતી. આ સભાએ પેહેલોજ ઠરાવ ત્રસ્ટીઓ મુકરર કરવાનો કર્યો હતો, જેની રૂએ નીચલા ગ્રહસ્થોને ત્રસ્ટીઓ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા:—

શેઠો ફ્રામરોજ એદલજી પંથકી, નાદરશા એદલજી દીનશાહ, પેશતનજી બેરામજી કોટવાલ, જમશેદજી શાપુરજી સોપારીવાલા, કાવશજી હોરમજી કાત્રક, નશરવાનજી રૂશતમજી મેહેતા, જીવનજી બરજોરજી ઘડીયાલી, અને દોરાબજી નાનાભાઈ શેઠના.

પારસી પંચાયતનું બંધારણ.

ઉપર જણાવેલી સભામાં ત્રસ્ટીઓની નેમણુંક ઉપરાંત ઘણાક ઠરાવો થયા હતા, જેમાં અંજુમનની સભા દર વર્ષે મેળવવાનો અને પંચાયતની મીલકતોનું ત્રસ્ટદીડ કરાવવાનો ઠરાવ પણ હતો. પણ દેખીતી રીતે તે પછી પાછું ગાડું થંડું પડી ગયલું જણાય છે. ૧૯૦૮ માં નેમાયલા ત્રસ્ટીઓમાંથી ત્રણેક ગ્રહસ્થો તો ગુજર પામ્યા હતા અને બંધારણ કે ત્રસ્ટદીડનો સવાલ પણ જ્યાંનો ત્યાં રહયો હતો. એ પછી ગુજર પામેલા ત્રસ્ટીઓની જગા પુરવા માટે તા. ૨૪ મી જાનેવારી ૧૯૧૫ ને દીને અંજુમનની બીજી સભા મળી હતી. જે વેળા અંજુમનનું બંધારણ ઘડી કાઢવા માટે ૨૨ ગ્રહસ્થોની એક કમીટી નેમવામાં આવી હતી, જેણે ગયે વર્ષે પોતાનું કામ પુરૂં કર્યું હતું અને આ સાલથી સંપુર્ણ બંધારણ સાથની પંચાયત બોર્ડ હસ્તીમાં આવેલી ગણાશે.

બંધારણ મુજબના પેહેલા ત્રસ્ટીઓ.

આ નવાં બંધારણ મુજબ નામદાર કોરટે આગલા ત્રસ્ટીઓ મધ્યેના સઘળા હઈયાત સાહેબોને પેહેલા ત્રસ્ટીઓ તરીકે મુકરર કીધા છે જેઓ પાંચ વરષ સુધી પોતાના હોદ્દા ઉપર રહેશે. આ ત્રસ્ટી સાહેબો તે શેઠ ફરામરોજ એદલજી પંથકી, શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાળા, શેઠ નાદીરશા એદલજી દીનશા, ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહેતા અને ખા૦ બા૦ કાવશજી હોરમજી કાત્રક છે. આ સઘળા સાહેબોની કારકીર્દી માટે અત્રે થોડું વીવેચન કરી હું આગલ વધીશ.

શેઠ ફરામરોજ એદલજી પંથકી.

શેઠ ફરામરોજનો જન્મ ૧૮૪૯ ના જુલાઈ માસમાં મુંબઈ ખાતે થયો હતો. એઓના કાકા, તે શેઠ એદલજી પંથકી, (જેઓને લગતી કાંઇક વીગત હું આગલ આપી ગયો છું) એ એમને પાલક કરી લીધા હતા, તેઓ પોતા સાથે નાની ઉમરેજ એઓને કરાચી લઈ આવ્યા હતા, પોતાનો અભ્યાસ પુરો કરવા પછી ૧૮૬૮ માં એઓ સરકારી નોકરીમાં કરાંચી



શેઠ ફરામરોજ એદલજી પંથકી.

પારસી પંચાયત બોર્ડના સરનશીન.

ખાતામાં જોડાયા હતા, પણ થોડાજ વખતમાં મેહેસુલ ખાતામાં એઓની બદલી થઇ હતી. કેટલાક વર્ષો સુધી તેમને કરાચી અને બીજે ઠેકાણેના મુખત્યારકાર તરીકે કામ બજાવ્યું હતું. ૧૮૯૭ માં સરકારે ડેપ્યુટી કલેકટર અને કલેકટર ઓફ ઇનિકમટેક્ષ એવી એક નવી જગા કાઢી અને તે ઉપર શેઠ ફરામરોજની નેમણુક કરી હતી, કે જે ઓધો સીંધમાં ભોગવનાર તેઓ પેહેલાજ પારસી હતા. બીજી અફઘાન વોર અને સુઆકીમ વોર શરૂ થઇ તે વખતે શેઠ ફરામરોજે ત્રાન્સપોર્ટના કામ માટે જાનવરો અને સ્ટોર્સ ઘણી ઝડપથી ભેગો કરી મોકલ્યો હતો, જેની સરકારે અને લશકરી ખાતાંએ ભારે તારીફ કરી હતી. એજ અૈયામમાં કોલેરા અને પ્લેગે દેખાવ દીધો અને શેઠ ફરામરોજે કાંઇ પણ અચકયા વગર પોતાની સેવા એ દીશામાં પણ અર્પણ કરી અને એ નેહેસ્ત રોગો સામે સાવચેતીના અને બીજાં પગલાં લેવામાં તેઓએ લોકો અને સરકારની જે સેવા બજાવી હતી, તેની પીછાનમાં નામદાર સરકારે નસરત કેનાલના કીનારા ઉપરની ૧૦૦૦ એકર જમીન તેઓને બક્ષેશ આપી હતી, અને એ જગા તથા તેની આજુબાજુના વીસ્તારને એઓના નામ ઉપરથી "ફરામાબાદ" નામ આપવાની પરવાનગી આપી હતી. પ્લેગ વગેરેની ખાસ ફરજો ઉપરથી મુકત થવા પછી હેદરાબાદનાં વધારાના સેશન્સ જડજની કાઢવામાં આવેલી કામચલાઉ જગા પણ એઓનેજ પેહેલી આપવામાં આવી હતી, જ્યાં પણ એઓએ પોતાની બાહોશી અને કામકાજ કરવાની રૂઢીથી ઘણું માન પાન મેળવ્યું હતું અને સરકાર તરફથી પણ સાબાશી મેળવી હતી. એ રીતે સરકારની ૩૬ વર્ષ સુધી વફાદારીભરી સેવા બજાવી ૧૯૦૪ માં એઓ રીટાયર્ડ થયા હતા, જે વેળા કરાચીના શેહેરીઓએ એઓને ખાસ જયાફત આપી મોટું માન આપ્યું હતું. આપણા નામદાર શેહેનશાહ પ્રીન્સ ઓફ વેલ્સ તરીકે ૧૯૦૬ ના સાલમાં અત્રે પધાર્યા હતા, ત્યારે રવીવાર જેવા દિવસે તે નામદારે શેઠ ફરામરોજને સરકારી મેહેલમાં બોલાવી ખાસ મુલાકાત આપી હતી, જે માન મેળવનાર પણ એઓ પેહેલાજ છે. શેઠ ફરામરોજે "જુના સીંધી સ્ટેંપો"ની એક આલબમ નામદાર પ્રીન્સને ભેટ આપી હતી જેની યાદમાં તે નામદારે પોતાની સહી સાથનો ફોટોગ્રાફ તેમને ભેટ આપ્યો હતો. શેઠ ફરામરોજનો સ્ટેમ્પને લગતો સંગ્રહ ઘણો ધ્યાન ખેંચનારો છે.

કરાચીમાં એઓએ દરેક કામમાં આગેવાની લીધી હતી. પારસી કોમને લગતાં દરેક કામકાજમાં એમનો ભારે હીસ્સો હતો. આજે પણ પંચાયતની બોર્ડના પ્રમુખ અને વીરબાઇજી સ્કુલની મેનેજીંગ કમીટીના ઉપ–પ્રમુખ છે. કોમ ઉપરાંત મ્યુનીસીપેલીટીમાં બેઠક ધરાવીને અને બારાના ત્રસ્ટી તરીકે શેહેરની ઘણી ઉતમ સેવા બજાવી હતી. હાલમાં પણ સંખ્યાબંધ ખાતાંઓ સાથે એઓ એક યા બીજી રીતે જોડાયલા છે. જાનવરો ઉપર ઘાટકીપણું ગુજરતું અટકાવનારી મંડળી, સદર બજાર લાયબ્રેરી અને સીંધ મેસોનીક બેનીવોલંટ એસોસીએશનના એઓ સેક્રેટરી છે. પુઅર અસાઇલિમ ફંડના સેક્રેટરી અને ત્રેઝરર અને "લોજ હારમની" તથા ચેપટર "ફેથ એન્ડ ચેરીટી" ના ત્રેઝરરનો ઓધો ધરાવે છે. એમને પારસી ઇન્સ્ટીટયુટના સેક્રેટરી અને પ્રેસીડંટ તરીકેના ઓધા પણ ભોગવ્યા છે. એઓ હીંદ મધેની સઘળી સ્કોટીશ ફ્રીમેશનરીના ઓનરરી સબસ્ટીટયુટ ગ્રાન્ડ માસ્તર છે.

શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાલા.

સોપારીવાલા ખાનદાનના સંબંધમાં આગલ હું બોલી ગયો છું. શેઠ શાપુરજી પોતાના ધંધામાંથી રીટાયર્ડ થવા પછી પોતાના ભાઈ શેઠ ખરશેદજી સાથે "મેસર્સ ખરશેદજી અને જમશેદજી સોપારીવાલાની કું." નો વહીવટ ચલાવતા હતા. પોતાના ભાઈના ગુજરવા પછી તેમને પોતાના ભત્રીજાઓ અને બેટાઓ વગેરે સાથે એજ નામે ધંધો ચાલુ રાખ્યો છે. એઓ શેઠ પારસીઓને લગતી દરેક હીલચાલમાં આગેવાન ભાગ લે છે. વીરબાઇજી સ્કુલ જે એઓના પીતાજીએ સ્થાપી છે, તેની કમીટીના એઓ પ્રમુખ છે અને પારસી કેળવણી માટે ભારે ઉલટ લે છે. સ્કુલને વખતો વખત સારી મદદ કરતા રહ્યા છે. જાહેરમાં એ શેઠની સખાવતો ઝાઝી જણાઈ નથી, પણ છુપી મદદ ગરીબ ગુરબાંઓને ઘણી કરે છે. પારસી અંજુમનના ત્રસ્ટી ઉપરાંત અત્યાર સુધી ત્રેઝરરનું કામ એજ શેઠ ચલાવતા હતા. "પારસી નીરાશ્રીત ફંડ" એઓ હસ્તક ચાલે છે. સદરની દરેમેહેરના એક ત્રસ્ટી તરીકે પણ ઘણો ઉલટમંદ ભાગ લે છે. એ શેઠ ઘણા ધર્મી છે અને નમાના સ્વભાવના હોવાથી અંજુમનમાં સારૂં માન ધરાવે છે.

શેઠ નાદીરશા એદલજી દીનશા.

સખાવતી પીતાના સખાવતી સપુત શેઠ નાદીરશા માટે લંબાન હેવાલની કશી જરૂર નથી. પોતાના પીતાજીના કરેલાં કામોને નીભાવી રાખવા અને તે મરહુમની ખાહેશોને બર લાવવામાં શેઠ નાદીરશા ભારે ખંતી છે. વખતો વખત પોતાના પીતાજીએ સ્થાપેલા ફંડોને મોટી મદદ કરતા રહે છે અને તે ફંડોના કામકાજમાં ઉલટ લે છે. છેલ્લાં પોતાના મરહુમ ધણીયાણીને નામે એક નવું ફંડ લગભગ એક લાખની પુંજી સાથે સ્થાપ્યું છે. જમીનોના સબંધમાં જે ઉલટ પોતાના પીતાજી ધરાવતા હતા, તેજ ઉલટ એ શેઠે ચાલુ રાખી છે અને Premier Landlord" નો દરજજો જાળવી રાખ્યો છે. એ શેઠે પોતાના પીતાજીએ સ્થાપેલાં કામકાજો ને ઘણાં વધારી દીધાં છે અને કેટલીક જાણીતી પેઢીઓમાં લગભગ ભાગી દાર જેવા છે. પારસી પંચાયત ઉપરાંત ગાડીખાતાની અગીયારીના એક ત્રસ્ટી છે. શેઠ નાદીરશા હવા ફેર માટે વીલાયત સીધાર્યા હતા, જ્યાંથી લડાઇને લીધે પાછા ફરી શક્યા હતા નહીં, તે દરમ્યાન તેઓને બે કારી જખમો ખમવા પડયા છે અને તે એઓ શેઠના એક નવજવાન બેટા અને એક પુરી બેટીના અકાળ મરણો છે, જે બંન્નેના ઉદમણામાં બીજી બાદશાહી રકમો સખાવતમાં આપી છે અને પોતાના પીતાજીના વીલની છેલ્લી ખાહેશ મુજબ બીજી ત્રણ લાખની રકમ પણ પારસીઓ માટેના કોઇ લાયક કામમાં વાપરવાના એ શેઠનો ઇરાદો છે. બહુજ એકમાર્ગી અને ભલા ગ્રહસ્થ છે અને કોમ પર કોમમાં ઘણું સારૂં માન અને ઇજત ધરાવે છે.

ખા. બા. નશરવાનજી રૂશતમજી મેહેતા

આપણા ઘણાખરા સખીવજુદ શ્રીમંતો ગરીબાઈમાંથી આગળ વધેલા જણાય છે અને આજે કરાચીના જરથોસ્તીઓમાં આગેવાન જગા લેનાર ખા. બા. નશરવાનજી પણ ઘણી ગરીબી સ્થીતીમાંથી વધ્યા હતા, ખા. બા. મેહેતાએ શરૂઆતમાં નાના પાયા ઉપર ધંધાની શરૂઆત કરી હતી, જે પછી ખોદાની બક્ષેશથી વધીને આજે "નશરવાનજીની કુા." નું નામ મશહુર બનાવી દીધું છે. ખા. બા. મેહેતાએ ઘણા સખાવતી કામો કર્યા છે અને તેમની ગરીબોને ઘણી છુપી મદદ છે. પોતાના મરહુમ

ધણીયાણીના નામે "ગુલબાઈ એજ્યુકેશન ફંડ" સ્થાપ્યું છે, જેમાંથી ગરીબ વિદ્યાર્થીઓને મદદ આપવામાં આવે છે. વળી પોતાના મરહુમ ધણીયાણીની યાદમાં પારસી પંચાયતની જગા ઉપર એક ચોલ ગરીબો માટે બંધાવી આપી છે. એ ઉપરાંત સુરત ખાતેના સુવાવડખાનાને એજ મરહુમનું નામ આપવાની શરતે રૂ. ૧૫૦૦૦ ની બક્ષેશ કરી છે. કરાંચીમાં "ગુલબાઈ મેટરનીટી હોમ" જેની નવી ઈમારત હવે થોડુકમાં ખુલી મેલાશે, તે માટે રૂ. ૬૦ હજારને આસરે આપવા ઉપરાંત મકાનને સંપુર્ણ બનાવવામાં જાતી દેખરેખ અને મેહેનત લીધી છે. કેળવણીના કામને અને દરેક જાતની સ્પોર્ટસને ખા૦ બા૦ નશરવાનજી ઘણુ ઉતેજન આપે છે, જે માટે કપો અને ચાંદો વખતો વખત એઓએ એનાયત કર્યા છે. એઓ કોમના શારીરીક બાંધાને અસલ સ્થીતી ઉપર આવેલો જોવાને ઘણા ઇંતેજાર છે. ગરીબોને આગલ વધારવા કાળજી લે છે. સદરની દરેમેહેરના ત્રસ્ટી તરીકે હમણાંજ એ શેઠે દરેમેહેરને નવા રંગ રૂપમાં ફેરવી નાખવાની ભારે જેહમત લઈને જરથોસ્તીઓને બહુ ફાયદો કરી આપ્યો છે. ખાસ કરી ઉપરનો હોલ ઘણો ઉપયોગી થઈ પડયો છે. લેડી ડફરીન હોસપીટલમાં ૧૯૧૦ ના સાલમાં હથ્યારોનો એક સેટ એઓએ બક્ષેશ આપ્યો હતો. દરેક કામમાં સારો ભાગ લે છે, અને હાજતમંદ ખાતાઓને એઓનો ઠીક ટેકો છે.

ખા. બા. કાવશજી હોરમસજી કાત્રક.


ખા. બા. કાવસજી કાત્રક જેવા ભોલા અને ભલા ગ્રહસ્થો ઘણા થોડા હશે. પોતાની કમાનીના પ્રમાણમાં ખા. બા. કાત્રકે જેટલી સખાવત કરી છે તેટલી ઘણા થોડાઓએ કરી હશે. એ શેઠની જીંદગીની તવારીખ ઘણી જાણવા જેવી છે. એઓનો જન્મ ૧૮૫૬ માં મુંબઇમાં થયો હતો. સર જમશેદજી સ્કુલમાંથી ઉંચા નંબરે મેત્રીકની પરિક્ષા પસાર કરવા પછી એઓ મેડીકલ કાલેજમાં જોડાયા, પણ બીમારીને સબબે અભ્યાસ પડતો મુકી, વાંદરાની પારસી બોર્ડીંગ સ્કુલમાં શીક્ષક તરીકે કામ બજાવવા માંડયું. પાછળથી તે છોડીને રાવલપીંડી ખાતેની મેસર્સ જામાસજીની કું. માં નોકરીએ ગયા, જ્યાં ૧૪ વર્ષ ધંધાનો અનુભવ મેળવી કલકત્તા ખાતે પોતાને હીસાબે બીઝનેસ કરવા માંડયું. આ વેળા કરાચીનું બારૂં ખીલતું જતું જોઇને તેઓનું ધ્યાન એ તરફ ખેંચાયું અને તેથી ૧૮૯૧ ના સાલમાં એઓ અત્રે



આ. આ. કાવશજી હોરમસજી કાત્રક.
પારસી પંચાયતના ટ્રસ્ટી.



શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાલા.
પારસી પંચાયતના ટ્રસ્ટી.



શેઠ નાદીરશા એદલજી દીનશાહ
પારસી પંચાયતના ટ્રસ્ટી.



ખા૦ ખા૦ નશરવાનજી રૂસ્તમજી મેહેતા
પારસી પંચાયતના ટ્રસ્ટી.

આવી ઠરીઠામ થયા. ખા. બા. કાત્રકની પસંદ કરવાજોગ ખાસીયત એ છે કે તેઓ જે કમાય તેનો ચોક્કસ ભાગ તેઓ હમેશાં સખાવતમાં આપતા રહે છે. કરાંચીમાં પેહેલી સખાવત તેમને ગાડીખાતાની અગ્યારીના દાદગાહ સાહેબને આતશ આદરાનમાં ફેરવવા માટે કરી હતી. પારસી ઇન્સ્ટીટયુટ મધેનો સ્વીમીંગ બાથ તેઓની સખાવતને આભારી છે. કરાંચીમાં ગરીબ જરથોસ્તીઓ માટે સસ્તાં ભાડાંની ચોલ બાંધવાની પેહેલ એમના તરફથી થઈ હતી, અને એ શુભ દાખલાની આપણા શ્રીમંત જરથોસ્તીઓએ નકલ કરી છે, જેની બરકતથી પંચાયતની વાડીની પડત જમીન આજે હલીમળી રહી છે અને ઘણા પારસી કુટુંબો ઠર પડયાં છે, એટલુંજ નહી પણ વીર બાઇજી સ્કુલને એમનીજ પેહેલથી ઘરખમ રકમ હર સાલ દરેક ચોલમાંથી મળતી રહી છે. એ ઉપરાંત વીરબાઇજી સ્કુલને છેલ્લાંજ રૂ. ૫૦૦૦ ની બીજી વધુ મદદ એમને કરી હતી. એઓએ લેડી ડફરીન હોસપીટલમાં એક વોર્ડ પારસીઓ માટે ખાસ રાખવા માટે ૭૦૦૦ રૂ. આપ્યા હતા અને પાછળથી નામદાર ગવરનર લોર્ડ વીલીંગ્ડનની મુલાકાત વેળા હોસપીટલના નીભાવ ફંડમાં રૂ. ૫૦૦૦૦ આપવાથી "બાઈ વીરબાઇજી મેટરનીટી વીંગ" એવું આખાં મકાનને તેમના માતાજીનું નામ આપવામાં આવ્યું છે. વળી યંગ મેન્સ ઝોરોએસ્ત્રીયન એસોસીએશન, જેના એઓ કેટલાંક વર્ષોથી પ્રમુખ છે તેને માટે લાયક મકાન બાંધી આપવા અને એક લાયબ્રેરી માટે રૂ. ૩૦ હજારને આસરે આપવાનું જાહેર કર્યું છે. એ મકાનમાં એક મોટો હોલ પણ સર અવસરે વાપરવા માટે કોમને મળી શકશે.

લડાઇ દરમ્યાન પણ ખા. બા. કાત્રકે ઘણી ભારે સેવા બજાવી છે અને લડાઇના અને બીજાં ફંડોમાં સારી મદદ આપવા ઉપરાંત મોટી રકમની વોર લોનો ઉપાડી છે. લડાઇને લગતાં ઘણાં ફંડોના ટ્રેઝરર તરીકે એમને કામ બજાવ્યું છે. યંગ મેન ક્રીશ્ચીયન એસોસીએશનને એક "હટ" બાંધવા હમણાંજ રૂ. ૬૦૦૦ આપ્યા છે. ચીલડ્રન્સ હેપી ફંડમાં કરાચીમાંથી સૌથી વધુ ફાળો રૂ. ૩૦૦૦ એમને આપ્યો છે. કલીફ્ટન ખાતે હમણા બંધાતી "પરેડ" ઉપર એક બેંડ સ્ટેંડ બનાવવા માટે એમને રૂ. ૧૫૦૦૦ આપવાનું જાહેર કર્યું છે. એ ઉપરાંત ખા. બા. કાત્રકની ઘણી નાની મોટી સખાવતો છે જેની નોંધ અત્રે લેવાનું મુશ્કેલ છે. એઓ ઓ: મેજીસ્ટ્રેટ અને સરકાર તરફથી નેમાયલા મ્યુનીસીપલ કાઉન્સીલર છે, અને દરેક કોમી કે શેહેરી સવાલોમાં સારી ઉલટ લે છે.

શેઠ ઘડીયાળીનું દોખમું.

કરાચીમાં જરથોસ્તીઓ આવીને વસવાને લગતી આજ સુધીની ટુંક હકીકત રજુ કરી હું હવે જરથોસ્તીઓએ સ્થાપેલા ધર્મના મકાનો અને ફંડો વગેરેની હકીકત ટુંકમાં રજુ કરીશ.

મેં આગળ જણાવ્યું છે તેમ શેઠ હોરમજી દાદાભાઈ ઘડીયાળીએ કરાચીમાં આવવા પછી જે પેહેલું કામ કીધું તે પોતાના પીતાજીની યાદમાં એક દોખમું બંધાવવાનું હતું. આ દોખમાનો તાણો પુરવાની ક્રીયા તા. ૨૨ મી એપ્રેલ ૧૮૪૭ ને દીને થઇ હતી, અને તા. ૨૫ મી જાનેવારી ૧૮૪૮ ને દીને તેને રીતસર પરથાવવામાં આવ્યું હતું. આ વેળા મુંબઈના પેપરોમાં જાહેર ખબર છપાવી સરવે ઠેકાણેના જરથોસ્તીઓને આ કામમાં સામેલગીરી આપવાની તેઓએ અરજ કરી હતી અને કરાંચી તથા તેની આસપાસના યુરોપ્યન અને દેશી અમલદારો તથા વેપારીઓને તેમની નોકરીમાં જે જરથોસ્તીઓ હોય અને જેઓ આ ક્રીયામાં સામેલ થવા માંગતા હોય તેઓને એ દીવસે રજા આપવાને એલતેમાસ કરી હતી, જે ઉપરથી જશનની મીજલસમાં ઘણી મોટી સંખ્યામાં જરથોસ્તીઓએ સામેલ ગીરી આપી હતી. જશનની ક્રીયા દસ્તુર ફરદુનજી બેહેરામજી જામાસ્પઆસાનાએ કરી હતી. આ દોખમા ઉપરની તખ્તી ઘસાઇ ગયલી છે અને આજે વાંચી શકાતી નથી, પણ તે ઉપર અંગ્રેજી અને ગુજરાતીમાં નીચલી તખ્તી હોવાનું જણાય છે:—"આએ દોખમુ પારસી હોરમસજી દાદાભાઈ ઘડીયાલી સુરતવાસીએ પોતાના મુરબ્બી દાદાભાઇ હોરમજીના સવાબ થકી બંધાવ્યું છે. ઈ૦ સ૦ ૧૮૪૭"

જશનની ક્રીયા પુરી થવા પછી શેઠ હીરજીભાઇ જમશેદજી બેહેરાનાએ એક દરેમેહેર બંધાવવાની તદારસ્તી પઢાવી હતી.

અંજુમનના ઉખશતથી બંધાયલું દોખમું.

જરથોસ્તીઓની વસ્તી દીનપરદીન વધવાથી શેઠ ઘડીયાલીએ બંધાવેલુ દોખમુ નાનું પડવાથી તથા જરા બીસ્માર થવાથી નવું દોખમું બંધાવવાનો વિચાર કરવા માટે તા. ૧૨ મી જાનેવારી ૧૮૭૩ ને દીને અંજુમનની

એક સભા પારસી વીરબાઇજી સ્કુલના મકાનમાં મળી હતી, જે વેળા ઉંઘરાણુાની ટીપ ફરતી કરી, નવું દોખમું બંધાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવની રૂએ થયલાં ઉઘરાણુામાંથી બંધાવવા માંડેલાં દોખમાંનો તાણો પુરવાની ક્રીયા તા. ૧ લી જાનેવારી ૧૮૭૪ને દીને કરવામાં આવી હતી, ક્રિયાની છેવટે શેઠ જમશેદજી ફરામજી માસ્તરે એ નવાં દોખમા બાબેનો રીપોર્ટ વાંચી સંભળાવી ભાષણ કીધું હતું. જે બાદ નેઆતનું જમન જમી મેળાવડો વીસરજન થયો હતો. તાણુા અને ન્યાતના કામની ગોઠવણુ શેઠ માણેકજી ફરામજી કોલાએવાલાએ તારીફ લાયક રીતે કીધી હતી.

આ દોખમું પરઠવાની ક્રીયા તા. ૬ ઠી જુન ૧૮૭૫ ને દીને કરવામાં આવી હતી. જશનની ક્રીયા પુરી થવા બાદ શેઠ જમશેદજી ફરામજી માસ્તરે એ દોખમાંના ફંડની આવક તથા ખરચનો હીસાબ વાંચી સંભળાવ્યો હતો, જે પછી તેના સેક્રેટરી અને ખજાનચી શેઠ અરદેશર ગુસતાદજી કોહીયારે ફંડમાં નાણુા ભરાવવા માટે લીધેલી મેહેનત માટે તેઓનો તથા શેઠો કાવશજી માણેકજી, જમશેદજી પેશતનજી એકરીવાલા અને માણેકજી ફરામજી કોલાએવાલાએ એ દોખમું બાંધવા પાછલ લીધેલી મેહેનત માટે તેઓનો ઉપકાર માનવામાં આવ્યો હતો. આ દોખમા ઉપરની તખ્તી પણ વાંચી શકાય એવી હાલતમાં નથી પણ તે ઉપર નીચલી તખ્તી હોવાનું જણાય છે:—"આએ દોખમું જરથોસ્તી અંજુમનના ખરચથી બાંધીઉ છે, જેનો તાંનો રોજ ૧૩મો તીર માહ ૪થો તીર સને ૧૨૪૩ યઝદેજરદી અને રોજ ૧૯મો ફરોખ ફરવરદીન માહ ૯મો આદર શેહેનશાહીને દીને ઇજવાની ક્રીયા કીધી હતી. કરાચી તા. ૬ઠી જુન ૧૮૭૫."

આ દોખમાના ફંડમાં બધા મળી રૂ. ૧૯૬૯૪ ભરાયા હતા, તથા વ્યાજ વગેરે બીજી કેટલીક ઉપજ મળી રૂ. ૨૦૨૯૨ થયા હતા અને દોખમું બાંધવા પાછલ ખરચ રૂ. ૨૦૩૧૮॥। થયો હતો. ફંડમાં મુખ્ય રકમ કરાચીના જરથોસ્તીઓએજ ભરી હતી. આ ફંડમાં ૫૦૦ રૂ. સુધીની રકમ ભરનારા જરથોસ્તીઓનું લીસ્ટ અત્રે આપેલું પ્રસંગોપાત થઇ પડશે એમ સમજી હું તે નીચે રજુ કરૂં છું:—

૨૫૩૫ જાંગીરજી જમશેદજી અલેચાવાલા (રાજકોટવાલા); ૨૫૨૫ હોરમજી સોરાબજી કોથારી; ૨૫૦૦ જમશેદજી રૂશતમજી ઘડીયાલી; ૧૦૧૧ મરહુમ ખરશેદજી જમશેદજી રાજકોટવાલા હા. અરદેશર ખરશેદજી, ૧૦૧૦ બેરાંમજી મેરવાનજી કોટવાલ; ૧૦૦૦ હીરજીભાઈ જમશેદજી બેહેરાના; ૭૫૦ અરદેશર ગુસતાદજી કોહીયાર; ૫૨૫ બેરામજી પીરોજશા મીનવાલા; ૫૧૫ એદલજી દીનશાહ શરાફ અને ૫૦૦ ફરામજી મેરવાનજી નાણાવટી.

દોખમાની આગલનો બગીચો

આ દોખમાની જગા ઘણી વેરાન હાલતમાં પડેલી છે. ત્યાં બગીચા જેવું કશુ નથી અને જે છે તે નહીં જેવુ છે. પાંણીની તાણને લીધે તેમજ જગા પથ્થરની હોવાથી ઝાડપાન કાંઈ થતું નથી. એ માટે શેઠ જીવનજી ઘડીયાલીએ આસરે ૨૮ વર્ષ ઉપર એક ફંડ સ્થાપ્યું હતુ, જેની સીલક તા. ૩૦ મી જુન ૧૯૧૯ સુધીમાં રૂ. ૩૩૬૦–૧૫–૩ જેટલી છે. એ બગીચા ઉપર એજ શેઠના બેટાઓ ભાઇઓ હોરમજી અને પીરોજશા દેખ રેખ રાખે છે, અને તેમની મેહેનતથી થોડાં ઘણાં ઝાડપાન થયાં છે, પણ પાણીના નલો વગેરે સરી જવાથી વખતો વખત પાણીની બુમ પડે છે, અને થયલાં ઝાડપાન સુકાઈ જાય છે. બગીચાને તદન સારી હાલતમાં મુકવા માટે બધા નલો નવેસરથી નાંખવામાં આવે તોજ કાંઇ બની શકે એમ છે અને તે માટે લગભગ ૨૫ થી ૩૦ હજારના ખરચનો અડસટો કાઢવામાં આવ્યો છે. અત્યારે દર મહીને રૂ. ૬૦ નો ખરચ એ બગીચા પાછળ થાય છે, અને નલ વગેરેની ભાગતુટ વેળા વધારાનો ખરચ એ ફંડમાંથી કરવામાં આવે છે.

દોખમા આગલના બીજાં મકાનો

દોખમા આગલ કાંઈ સંખ્યાબંધ તખ્તીઓ નજરે પડે છે. કોઈક ઠેકાણે તો માત્ર તખ્તીઓ જેમની તેમ રહેવા પામી છે, જ્યારે જે ચીજને માટે તખ્તી મારેલી છે તેનુ નામ નીશાન જણાતુ નથી. પેહેલાં તો દોખમાના દરવાજામાં ભરાતાંજ સીંધ ડીસ્ટ્રીકટના એસીસટન્ટ એજ્યુટંટ જનરલની સહી સાથેનો તા૦ ૧૩ મી સપટેંબર ૧૮૯૦ નો એક ઓરડર

નજરે પડે છે, જેમાં બ્રીગેડીઅર જનરલ બોઇસકોમ્બ, જેઓ પારસીઓના મોટા ખેરખાહ હતા, તેમના હુકમથી કોઈ પણ લશકરી સીપાહને દોખમાની હદમાં જવાની મનાઈ ફરમાવી છે કે તે પગલું જરથોસ્તીઓની ધાર્મીક લાગણી દુઃખવનારૂ છે.

દોખમાની આસપાસની દીવાલ જે સદંતર બીસમાર હાલતમાં છે, તેના ઉપર નીચલી તખ્તી છે:–" કાવશજી બેરામજી કલેકટર તથા જીવનજી બરજોરજી ઘડીયાલીએ બંધાવી છે. ૧૮૯૫."

એ પછી અંદર જતાં અધવચે એક મકાન બીસમાર હાલતમાં નજરે પડે છે, જે આગલ બાહેરથી આવતાં રવાંનોને રાખવા માટે વાપરવામાં આવતું જણાય છે. તેના ઉપર નીચલી તખ્તી છે:–" કેખશરૂ દાદાભાઈ પટેલે પોતાના મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇના પુનને માટે બંધાવ્યું છે. તા. ૧૨મી નવેંબર ૧૮૯૬."

ખાંધ્યા નસેસાલારોને નાહાવાની જગા મરહુમ ખરશેદજી ધનજીભાઇ દારૂવાલાના પુનને માટે તા. ૩૦–૫–૧૮૯૯ ને દીને બંધાવી આપવામાં આવી છે.

આ જગામાં શરૂઆતમાં દાખલ થવાના દરવાજાથી તે ઘડીયાલીના દોખમા આગલ સુધીના પાકા રસ્તાને " જીવનજી પેશતનજી દુબાશ રોડ" નામ આપવામાં આવ્યું છે. જે તા. ૨૫–૧૨–૧૮૮૮ ને દીને શેઠ પેશતનજી ભીખાજી દુબાશના પુનને માટે બંધાવી આપવામાં આવ્યો છે.

એ ઉપર કહેલા રસ્તાથી સગડી સુધીનો પાકો રસ્તો " તા. ૯–૯–૧૯૦૭ ને દીને શેઠ જીવનજી પેશતનજી દુબાશની મારફતે બાઈ દીનબાઇના પુન માટે તેઓના બેશીઓએ બંધાવ્યો છે" એવી તખ્તી છે.

સગડીનું મકાન કાંઇક બેડોળ દેખાવતું અને આજની વધેલી વસ્તીના પ્રમાણમાં સદંતર નાનું છે તે તા. ૧ લી ઓગસ્ત ૧૮૯૧ ને દીને શેઠ જીવનજી પેશતનજી દુબાશ તથા છોકરાઓએ પીરોજશા પેશતનજી દુબાશના પુન માટે બંધાવી આપેલું જણાય છે.

એજ મકાનની લગોલગ માંડ માંડ આસરે ૪૦ માણુસ બેશી શકે એવો ઓટલો છે જેના ઉપર નીચલી તખ્તી છેઃ—" ખુરશેદબાઈ તે ખા. બા. શેઠ બેરામજી જાંગીરજી રાજકોટવાલાના ધણીયાણીના ધરમના ફંડ મધેથી સગડીને લગતું આએ મકાન બંધાવ્યું છે. તા. ૨૨ મી મે ૧૮૯૫."

સગડીના મકાનથી થોડે છેટે એક મજાનો નાનો જશનનો ઓટલો છે, જે ઈરાની ભાઇઓના વપરાશ માટે શેઠ જાંગીર રૂશતમ ઈરાનીએ પોતાંના મરહુમ ધણીયાણીના ભાઈ રૂશતમ ખોદાદાદ તથા ધણીયાણી શીરીન બાઈના પુન માટે બંધાવી તા. ૨૧મી માર્ચ ૧૯૦૨ ને દીને ખુલ્લો મેલ્યો છે. આ ઓટલો એકલા ઈરાની જરથોસ્તીઓજ વાપરતા નથી, પણ સઘળી વખતે જશનની ક્રીયા એજ ઓટલા ઉપર થાય છે.

એ ઓટલાની થોડેક દુર એક મકાન છે, જે બાહેરથી આવતા સ્વાંનોને રાખવા માટે બંધાયલું નવું મકાન જણાય છે. એ મકાન તા. ૧ લી નવેમ્બર ૧૯૦૫ ને દીને ખુલ્લું મેલાયું હતું જે ઉપર નીચલી તખ્તી છેઃ— " શેઠ અરદેશર ખરશેદજી રાજકોટવાલાના પુનને માટે એઓના જમાઈ બમનશા રૂશતમજી ગોટલાએ બંધાવી આપ્યું છે."

એજ મકાનની સામે એક બીજું મકાન છે જે ડુંગર ઉપર આગલ રહેતા મોબેદને માટે વાપરવામાં આવતું હતું એમ કહેવાય છે, અને ત્યાંને લગતાં વાંસણો વગેરે રાખવામાં આવે છે, તે મકાન " બાઈ બચુબાઇ તે શેઠ જીવનજી દુબાશના સાસુના પુનને માટે એઓના છોકરાઓએ તા. ૫ મી સપટેંબર ૧૮૯૦ ને દીને બંધાવી આપ્યું છે" એવી તખ્તી છે.

શેઠ ધડીયાલીના દોખમા અને અંજુમનના દોખમાંની વચમાં એક નાની સગડી છે, જે ઉપર કહેલી નવી સગડી કરતાં કોઈ રીતે ઉતરતી નથી, તેના ઉપર કશી તખતી નથી, પણ તે શેઠ શાપુરજી હોરમજી સોપારીવાલાએ તા. ૧૦મી નવેંબર ૧૮૫૭ ને દીને બંધાવી આપી હતી એવી "પારસી પ્રકાશ" માંથી નોંધ મળે છે. એ સગડી છાપરાં સાથે બંધાવી આપવામાં આવી હતી, પણ આજે તેના ઉપર છાપરૂં નથી.

દોખમા આગલથી હેઠલ ઉતરતાં બે ત્રણ પાણીના રેહતો નજરે પડે છે. એક રેહેંત જે હાલ ચાલુ છે તેના ઉપર એવી તખ્તી છે કે " ખા. સા. ધનજીશાહ બેદલજી મનાના પુન માટે બંધાવી આપ્યો છે. તા. ૧૫ મી જુન

૧૮૯૪." એની થોડે દુર એક બીજો રેહેંત છે, જે પણ વાપરી શકાય એવો છે, પણ પાણી ખેંચવા માટે વપરાતો લાકડાનો સઘલો સામાન સડી ગયો છે, પરિણામમાં જે ભાગમાં એ રેહેંત મારફતે પાણી આપવામાં આવતું હતું, ત્યાંના ઝાડપાનો સુકાઈ ગયાં છે, અને જ્યાં સુધી એ સમરાવવામાં આવે ત્યાંસુધી તે પડત પડી રહેશે એમ લાગે છે.

"ઢોરોને પાણી પીવાનો અવાડો" એવી એક રસ્તાના નાકાં ઉપર મોટી તખ્તી છે. તખ્તી અને તે ઉપરનો લેખ તદ્દન સલામત છે, પણ અવાડાનું નામ નીશાન નજરે પડતું નથી. લેખ નીચે મુજબ છેઃ–"પીરોજશા પેશતનજી દુબાશના પુનને માટે એઓના ભાઈ જીવનજી પેશતનજી દુબાશે ઢોરોને પાણી પીવાને સારૂ આ અવાડો બંધાવ્યો છે. તા. ૩૧મી જુલાઈ ૧૮૯૧."

એ અવાડાની થોડે દુર એક ભાંગેલો રેહેંત છે, તેની તખ્તી જે નીચે મુજબ છે તે સલામત છેઃ— "બાઇ ધનબાઇજી તે ખા૦ બા૦ રતનજી બેજનજી પારેખના ધણીયાણીના પુનને માટે બંધાવ્યો છે. તા. ૧ લી નવેમ્બર ૧૮૯૭."


એજ રેહેંતની જોડેજોડ એક પાણીની ટાંકી છે, જે પણ પડત હાલતમાં છે. તેની ઉપર આ પ્રમાણે તખ્તી છેઃ–"આદરજી દોશાભાઇ ગાંધી જેઓ તા. ૧૩ મી ડીસેમ્બર ૧૮૯૪ ને દીને હક થયા તેવણના પુનને માટે ધણીયાણી બાઈ રતુબાઈ અને છોકરા બેરામજી આદરજી ગાંધીએ બંધાવી આપી છે."

હમણાં મોટી ધામધુમથી અંજુમનનું બંધારણ થયું છે અને બધું છે, પણ અંજુમન પાસે કશું પણ રીઝર્વ ફંડ નથી કે અંજુમનની મીલકતોની મરામત માટે એક પાઇની પણ સીલક નથી. હવે પછી કદાચ નવું ફંડ ઉભુ થશે, પણ હાલમાં તો શેઠ જીવનજી બરજોરજી ઘડીયાલીના છોકરાઓએ "દોખમા અને સગડી મરામત ફંડ" એવું એક ફંડ ચાલુ કર્યું છે અને તેમાં તા. ૩૦ મી જુન ૧૯૧૯ સુધીમાં રૂ. ૧૦૩૧ ભરાયલા જણાય છે. આ ફંડમાંથી દોખમા સગડીની મરામત તથા દોખમાંને પહરેજવાનું કામ કરાવવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે. દોખમા અને તેને લગતી જગાનું વર્ણન અત્રે પુરૂં થાય છે.


રવાંનોને અવલમંજલ પોહોચાડવાનું ફંડ.

દોખમાને લગતી ઉપલી સઘલી હકીકતોની સાથે સાથે તેને લગતાં આ એક જરૂરી ફંડની વીગત પણ અત્રેજ રજુ કરી હું આગલ વધીશ.

આગલ જ્યારે પણ કોઈ રવાન થતું હતું ત્યારે તે વખતના પારસી શેઠયાઓને ઘર કામ કરવા રહેલા નોકરો મદદમાં નીકળતા હતા. પાછલથી આપણા લોકો સુધરી ગયા અને જરથોસ્તી નોકરોને બદલે પર જાતનાને રાખવા લાગ્યા, તેમજ બીજી રીતનો આપણી રીતભાતમાં સુધારો થતો ગયો, તેમ તેમ મરણ વખતે તકલીફ પડવા લાગી અને ૧૮૮૧ ના સાલમાં તે બુમ ઘણી વધી પડી. આથી ખાંધ્યા નસેસાલાર રાખવા માટેના એક ફંડની શરૂઆત કરવાની જરૂર જણાઈ અને તે માટે તા. ૬ઠી માર્ચ ૧૮૮૧ ને દીને અંજુમનની એક સભા મળી હતી જ્યાં ફંડ ભેગું કરવામાં આવતાં શેઠ જેહાંગીર હોરમજી કોઠારીએ રૂા. ૧૦૦૦ અને શેઠ અસપંદીયાર દીનશા ખંબાતાએ રૂા. ૫૦૦ ભર્યાં હતા; અને ફંડની વ્યવસ્થા કરવા માટે ૭ ગ્રહસ્થોને ટ્રસ્ટી તરીકે નેમવામાં આવ્યા હતા. પાછળથી મરહુમ શેઠ એદલજી દીનશાહે તા૦ ૨૫ મી મે ૧૮૮૨ ને દીને એ ફંડમાં રૂ. ૧૦૦૦૦ ભર્યાં હતા, જે માટે અંજુમને તા. ૧૭ મી ડીસેંબર ૧૮૮૨ ને દીને એ શેઠને માનપત્ર અને એક શાલ તથા રૂપાંનો જગ ભેટ આપ્યો હતો. એ આગમજ એજ શેઠે તા. ૨૫ મી મે ૧૮૮૦ ને દીને રૂા. ૫૫૫૫ આપીને "સગડી ફંડ" એવું એક ફંડ સ્થાપ્યું હતું. પાછલથી તા. ૨૦ મી મે ૧૮૮૩ ને દીને શેઠ એદલજી દીનશાહે બન્ને ફંડો જોડી નાખી તેમાં બીજા રૂા. ૪૬૦૧ ઉમેરી એ ફંડોનો વહીવટ પોતા હસ્તક લીધો હતો, અને તેને "જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ" એવું નામ આપ્યું હતુ, તે વેળા ફંડની સીલક રૂા. ૨૨૦૦૧ જેટલી હતી. ૧૮૮૫ માં એજ શેઠે એ ફંડમાં બીજા રૂા. ૮૦૦૦ અને ૧૮૮૮ માં રૂ. ૨૦૦૦ ઉમેર્યા હતા અને સરઅવસરે નાની મોટી રકમો એઓના કુટુંબીઓ તરફથી એ ફંડમાં ચાલુ ભરાતી રહે છે. અંજુમન તરફથી પણ એ ફંડમાં નાણું આપવામાં આવે છે, પણ વર્ષે દીવસે ઘણી નજીવી રકમ કોમ તરફથી ભરાય છે. તા. ૧લી એપ્રેલ ૧૯૧૯ ને દીને એ ફંડની સીલક રૂ. ૮૨૦૨૦ જેટલી હતી.



સેજદગાહે સ્થાન—સદર.



સેજદેગાહે રવાન—ગાડીખાતા.

આ ફંડમાંથી એક મોબેદ, બે નસેસાલારો અને ચાર ખાંધીયાઓને પગારદાર રાખવામાં આવે છે. અગઠી માટે તેલ, સુખડ, લોબાન અને લાકડાંનો ખરચ થાય છે. ગરીબ જરથોસ્તીઓ હક થાય અને શક્તી નહીં હોય તેઓનો ચાર દિવશનો ખરચ આપવામાં આવે છે અને રવાનને અવલમંજલ પોહોંચાડવા માટે કોઈની પાસેથી એક પાઇ પણ લેવામાં આવતી નથી.

હાલ નીચલા ગ્રહસ્થો એ ફંડના ટ્રસ્ટીઓ તરીકે કામ બજાવે છેઃ—
શેઠ નાદીરશા એદલજી દીનશાહ, ડા૦ કેખશરૂ નાનાભાઈ સ્પેનસર, શેઠ માણેકજી દોરાબજી તલાટી, શેઠ હોશંગ નાદીરશા એદલજી દીનશાહ, અને શેઠ મીનોચેહેર કેખશરૂ સ્પેનસર.

ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ટ્રેઝરર તરીકે સને ૧૮૮૫ થી આજ દીન સુધી શેઠ માણેકજી દોરાબજી તલાટી કામ બજાવે છે.

નસાખાનું અને સેઝદેગાહે રવાન

સદરમાં મેન્સફીલ્ડ સ્ટ્રીટમાં આવેલું નસાખાનું તા. ૪ થી ઓગસ્ટ ૧૮૪૯ ને દીને શેઠ બેરામજી મેરવાનજી કોટવાલે એક કુશાદે કંપાઉન્ડવાળી જગા લઈ પારસીઓના વપરાસ માટે બંધાવી આપ્યું હતું. જે મકાન પાછલથી ભારે વરસાદમાં પડી જવાથી ઈ. સ. ૧૮૬૬ માં શેઠો શાપુરજી હોરમજી સોપારીવાલા અને હોરમજી પેશતનજી દુબાશે (શરાફ) મળી નવેસરથી પાકું બંધાવી આપ્યું હતું. હાલમાં એજ ઠેકાણે મરહુમ શેઠ રૂશતમ બેરામ ઇરાનીએ "સેઝદેગાહે રવાન" એ નામનું એક નવું કુશાદે મકાન બંધાવી આપ્યું છે. પારસી કુટુંબો પેહેલાં જેમ અલગ રહેતાં હતાં તેવું રહયું નથી. આજે તો પર કોમનાઓ સાથે એકજ ઘર કે ચાલીમાં પારસીઓને ફરજ્યાત રહેવું પડે છે અને કોઇ મરણ થતાં તેની ક્રીયા માટે ઘણી અડચણ પડે છે. આથી રવાંનોને કોઇ અલાહેદી જગાએ ખસેડી ત્યાં ક્રીયા કામ કરવાની સગવડ હોય તો લોકોની ઘણી હાડમારી દુર થાય એવો વિચાર બરપા થતાં અને તે વાત મરહુમ શેઠ રૂશતમના કાન ઉપર આવતાં તેઓએ તુરતજ છુપે નામે રૂ. ૫૦૦૦ ની રકમ એ કામ માટે કાઢી આપી હતી, પણ પાછલથી તે બંધાવી આપનાર તરીકે મરહુમનું નામ બહાર આવ્યું હતું. આ મકાન જે તા. ૧લી એપ્રેલ ૧૯૧૭ ને દીને ખુલ્લું મેલાઈ અંનજુમ-


નને સ્વાધીન થયું હતું, તે ઉપર નીચલી તખ્તી છે:—"આ મકાન કરાચીની પારસી અંજુમનના લાભ માટે એક જરથોસ્તીએ બાઈ જરબાનુ બેહરામ ખોરબાદી ઇરાનીની અશો યાદમાં બંધાવી આપ્યું છે."

મરહુમ શેઠ રૂસ્તમના સંબંધમાં અત્રે બે બોલ બોલીને હું આગળ ચાલીશ. મરહુમે માત્ર રૂ. ૨૦ ના પગારથી પોતાની જીંદગી શરૂ કીધી હતી, જે પછી આપબળથી વધ્યા હતા. કવેટા ખાતે દારૂના ધંધામાં પડવા પછી મરહુમે ઠીક નાણું પેદા કર્યું હતું, અને તે બાદ મચ્છીનો વેપાર શરૂ કર્યો હતો. મરહુમ ઘણા રાંક અને ભલા સ્વભાવના હતા અને ગરીબોને મદદ કરવા હમેશ તતપર રહેતા હતા. તેઓ કોઇ રીતે લોકોનું ભલું કરવાને હમેશાં ખાહેશ રાખતા હતા અને કોઈ પણ જરૂરી બાબત ઉપર તેમનું ધ્યાન ખેંચવામાં આવતાં તુરતજ મદદ કરતા હતા. મરહુમ કરાચીમાં તા. ૧૭ મી નવેંબર ૧૯૧૮ ને દીને ગુજર્યા હતા.

ગાડીખાતાનું સેગ્રહેગાહે રવાન.

ગાડીખાતાની અગ્યારીના કંપાઉન્ડમાં પણ ઉપર કહયું તેવુંજ એક મકાન તે તરફના જરથોસ્તીઓના ઉપયોગ માટે બંધાવી આપવામાં આવ્યું છે. એ પણ છુપેજ નામે બંધાવી આપવામાં આવ્યું હતું પણ પાછળથી શેઠ બરજોરજી કાવશજી દુબાશે તે બંધાવી આપવાની વાત બહાર આવી હતી. આ મકાન ઉપર નીચલી તખ્તી છે:—

"આ મકાન પારસી જરથોસ્તી અંજુમનનાં ખાસ વપરાસ માટે એક માનવંત સખી જરથોસ્તી શેઠે પોતાને પૈસે બંધાવી આપ્યું છે. વળી એક લોખંડની હાથગાડી જે મકાનમાં રાખી છે, તે અને રોકડ નાણું રૂા. ૫૦૦) અંકે રૂપીયા પાંચસો અનામત રાખી તેના વ્યાજમાંથી મકાન અને ગાડીની મરામત કરવી. સદરહુ મકાન, ગાડી અને નાણાંની રકમ એ સઘલાં તે સખી ગ્રહસ્થે મરહુમ શેઠ ડોસાભાઈ મહેરવાનજી વહાડીઆની અગીયારીનાં ટ્રસ્ટીઓને સ્વાધીન કીધાં છે કે તે સાહેબો એની બંદોબસ્ત કરે. આ મકાન બનાવવાની મકસદ હાલનાં સંજોગ પ્રમાણે ઘણી ઉતમ અને આપણી પાક દીનના કાનુનોને શોભાવનારી છે, તે એ કે કોઈ પારસી જરથોસ્તીને ત્યાં મરણ થાય અને તેઓના ઘરમાં ક્રીયાં કામ કરવાની દીનના કાયદા મુજબ પુરે



મરહુમ શેઠ હીરજીભાઇ જમશેદજી બેહેરાના દરેમેહેર—સદર.



મરહુમ એરવદ દીનશાહજી માણેકજી દસ્તુર કામદીન.
સદરની દરેમેહેરના પેહેલા પંથકી.



એરવદ સાહેબ જમશેદજી મંચેરજી સીધવા.
સદરની દરેમેહેરના હાલના પંથકી,

પુરી સગવડ ન હોએ તો તે મરનારની લાસને ઉપલી ગાડીથી આ મકાન માં લાવી તેના બેસીઓ રવાનની ભણુતર ક્રીયા ચેહારૂમ સુધીની કરાવે. ઉપલી ખાસ મકસદ સીવાએ સીઝદગાહે રવાંનનું મકાન બીજાં કોઈ પણુ કારણુ માટે વાપરવામાં આવશે નહીં. રોજ ૧૯ મો ફરવદીન માહ ૧) લો ફરવદીન શહેનશાહી સને ૧૨૮૨ યજદેઝરદી તા. ૩૦ મી સપટેમ્બર ૧૯૧૨ વાર સોમને દીને એ મકાનને ઇજવાની ક્રીયા કીધી છે.”

શેઠ બરજોરજી દુબાશે પારસી પંચાયતની વાડીમાં સસ્તા ભાડાની એક ચોલ પણુ બંધાવી આપી છે. કોમમાં છુપે નામે સખાવત કરનારા જે જરથોસ્તીઓ આજે હસ્તી ધરાવે છે, તેમાં શેઠ બરજોરજી દુબાશનું નામ પણુ આગેવાન જગા રોકે છે. ગાડીખાતાંની દરેમેહેરના સેક્રેટરી તરીકેની ફરજો બજાવવા ઉપરાંત તે મકાનની જરૂરીયાતો વખતો વખત એ શેઠ મુંગે મોઢે પુરી પાડે છે. એઓ ઘણુા ભલા અને એકમાર્ગી ગ્રહસ્થ છે અને તારીમારીથી સદંતર દુરના દુરજ રહે છે.

હીરજી કાકાની દરેમેહેર

કરાચીમાં બે દરેમેહેરો આપણે ધરાવ્યે છીએ, તેમાંની ક્રીયર સ્ટ્રીટમાં આવેલી શેઠ હીરજીભાઈ જમશેદજી બેહેરાનાની દરેમેહેર પુરાણી છે. એ દરેમેહેર બંધાવવાની તંદોરસ્તી હું આગળ જણાવી ગયો છું તેમ તા. ૨૫ મી જાનેવારી ૧૮૪૮ ને દીને (શેઠ ઘડીઆલીનું દોખમું ઇજાયું તે દીને) પઢાવવામાં આવી હતી, અને તા. ૩ જી મે ૧૮૪૯ ને દીને તે રીતસર પરઠાવી હતી.

આ દરેમેહેર બાંધવાના સંબંધમાં એવું કહેવાય છે કે મરહુમ શેઠ હોરમજી ઘડીયાલી પોતાના ખરચે દરેમેહેર બાંધવા માંગતા હતા, જ્યારે મરહુમ શેઠ હીરજીભાઇની ખાહેશ પોતા તરફથી દરેમેહેર બંધાવવાની હતી. આથી કાંઈક તકરાર ઉભી થઈ, પણુ પાછળથી શેઠ હીરજીભાઇએજ દરેમેહેર બાંધવી એવી સમજુતી થઈ હતી. આ દરેમેહેર શેઠ હીરજીભાઇએ પોતાના રહેવાના મકાનના અરધા ભાગમાં પરઠાવી આપી હતી.

આ દરેમેહેર પેહેલાં હાલના મકાનની સામે, જ્યાં મી. સ્વાઇકીની દુકાન છે, તે મકાનમાં હતી; જે મરહુમની વસીયત મુજબ તા. ૨૭ મી


એપ્રીલ ૧૮૭૫ ને દીને મરહુમ શેઠ હીરજીભાઈના વિધવા બાઈ મેહેરબાઈ એ હાલની જગાએ નવેસરથી બંધાવી આપી હતી અને પોતાના મરહુમ ખાવીંદની ઇચ્છા મુજબ તેને માટે પકકો બંદોબસ્ત કર્યો હતો. નવાં મકાનને બાંધવા પાછળ રૂ. ૧૩,૦૯૦ નો ખરચ થયો હતો. નવું મકાન બંધાયું તેજ દિવસથી બાઈ મેહેરબાઇએ એ મકાન નીચલા પાંચ ત્રસ્ટી સાહેબોને હવાલે કર્યું હતું:—શેઠો ફરામજી મેહેરવાનજી નાણાવટી; ફરામજી કુંવરજી મોદી; પેશતનજી બહેરામજી કોટવાલ; પેશતનજી પાલણજી બેદવાર અને બમનજી દીનશાહ બોટવાલા.

હાલનું માળ સાથનું મકાન.

અસલ મકાન પુરાણી ઢપનું અને બેઠી બાંધણીનું હતું, જેમાં કેટલુક સમારકામ નીકળવાથી તે કામ હાથ ધરવાની સાથે સાથે ત્રસ્ટી સાહેબોએ તેમા ચોકસ ફેરફાર કરવા અને તેના ઉપર એક માળ ચઢાવી એક મોટો હોલ બંધાવવાનો ઇરાદો કીધો કે જેની ખરેખર ઘણી જરૂરીયાત હતી, અને કોમનાં સારાં નસીબે શેઠ અરદેશર હોરમજી મામાનું એ બાબત ધ્યાન ખેંચાતાં એ શેઠે ઉદાર દીલથી પોતાના મરહુમ મુરબ્બી ખા. સા. હોરમસજી ખરશેદજી મામાની યાદમાં એક હોલ બાંધવા રૂ. ૨૦૦૦૦ની રકમ કાઢી આપી. એ ઉપરાંત બીજા સાહેબોએ નાની મોટી રકમોની મદદ કરવાથી ત્રસ્ટીઓને જુના મકાનનું રંગરૂપ ફેરવી નાખવાની અને મકાનમાં નવા નવા સુધારા વધારા કરવાની તક મળી, અને આજે એક સુંદર મકાન હસ્તીમાં આવવા પામ્યું છે. મકાન ઉપર બંધાવલો હોલ ઘણો ઉપયોગી થઇ પડયો છે, જે તેના ચાલુ વપરાશ ઉપરથી જણાઇ આવે છે. એ હોલમાં એક સરખી ઢબની ૫૦૦ ખુરશીઓ મુકાવવાનો ત્રસ્ટી સાહેબોનો ઇરાદો છે, જેમાંથી લગભગ ૧૨૫ ખુરશીઓ સખી જરથોસ્તીઓએ અત્યાર આગમજ પુરી પાડી છે. સુધારા વધારા સાથે બંધાઇને તૈયાર થયલું હાલનું નવું મકાન તા૦ ૧૫ મી ઓગસ્ટ ૧૯૧૮ ને દીને ખુલ્લું મેળવામાં આવ્યું હતું. એ નવું મકાન બાંધવા પાછળ આશરે રૂ. ૫૨૦૦૦ નો ખરચ થયો હતો.

એ દરેમેહરનો વહીવટ હાલમાં નીચલા ત્રસ્ટી સાહેબો ચલાવે છે:—

ખા. બા. નશરવાનજી ફરામજી મેહેતા, શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાલા, શેઠ ફરામજી બેરામજી કલેકટર, શેઠ પીરોજશાહ બમનજી બોટવાલા અને શેઠ ધનજીભાઇ પેશતનજી કોટવાલ.



ખા૦ સા૦ હોરમસજી ખરસેદજી મામા.

જેઓની યાદમાં એઓના બેટા શેઠ અરદેશર મામાએ સદરની દરેમેહેરમાં એક મોટો હોલ બંધાવી આપ્યો છે.



કરાચીમા બંધાયલું જુનામાં જુનું પારસી મકાન.

જે તેની તેજ હાલતમાં અસલ બાંધણીનું પથ્થર જેવું હજુ રહેવા પામ્યું છે. અને જયાં શેઠ પેશતનજી ઘડીયાલી હાલમાં રહે છે.



મરહુમ શેઠ દોશાભાઇ મેરવાનજી વાડીયા દરેમેહેર—ગાડીખાતા.

એ દરેમેહેરના પંથકી તરીકે એરવદ સાહેબ જમશેદજી મંચેરજી સીધવાને નેમવામાં આવ્યા છે, જેઓ પોતાની લાયકી અને નમાના સ્વભાવ થી અત્રેના જરથોસ્તીઓનુ સારૂં માન ધરાવે છે.

આ દરેમેહેરના છેલ્લાં બહાર પડેલા હીસાબ મુજબ તા. ૩૧મી ડીસેંબર ૧૯૧૮ ને દીને તેની પુંજી (જુદાં જુદાં ફંડો સાથે મળીને) રૂપીઆ ૩૫,૩૩૫–૩–૧૧ જેટલી હતી.

ગાડીખાતાંની શેઠ વાડીઆની દરેમેહેર.

ગાડીખાતામાં મરહુમ શેઠ દોસાભાઇ મેરવાનજી વાડીઆ (જેઓને લગતી કાંઇક હકીકત આગલ આપી છે) ની યાદમાં મરહુમના ભત્રીજા શેઠ સોરાબજી ધનજીભાઇએ પારસી બાળકો માટે એક સ્કુલનું મકાન બંધાવ્યું હતું. (કયાં સાલમાં બંધાવ્યું હતું તેની તારીખવાર મળતી નથી) એ મકાન જોઇએ તે કરતાં મોટું હોવાથી અને એ તરફ દરેમેહેરની જરૂર જણાયાથી શેઠ સોરાબજીની બહાલીથી તેમાં ઘટતો ફેરફાર કરી, મુંબઈ કરાંચી વગેરે ઠેકાણેથી એક ફંડ ભેગું કરી તા૦ ૨૮મી મે ૧૮૬૯ ને દીને તેને પરથવામાં આવી હતી, અને નીશાળ તથા દરેમેહરને મરહુમ શેઠ દોસાભાઇનુંજ નામ આપવામાં આવ્યું હતું.

એ દરેમેહેર બાંધવાના ફંડમાં કરાચીના જરથોસ્તીઓએ રૂ. ૫૪૩૩ ભર્યા હતા હતા, અને તે આગમજ ૧૮૬૩ ના ઓગસ્ટ માસમાં ગામખાતાંના જરથોસ્તીઓએ એજ કારણસર પોતા વચ્ચે ઉભા કરેલા ફંડની સીલક જે રૂ. ૩ ૪૭૫ જેટલી હતી તે પણ એજ ફંડમાં આપવામાં આવી હતી, અને મુંબાઈના જરથોસ્તીઓએ રૂ. ૬૮૧૨ ની રકમ ભરી આપી હતી. એ રીતે કુલ્લે રૂ. ૧૫૭૨૦ થયા હતા, જેમાંથી મકાનમાં દરેમેહેરને લાયકનો ફેરફાર કરી બાકી નાણું અનામત રાખવામાં આવ્યાં હતાં.

એ દરેમેહેર પરઠાઇ તે વેલા શેઠ બેજનજી ખરશેદજી ગોલવાલાએ દરેમેહેરને લાયકના સઘલા વાસણો ચીનથી મંગાવી આપ્યા હતા.

આ મકાનમાં પાછલથી નવો ગુંબજ બાંધવા તેમજ સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમાં રીપેર કરવા માટે એક ફંડ ભેગું કરવામાં આવ્યું હતું, જેમાં ભરાયલા રૂ. ૬૦૦૦ મધેથી તે ખરચ કરવામાં

આવ્યો હતો. વળી એ દરેમેહેરમાં અસલ આતશ દાદગાહ હતા તેને બદલે ખા. બા. કાવશજી કાત્રકે મોટો ખરચ કરી સને ૧૯૦૪ માં આતશ આદરાન સાહેબ પરથાવ્યા હતા અને આદરાન સાહેબ પરથાયા પછી, કાઠી, તેલ વગેરેનો જે ખરચ થાય તેને માટે એજ શેઠે રૂ. ૩૦૦૦ બ્યાજ વાપરવાની શરતે આપ્યા છે.

એ દરેમેહેરનો વહીવટ નીચલા ત્રસ્ટી સાહેબો ચલાવે છેઃ—શેઠ જાંહગીર હોરમસજી કોઠારી અને શેઠ નાદીરશા એદલજી દીનશાહ, સેક્રેટરી શેઠ બરજોરજી કાવશજી દુબાશ.

તા. ૩૦ મી એપ્રેલ ૧૯૧૮ ને દીને દરેમેહેરની પુંજી (જુદાં જુદાં ફંડો સાથે મળીને) રૂ. ૨૩૫૪૬—૯—૦ જેટલી હતી.

કરાચીમાં પેહેલો આલાત.

કરાચીમાંની અગ્યારીઓની જયારે હું વીગત આપુ છું, ત્યારે મોબેદ સાહેબો અત્રે કેવી રીતે આવવા પામ્યા અને પેહેલો આલાત કયાંથી આવ્યો તે વીગત પણ જાણવી ઘણી અગત્યની છે, કેમકે અગ્યારી ઇજવાના બનાવની સાથે તેઓને નીકટ સંબંધ છે.

આગળ મેં બે દસ્તુર સાહેબોના સંબંધમાં વીગત આપી છે, પણ મોબેદ સાહેબો અત્રે કેવી રીતે આવ્યા તે વિષે મેં કશું કહ્યુ નથી અને તેથી અત્રે તેની કાંઇક નોંધ લઇ હું આગળ ચાલીશ.

એવું કહેવાય છે કે પેહેલાં અત્રે જયારે દરેમેહેર જેવું કશું હતું નહીં ત્યારે શેઠ હોરમજી ઘડીયાલી અને તેઓના પીતાજી શેઠ દાદાભાઇએ ભરૂચથી મોબેદ સાહેબોને ક્રીયાકામ માટે બોલાવ્યા હતા. જે સાહેબો પોતા સાથે આલાત વગેરે લઇને ભરૂચથી પગ રસ્તે નીકળ્યા હતા. સીંધ હેદરાબાદ આવવા પછી મોબેદ સાહેબો હોડીમાં બેસીને કોટરી ગયા અને તેઓ સાથના નીરંગને એક માટલામાં બંધ કરી, હેદરાબાદના એક જરથોસ્તી શેઠ માણેકજી તે માટલા ઉપર પોતાના શરીરને ટેકવીને તેને સીધુ નદીમાં તરાવી કોટરી લઇ ગયા હતા, જયાંથી પેલા મોબેદ સાહેબો પાછો આલાત પોતા સાથે લઇને બેલના ગાડામાં કરાચી આવ્યા હતા. એ મોબેદ સાહેબો

તે ભરૂચના ઉકા જલાલના ખાનદાનના એરવદ સાહેબ માણેકજી ઉકાજી દસ્તુર કામદીનના અને તેઓના બેટા એરવદ સાહેબ દીનશાજી હતા, જેઓ હીરજી કાકાની દરેમેહેરના પેહેલા પંથકી તરીકે નેમાયા હતા.

આલાત નવસારીનો કે ભરૂચનો ?


હવે કરાચીમાં પેહેલો આલાત લાવવાના સંબધમાં મને મળેલી બીજી વીગત વળી તદનજ જુદી છે. એવું કહેવાય છે કે કરાચીમાં પહેલ વેહેલો આલાત શેઠ આદરજી હાથીરામ અથવા સરબતવાલા મારફતે નવસારીથી મંગાવવામાં આવ્યો હતો, જેઓ તે પગ રસ્તે લાવ્યા હતા. આ બાબતની કશી ચોકસ હકીકત મલતી નથી, કેમકે જો આલાત નવસારીનો હોયતો પેહેલા મોબેદ સાહેબો પણ નવસારીથીજ આવેલા હોવા જોઇએ તોપણ આ બીનાની સાથે સાથે કરાચીના પેહેલા દસ્તુર સાહેબ તરીકે દસ્તુર ફરદુનજી બેહેરામજી જામાસ્પઆસાનાને નેમેલા હોવાની મેં આગલ જણાવેલી વીગતને જો જોડવામાં આવે તો કાંઇક ખુલાસો મળી શકે છે. દસ્તુર સાહેબ ફરદુનજી અલબત નવસારીના મશહુર જામાસ્પઆસાના ખાનદાનને લગતાજ હોવા જોઇએ અને બનવાજોગ છે કે એજ સાહેબને મોબેદ • તરીકે અત્રે પેહેલા બોલાવવામાં આવ્યા હોય, કેમકે શેઠ ઘડીયાલીએ જો ભરૂચથી પોતે ખાસ મોબેદો બોલાવ્યા હતા, તો તે મોબેદ સાહેબોને છોડી દઇને પોતેજ બંધાવેલું દોખમું ઇજિવાની ક્રીયા વેળા દસ્તુર સાહેબ ફરદુનજીને તેઓ જશનની આગેવાની લેવા દે અને વળી તેજ મીજલસમાં દસ્તુરીની શાલ મજકુર દસ્તુર સાહેબ ફરદુનજી ને આપવાની આગેવાની લે એ બીના કાંઇક અજાયબ કરનારી લાગે છે. પણ તેજ વેળા વળી એ પણ વિચીત્ર જણાય છે કે આ બનાવની એકજ વર્ષ પછી હીરજીકાકાની દરેમેહેર પરઠાઇ તે વેળા એ નવા દસ્તુર સાહેબની હસ્તીજ જણાતી નથી. બીજી તરફ જે વીગત મલે છે તે ઉપરથી નવસારીથી આલાત આવેલો હોવાની માન્યતાને ટેકો મલે છે. એવું જણાય છે કે ભરૂચવાલા મોબેદ સાહેબો એરવદો માણેકજી અને દીનશાજી અત્રે આવ્યા પછી, તેઓને બીજાં માણસોની જરૂર પડી. આથી કહે છે કે શેઠ આદરજી શરબતવાલા નવસારી ગયા અને ત્યાંથી બે મોબેદ સાહેબોને પોતા સાથે લઇ આવ્યા. ભરૂચવાલાઓ સાથે નવસારીવાલા પદાન બાંધતા નહીં હોવાથી એમ કહેવાય

છે કે નવસારીથી જુદો આલાત લાવવામાં આવ્યો હતો. જે પછી એ મોબેદ સાહેબો કાંઇ ખટપટ થવાથી એરવદ દીનશાજીથી છુટા પડયા હતા. ગમે તેમ હોય પણ અને મળેલી ઉલટા સુલટી વીગતો ઉપરથી મેં મારાં અનુમાનો બાંધ્યાં છે અને તે માટે વધુ શોધખોલ કરવાનું કે નકી મત બાંધવાનું હું મારા જરથોસ્તી ભાઇઓ ઉપર હાલ તો છોડું છું. જો કે મારા દિબાચામાં મેં જણાવ્યું છે તેમ આ ચોપડીમાં રહી ગયલી કેટલીક અધુરી નોંધો પુરી કરવાની ભવિષ્યમાં કોશીશ કરવાની હું ઉમેદ રાખું છું.


ઉદવાડાનો આલાત.

ભરૂચ અને નવસારીના આલાત વિષે જે વીગત મને મળી છે તે ઉપરથી મેં આગળ વિવેચન કર્યું છે, પણ અત્યારે બંન્ને અગ્યારીઓમાં ઉદવાડા તરફના મોબેદ સાહેબો છે, તો આલાત પણ ઉદવાડેનોજ હોવો જોઇએ, અને તે કયારે લાવવામાં આવ્યો તે નીચલી વીગત ઉપરથી જણાશે.

એવું જણાય છે કે ગાડીખાતામાં અગ્યારી કરવાનું નકી થયું ત્યારે શેઠ એદલજી જોશી મારફતે ઉદવાડેથી ત્રણ મોબેદ સાહેબોને અત્રે બોલાવવામાં આવ્યા હતા, જેઓ ઉદવાડેથી આલાત લઇ પગ રસ્તે આસરે બે મહીને અત્રે આવી પુગ્યા હતા. ઉદવાડેના પેહેલા આવેલા એ મોબેદ સાહેબો તે એરવદ મંચેરજી ખરશેદજી ગોરાના, એરવદ નવરોજી મંચેરજી ગોરા, અને એરવદ ભીખાજી પાલનજી સીધવા હતા. એ સાહેબો સાથે એક અથોરનાન શાપુરજી નવરોજી કટીલા બબરચી તરીકે આવ્યા હતા. ઉદવાડયા મોબેદોનું એ ઉપર કહેલા મોબેદ સાહેબોથી મંડાણ થયું અને તે પછી રફતે રફતે અત્રે ઉદવાડેના મોબેદો આવવા લાગ્યા. એવું કહેવાય છે કે ઉપર કહેલા મોબેદ સાહેબો જેઓ ભાગીદારીમાં કામ કરતા હતા તેઓમાં કાંઇ તકરાર થવાથી એરવદ ભીખાજી સદરની દરેમેહેરમાં આવી રહયા અને એરવદ દીનશાજી સાથે કેટલીક મુદત સુધી ભાગીદાર તરીકે કામ કર્યું હતું. બાકી રહેલા બંન્ને બાપ દીકરાઓમાં પણ બનાવ રહયો નહીં અને એરવદ નવરોજી ગુજર પામ્યા એટલે એરવદ મંચેરજીએ પણ અગ્યારી છોડી દીધી. આ વેળા દસ્તુર કાવસજી કરાચી આવ્યા હતા, પણ તેઓ કાંઇ ખાસ ધંધા અર્થે આવ્યા નહીં હતા, પણ ગાડીખાતાંની



મામા મેનશન—જેમાં મામા પારસી ગર્લ્સ સ્કુલ હાલ ખસેડવામાં આવી છે.



પારસી બીરબાઈજી સ્કુલ.

અગ્યારીમાં પંથકીની જરૂર હોવાથી સુરતના નામીચાં દસ્તુર ખાનદાનના નબીરા તરીકે તેઓને દસ્તુરની શાલ આપવામાં આવી હતી. બે ત્રણ વર્ષ પછી તેઓ જ્યારે પાછા સુરત જતા રહયા ત્યારે એરવદ મંચેરજીનેજ દરેમેહેરનો વહીવટ ફરીથી સોંપવામાં આવ્યો હતો. સદરની દરેમેહેરના હાલના પંથકી એરવદ સાહેબ જમશેદજી પણ એજ અરસામાં એટલે આજથી ૪૫ વર્ષ ઉપર અને સદરની દરેમેહેર માટે નવું મકાન બંધાતું હતું ત્યારે અત્રે આવ્યા હતા. તેઓ એજ દરેમેહેરમાં એરવદ દીનશાજીના હાથ હેઠળ કામ કરતા હતા, અને એરવદ દીનશાજી ગુજર પામવા પછી બીજા પાંચેક મોબેદ સાહેબો સાથે ભાગીદારીમાં ધંધો કરતા હતા, પણ ૧૯૦૯ માં ત્રસ્ટીઓએ એઓને દરેમેહેરના પંથકી ઠેરવી શાલ એનાયત કરી હતી. કરાચીમાં હાલે આસરે વીસેક મોબેદ સાહેબો છે.

કરાચીમાં પેહેલો વરશીયો.

ઉદવાડેના મોબેદ સાહેબોની સંખ્યા વધતી જતી જોઈ, આલાતની જાળવણી માટે એરવદ સાહેબ જમશેદજીને વિચાર સુજ્યો, કેમકે ઉદવાડેના વરશીયાજીને કાંઇ કશું થાય તો સદંતર રખડી જવાય એમ ધારીને એઓએ અત્રે વરશીયો બનાવવાની હીલચાલ કરી. દસ્તુર ડા. ધાલાના કાકાજી એરવદ હોરમજી એ વેળા સુરત ગયા હતા, જેઓની મારફતે સુરતથી વરશીયાજી મંગાવવામાં આવ્યા અને ય. ઝ. સને ૧૨૪૪ એટલે ઇસવી સને ૧૮૭૫ માં અત્રે પેહેલ વેહેલા વરશીયાજી બનાવવામાં આવ્યા, જે પછી અહીંનાજ આલાત વપરાય છે. વરશીયાજી થવા પછી અત્રે બીજેજ વર્ષે પેહેલ વેહલી નીરંગદીનની ક્રીયા શેઠ જેહાંગીરજી રાજકોટવાલાના માતાજીને નામે કરવામાં આવી હતી.

પારસી વીરબાઈજી સ્કુલ.

ધર્મના મકાનોને લગતી થોડી વીગત પછી હવે હું આપણા કેળવણી ખાતાંઓના સંબંધમાં કેટલીક હકીકત અત્રે રજુ કરીશ.

કરાચીમાં પેહેલાં પારસીઓના છોકરા અને છોકરીઓને ગુજરાતી ભાષા શીખવવા અને જંદ અવસ્તા પઢાવવાની એક નિશાળ હતી, જે "કરાચી પારસી બાળક શાળા" એ નામે ઓળખાતી હતી. એ શાળા

અત્રેના પારસીઓએ આપસ આપસમાં ઉઘરાણું કરીને તા. ૨૩ મી મે ૧૮૫૯ ને દીને સ્થાપી હતી. એ નીશાળ સ્થાપવાની આગેવાની શેઠ નાનાભાઇ ફરામજી સ્પેન્સરે લીધી હતી અને તેના તેઓ ત્રણ વર્ષ સુધી સેક્રેટરી હતા. એવું કહેવાય છે કે આ સ્કુલ પેહેલાં મી. દાદાભાઇ પાલણજી પેમાસ્તરના ઘરમાં ચલાવવામાં આવતી હતી, અને ઘણે ભાગે વોલંટરી શીક્ષકોની મદદથી તેનું કામ ચાલતું હતું.

૧૮૬૨ માં શેઠ નાનાભાઇ સ્પેન્સર મુંબઈ જવાથી તેઓની જગાએ શેઠ શાપુરજી હોરમજી સોપારીવાલાને સેક્રેટરી અને શેઠ પેશતનજી બેરામજી કોટવાલને ઉપરી તરીકે નેમવામાં આવ્યા હતા. શેઠ નાનાભાઇને મુંબઇ જતી વખતે અત્રેના પારસીઓએ તા૦ ૨૩ મી જુન ૧૮૬૨ ને દીને આ સ્કુલ પાછળ લીધેલી મેહનત માટે એક માનપત્ર આપ્યું હતું.

સ્કુલનું કામ રફતે રફતે વધતું ચાલ્યું અને છોકરાંઓની સંખ્યા વધવાથી શેઠ શાપુરજી હોરમજી સોપારીવાલાએ સ્કુલના ફંડમાં રૂ. ૧૫૦૦ ની રકમ ભરી તેના ખરચમાં વધારો કીધો હતો. એ બાદ સ્કુલનું મકાન નાનું પડવાથી હાલ જ્યાં શેઠ હીરજીભાઈ બેહેરાનાની દરેમેહેર છે તેજ મકાન સ્કુલના વપરાશ માટે રૂ. ૨૦ ના માસીક ભાડે રાખવામાં આવ્યું હતું. એ જગા કેનટોનમેંટને હસ્તક હોવાથી પાછળથી અરજી કરવાથી ૧૦ મહીના બાદ ભાડું લેવાનું બંધ કરવામાં આવ્યું હતું અને મકાન નીશાળને બક્ષેશ તરીકે આપવામાં આવ્યું હતું,

એ મકાન પણ નાનું પડવાથી શેઠ શાપુરજી સોપારીવાલાએ પોતાનું ફ્રીયર સ્ટ્રીટમાં આવેલું ૧૦૦૦૦ ની કીમતનું મકાન ભેટ આપવાથી સ્કુલનું નામ બદલીને તેઓના ધણીયાણીના નામ ઉપરથી "પારસી વીરબાઇજી સ્કુલ" એવું નામ આપવામાં આવ્યું હતું. એ મકાન ખુલ્લું મેલવાની ક્રીયા સીંધના નામદાર કમીશનર સર વીલ્યમ મેરીવેધરે એક મોટા મેળાવડા સનમુખ તા. ૨૪ મી સપટેંબર ૧૮૭૦ ને દીને કરી હતી. એ વેળા પારસી અંજુમન તરફથી શેઠ શાપુરજીને એક શાલ આપવામાં આવી હતી અને પ્રમુખ ઉપરાંત કેળવણી ખાતાના ઇન્સપેકટર મી. જે. જી. મુરે કેળવણી સંબંધી પારસીઓની કાળજી વિષે તારીફ કરનારૂં એક ભાષણ કર્યું હતું.

નવું મકાન મળવાથી જુનું મકાન સતાવાલાઓની બહાલીથી રૂ. ૩૦૦૦ માં શેઠ હીરજીભાઈ એહેરાનાની દરેમેહેર બાંધવા માટે વેચાતું આપવામાં આવ્યું હતું, અને બીજા રૂ. ૩૦૦૦ પારસીઓએ ભેગા કરી રૂ. ૬૦૦૦ સ્કુલના નીભાવ ફંડ માટે અનામત રાખવામાં આવ્યા હતા.

૧૮૭૫ સુધી આ નીશાળમાં ગુજરાતી છઠાં ધોરણ સુધીજ શીખવવામાં આવતું હતું, પણ એ સાલથી અંગ્રેજીનો અભ્યાસ દાખલ કરી સ્કુલને "પારસી વિરબાઇજી એંગ્લો વરનાકયુલર સ્કુલ" એવું નામ આપવામાં આવ્યું હતું. વળી જરથોસ્તી ધર્મનું જ્ઞાન તેમજ છોકરીઓને ભરવા, વેતરવા, સીવવા વગેરેનું પણ શીખવવામાં આવતું હતું. ૧૮૮૦ થી છોકરીઓને શીખવવા એક સ્ત્રી શીક્ષક રાખવામાં આવી હતી.

એ શાળાના ટ્રસ્ટીઓ તરીકે પેહેલાંથી સીંધના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, શેઠ શાપુરજી હોરમજી સોપારીવાલા અને શેઠ પેશતનજી બેરામજી કોટવાલ હતા. પેહેલાં સ્કૂલના સરનશીન તરીકે હમેશાં કરાચીના જે કલેકટર હોય તેઓને રાખવાનું ઠરાવ્યુ હતું અને નાયબ સરનશીન તરીકે શેઠ શાપુરજી સોપારીવાલા અને તેમના મરણ પછી તેમના કુટુંબના એક રહે એવી ગોઠવણ હતી. સ્કુલનો કારોબાર ઉપલા ગ્રહસ્થો ઉપરાંત એક ઓ૦ ટ્રેઝરર અને ઓ૦ સેક્રેટરી અને આસરે ૩૦ મેમબરોની કમીટી મારફતે ચલાવવામાં આવતો હતો. પણ તે પછી કલેકટરને સ્કુલના કારોબારમાંથી અલગ રાખવામાં આવેલા જણાય છે. ક્યા વખતથી તે જણાયું નથી.

હાલનું મકાન અને સ્થીતી.

મરહુમ શેઠ સોપારીવાલાએ આપેલુ મકાન પણ નાનું પડવાથી નવું મોટું મકાન બાંધવા માટે ફંડ ઉભુ કરવામાં આવ્યું હતું, જે હાલની જગાએ બંધાઈ તૈયાર થતાં તા. ૨૪ મી માર્ચ ૧૯૦૬ના સાલમાં તે એક જાહેર મેળાવડા સનમુખ ખુલ્લું મેલવામાં આવ્યુ હતું. એ મકાન પાછલ લગભગ રૂપિઆ પચાસ હજારનો ખરચ થયો છે. મકાન માટે કેનટોનમેંટ કમીટી અને મ્યુનીસીપેલીટીએ જગા ભેટ આપી હતી. એના ફંડમાં સ્કુલના સ્થાપક શેઠ સોપારીવાલાના બેટાઓએ રૂ. ૨૦૦૦ અને જૂનુ

મકાન ખરીદી લઈ તેના રૂ. ૧૦૦૦૦ આપ્યા હતા, તેમજ અત્રેના પારસી રહેવાસીઓએ પોતાની કમાઈના પ્રમાણમાં ૫ ટકા જેટલો હીસ્સો આપ્યો હતો. એ સ્કુલને સ્થાપાયાને ૬૦ વર્ષ પુરાં થયલાં હોવાથી હાલ તેની દાયમંડ જ્યુબીલી ઉજવવાની તૈયારી ચાલે છે. આ સ્કુલમાં આગલ કરતાં કેટલોક સુધારો વધારો થયો છે, તોપણ જ્યારે સ્કુલની શરૂઆતથી તેમાં ધર્મ કેળવણીને ખાસ અગત્યતા આપવામાં આવી હતી, ત્યારે આજે એ તરફ ઝાઝુ લક્ષ આપવામાં આવતું જણાતું નથી. આ સ્કુલ આજ ત્રણ વર્ષથી નવાં ધોરણ ઉપર રચવામાં આવી છે અને ૧૫ ગ્રહસ્થોની મેનેજીંગ કમીટી મારફતે તેનો કારોબાર ચલાવવામાં આવે છે, જેમાં ડોનરો, લાઈફ મેમબરો અને સાધારણ સભાસદો તથા માબાપો તરફના પ્રતીનીધીઓ રહે એવી ગોઠવણ કરવામાં આવી છે. ગયે વર્ષથી સ્કુલનો છોકરીઓનો વિભાગ છુટો થયો છે, અને શેઠ અરદેશર મામાએ કરેલી સખાવત મધેથી છોકરીઓની સ્કુલ અલગ કાઢવામાં આવી છે. એજ સાલથી જુના હેડ માસ્તર પણ બદલાઈ નવા નેમાયા છે. સ્કુલમાં બીજા નવ શીક્ષકોનો સ્ટાફ છે. સ્કુલમાં એક લાયબ્રેરી છે.

તા. ૩૧ મી માર્ચ ૧૯૧૯ ને દીને આ સ્કુલમાં ૧૮૬ છોકરાઓને કેળવણી લેતા જણાવ્યા છે. સ્કુલનો વાર્ષીક ખરચ આસરે રૂ. ૧૨૦૦૦ જેટલો છે. તા. ૩૧ મી માર્ચ ૧૯૧૯ ને દીને સ્કુલની કુલ્લે પુંજી (જુદાં જુદાં ફંડો સાથે) રૂ. ૭૯૯૬૩-૯-૯ જેટલી હતી.

ગાડીખાતાની પારસી બાળક શાળા.

આ સ્કુલના સંબંધમાં શેઠ સોરાબજી ધનજીભાઈ વાડીયાનો એહેવાલ આપતાં મેં કેટલીક વીગત આપી હતી. એ સ્કુલ કયારે સ્થપાઈ તે તારીખ નથી. આ સ્કુલ ગાડીખાતાની દરેમેહેરના મકાનમાંજ ચાલે છે અને "ડોસાભાઈ મેરવાનજી વાહડીયા બાળક શાળા"ને નામે ઓળખાય છે. એનો કારોબાર દરેમેહેરના ત્રસ્ટીઓજ ચલાવે છે. ફંડ ઘણું કંગાળ છે, તા. ૩૦ મી એપ્રેલ ૧૯૧૯ ને દીને તેની સીલક રૂ. ૩૭૧૫-૧૨-૭ જેટલી હતી.

આર. પી. રબાડી સ્કુલ.

આ શાળા કે જેમાં દરેક કોમના છોકરાંઓ શીખે છે તેની સ્થાપના સુરતવાસી એક અથોરનાન એરવદ રૂશતમજી પેશતનજી રબાડીએ તા. ૧લી જાનેવારી ૧૮૮૦ માં કરી હતી અને આજે સીંધમાં નમુનેદાર સ્કુલો મધેની તે એક ગણાય છે. એરવદ રબાડી પેહેલાં તો અત્રેની દરેમેહેરમાં મોબેદીનો ધંધો કરતા હતા, પણ તેઓને શિક્ષણના કામમાં વધારે પ્યાર હોવાથી તેમને એક સ્કુલ સ્થાપવાનો ઠરાવ કર્યો. એ વેળા શેઠ એદલજી દોરાબજી તલાટીએ તેમને ગાડીખાતાની બાળક શાળામાં રાખવા માંગ્યા પણ સ્કુલની કમીટીએ આ મોબેદ તે વળી સ્કુલ શું ચલાવે એમ સમજી તેમને પસંદગી આપી નહીં. આથી એરવદ રબાડીએ હારી નહી ખાતાં સદરમાં આદમઅલી સુલતાનઅલીના તબેલામાં ચાલતી પંડયા સ્કુલ કે જેના મેનેજર મી. નર્મદાશંકર નથુરામ હતા, તેમની સાથે તેઓ ભાગમાં જોડાયા. એ વેળા સ્કુલમાં ૫૦ છોકરાઓ હતા; એ પછી સ્કુલનુ કામ વધતું ચાલ્યું અને સને ૧૮૮૯ થી એરવદ રબાડીએ મી. નર્મદાશંકરથી ભાગ છુટો કરી "રૂશતમજી પેશતંનજી રબાડી સ્કુલ" એ નામે તે ચાલુ કરી અને હજૂ એજ નામે ચાલે છે. આજે સ્કુલ ઘણી સારી સ્થીતીએ આવી છે, પણ નાણાની કોતાઇને લીધે ઘટતા સુધારા વધારા કરવાનું બનતું નથી. અત્યારે સ્કુલમાં ૨૩૫ છોકરાંઓ છે. ૧૮૮૯ થી આજ સુધીમાં ૨૫૮ છોકરા અને ૧૪૮ છોકરી મળી કુલે ૪૦૬ પારસી બાળકોએ એ સ્કુલનો લાભ લીધો છે.

ડી. આર. પી. રબાડી સ્કુલ.

મી. રબાડી એકજ સ્કુલ સ્થાપીને ધરાયા નહીં પણ તા. ૧ લી ફેબરવારી ૧૮૯૧ ને દીને રામસ્વામી ગાડીખાતામાં એક બીજી સ્કુલ સ્થાપી હતી. એ તરફના ઘણા બાળકોને સ્કુલની ગેરહાજરીમાં દુર સુધી જવાની તકલીફ પડતી હોવાથી ત્યાંનાં અગ્રેસરોની અરજ ઉપરથી એમને એ ઠેકાણે સ્કુલ કરી હતી, અને બે વર્ષ મુફત શિક્ષણ આપ્યું હતું. પાછળથી બે આના અને ચાર આનાની ફી રાખી હતી, જે આજે પણ તેટલીજ છે. અત્યારે એ સ્કુલમાં ૧૫૫ બાળકોની સંખ્યા છે, જેમાં એક પારસી વિદ્યાર્થી છે. ૧૯૦૪ માં એઓના એક જવાન બેટા પ્લેગમાં ગુજરી જવાથી સ્કુલને તેમના નામ ઉપરથી "દીનશા રૂસ્તમજી પેશતનજી રબાડી સ્કુલ" એ નામ આપ્યું છે.

મામા ગર્લ્સ સ્કુલ.

કરાચીમાં પારસીઓ આવી વસવા પછી, તેઓએ કોમના લાભના જુદાં જુદાં ખાતાંઓ સ્થાપ્યાં છે પણ આજ સુધી પારસી છોકરીઓ માટે ખાસ જુદી સ્કુલની સગવડ નહી હતી. પારસી વીરબાઇજી સ્કુલમાં શરૂઆતથીજ છોકરાઓ ભેગી છોકરીઓ પણ કેળવણી લેતી હતી. જો કે બંન્ને વીભાગો જૂદા હતા, છતાં આજના જમાનાને તે અનુસરતું નહીંજ કહેવાય અને અત્રેના પારસીઓની વસ્તી અને સ્થીતી તરફ જોતાં છોકરીઓ માટે જૂદી સ્કુલની સગવડ નહીં હોય એ બીના અત્રેના પારસીઓની કેળવણી તરફની સુસ્તી પુરવાર કરતું હતું. વળી વીરબાઇજી સ્કુલમાં અપાતું શીક્ષણ ઘણા માબાપોને ગળે ઉતરતું નહીં હતું અને કેટલાંક માબાપો પોતાની છોકરીઓને કોનવેંટ સ્કુલોમાં મોકલીને અને બીજી રીતે કેળવણી આપતાં હતાં.

મરહુમ શેઠ નવરોજી નશરવાનજી પોહોંચાજી પોતાના વીલમાં ચોકસ રકમ પારસીઓમાં કેળવણીનો ફેલાવો કરવા માટે કાઢી ગયા હતા અને એવી વકી રાખવામાં આવતી હતી કે મરહુમને નામે એક ગર્લ્સ સ્કુલ મોડે વેહેલે સ્થાપવામાં આવશે, પણ એ રકમ એક જુદી સ્કુલ કાઢવા માટે ઓછી જણાયાથી કાંઈ નકકી યોજના ઘડી કાઢવામાં આવે તે આગમચ પારસી કોમના સારાં નસીબે શેઠ અરદેશર હોરમજી મામા બહાર પડયા અને એક તડાકે ત્રણ લાખ રૂપિયાની રકમ એ કામ માટે કાઢી આપી. આથી મરહુમ શેઠ પોંચાજીના એકલા ટ્રસ્ટી ખા. બા. નશરવાનજી મેહેતાએ પોતા હસ્તક ની રૂ. ૧॥ લાખની રકમ એજ કામ માટે આપવાથી રૂ. ૪॥ લાખના ધરખમ ફંડ સાથે એ સ્કુલ તા. ૧ લી એપ્રેલ ૧૯૧૮ થી શરૂ કરવામાં આવી હતી. પેહેલાં સખાવત કરનાર સખી ગ્રહસ્થનું નામ છુપું રાખવામાં આવ્યું હતું, જેથી સ્કુલ "પારસી ગર્લ્સ સ્કૂલ"ને નામે ઓળખાતી હતી, પણ પાછળથી તેને "મામા ગર્લ્સ સ્કુલ" એવું નામ આપવામાં આવ્યું હતું. આ સ્કુલ માટે જુદુ મકાન મેળવવાની મુશકેલી હોવાથી તેને વીરબાઇજી સ્કુલના મકાનમાંજ કેટલોક વખત સુધી રાખવામાં આવી હતી અને પાછલથી શેઠ અરદેશર મામાની વીકટોર્યા રોડ ઉપરની નવી જંગી ઈમારત "મામા મેનશન" તઇયાર થતાં આ સ્કુલને તા. ૧ લી જુન ૧૯૧૯ થી એ મકાનમાં ખસેડવામાં આવી છે, એ મકાન

બંધાતું હતું તે દરમ્યાનજ આ સ્કુલની સ્થાપના થયલી હોવાથી, તેમાં સ્કુલને લાયકનો ફેરફાર કરવામાં આવ્યો હતો. હાલેજ ખુશ ખબર મળી છે કે નામદાર સરકારે બંદર રોડ ઉપર જ્યાં યંગ વીમેન્સ ક્રીશ્ચીયન એસોસીએશન છે, તે મોટી જગામાંથી આસરે ૯૦૦૦ ચોરસવાર જેટલી જગા આ સ્કૂલને માટે આપી છે, જ્યાં થોડા વખતમાં નવી ઇમારત ઉભી કરવામાં આવશે.

આ સ્કૂલમાં છોકરીઓને બરની કેલવણી આપવાની કાલજી લેવામાં આવે છે અને બે ત્રણ શીક્ષકો સીવાય આખો સ્ટાફ સ્ત્રી શીક્ષકોનો બનેલો છે, જેમાં બે યુરોપ્યન સ્ત્રીઓ પણ છે. સ્કૂલને દશ કલાસમાં વેહેંચી નાંખવામાં આવી છે. બાળકીઓને શરૂઆતથીજ સાધારણ અંગ્રેજી કેલવણી આપવામાં આવે છે. સ્કૂલના ચાલુ સુધારા વધારા માટે શેઠ અરદેશર મામા ઘણી કાળજી લે છે અને એક ધરખમ કમીટી સ્કૂલના કામકાજ ઉપર દેખરેખ રાખે છે. આ સ્કૂલનું નવું મકાન થવા પછી એ એક ધરખમ પારસી ખાતું થવા પામશે એમાં શક નથી. સીંધમાં પારસીઓ આવી વસ્યા પછી લગભગ એક સદી પુરી થતાં તેઓ પોતાની બાળકીઓ માટે જૂદી સ્કૂલ મેળવવા પામ્યા છે, એ ખરેખર હાલની ઓલાદના સારાં નસીબની વાત છે. હાલ આ સ્કૂલનો લાભ લગભગ ૧૯૦ છોકરીઓ લે છે. પ્રીન્સીપાલ અને હેડ માસ્તર ઉપરાંત સ્કુલમાં બીજા ૧૫ શીક્ષકો છે.

પી. બો. કોટવાલ સ્કુલ.

મરહુમ શેઠ પેશતનજી બેરામજી કોટવાલની સેવાઓની પીછાનમાં કરાચી મ્યુનીસીપેલીટીએ પોતા હસ્તકની એક સ્કૂલને ૧૯૦૮ માં મરહુમનું નામ આપી માન આપ્યું હતું અને એજ નામે હાલ ચાલે છે.

હાલના પારસી શિક્ષકો.

કરાચીમાં હાલ જે જરથોસ્તીઓ શીક્ષકના મોતેબર ધંધામાં પડયા છે તેઓનું લીસ્ટ અત્રે આપવાનું હું વાજબી ધારૂં છું.

પારસી વીરબાઇજી સ્કૂલનો પારસી સ્ટાફ—મી. રૂસ્તમજી જમશેદજી દસ્તુર (હેડ માસ્તર) અને મી. ફીરોજશા હોરમજી લીમકી.

મામા ગ્ર્લ્સ સ્કુલ—મી. કાવશાહ એદલજી અંકલેશરીઆ, (વાઇસ પ્રીન્સીપાલ), મેસર્સ માણુકજી દોરાબજી તલાટી, નરીમાન સોરાબજી ગોલવાલા અને નાદીરશાહ એન.એલાબ્યા (ડ્રોઇંગ માસ્તર), મીસેસોમાં મીસ મેહેરાં જમશેદજી શેઠના, મીસ શીરીનબાઈ કાવશજી મીનવાલા, મીસ ગુલબાઈ બેરામજી કોટવાલ અને મીસ મેહેરબાઈ મંચેરજી રબાડી.

આર. પી. રબાડી સ્કૂલ—મી. રૂશતમજી પેશતનજી રબાડી.

એન. જે. હાઈ સ્કૂલ—મેસર્સ ફ્રરામજી લીંબુવાલા અને દોસાભાઈ દીનશા ગામવાલા.

આલુમલ ત્રીકમદાશ સ્કૂલ—મી. માણેકજી નવરોજી મેહેતા.

ગુલબાઇ મેહેતા એડયુકેશન ફંડ.

કેળવણી ખાતાંઓની જ્યારે હું વીગત આપું છું ત્યારે કેળવણીને લગતાં બીજાં જુદાં જુદાં ફંડો માટે પણ અત્રેજ વીવેચન કરીશ.

મરહુમ બાઈ ગુલબાઈ નશરવાનજી મેહેતાના પુન માટે તેઓના ખાવીંદ ખા. બા નશરવાનજી મેહેતાએ ઉપલાં નામનું એક ફંડ સને ૧૯૧૪ ના ફેબરવારીમાં સ્થાપ્યું હતું. આ ફંડમાંથી હાઇ સ્કૂલ, વીરબાઇજી સ્કૂલ અને મામા ગર્લ્સ સ્કૂલમાં શીખતાં ગરીબ માબાપોના છોકરાંઓને દર મહીને ફી આપવામાં આવે છે અને દર વર્ષે ચોપડીઓ અપાવવામાં આવે છે. આ ફંડનો વહીવટ નીચલા સાહેબો કરે છે:—ખા. બા. નશરવાનજી રૂશતમજી મેહેતા, મેસર્સ માણુકજી દોરાબજી તલાટી, જમશેદ નશરવાનજી મેહેતા અને શેહેરીયાર દાદાભાઇ કોનત્રેકટર.

આ ફંડના ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ત્રેઝરર મી. માણેકજી દોરાબજી તલાટી છે.

આ ફંડની સીલક ફેબરવારી ૧૯૧૯ માં રૂ. ૧૦૦૦૭ જેટલી હતી.

માણેકજી માદન બુક ફંડ.

મરહુમ શેઠ માણેકજી ખરશેદજી માદનની યાદગીરી જાળવી રાખવા મરહુમના મીત્રો અને સગાઓ તરફથી આ ફંડ આસરે પાંચેક વર્ષ થયાં સ્થાપવામાં આવ્યું છે. આ ફંડમાંથી દર વરસ ગરીબ માબાપના છોકરાઓને સ્કૂલની ચોપડીઓ અપાવવામાં આવે છે. આ ફંડની સીલક ૧૯૧૯ ના જુન માસમાં આસરે રૂ. ૧૦૦૦ જેટલી હતી.

ફંડનો વહીવટ નીચલા સાહેબો ચલાવે છે:—શેઠો બરજોરજી કાવસજી દુબાશ અને બમનશા બરજોરજી રાનજી માસ્તર.

ફંડના ઓ૦ સેક્રેટરી શેઠ માણેકજી દોરાબજી તલાટી છે.

ડા. માણેકજી લાહેવાલા ફંડ.

મરહુમ ડાકટર માણેકજી બાપુજી લાહેવાલા ગુજર પામવા પછી તેઓએ અત્રેના જરથોસ્તીઓની બજાવેલી સેવાઓ અને ભલાઇની યાદમાં તેઓના મીત્રો અને વખાણનારાઓ તરફથી સને ૧૯૦૪ માં એક ફંડ ભેગું કરવામાં આવ્યું હતું, જેમાં રૂ. ૮૮૯ ભરાયા હતા. એના વ્યાજમાંથી અત્રેની સ્કૂલોમાં શીખતાં છોકરાઓને હેડ માસ્તરો મારફતે તપાસ કરીને ચોપડીઓ મુફત આપવામાં આવે છે. આ ફંડના ટ્રસ્ટીઓ શેઠ ફરામરોજ એદલજી પંથકી અને મી. એરચશા નાનાભાઈ ખરેગાટ છે. ફંડમાં હાલે કેટલી સીલક છે તે જણાયું નથી.

સીંધ આર્ટસ કોલેજમાં પારસીઓ.

સીંધના પારસીઓને કોલેજની ચઢતી કેળવણી લેવાનું સાધન સીંધ આર્ટસ કોલેજ છે. આ કોલેજમાં દરેક કોમના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જરથોસ્તી શ્રીમંતોએ વખતો વખત કોલેજના ફંડમાં મદદ કરી છે અને પારસી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા સખાવત કરી છે તે સબબથી અત્રે તેની ટુંક નોંધ લીધી છે.

૧૮૮૫ ના સાલમાં તા. ૯મી મે યા તે સુમારે મરહુમ શેઠ એદલજી દીનશાહે રૂ. ૩૦૦૦; મરહુમ શેઠ એચ. જે. રૂસ્તમજીએ રૂ. ૨૦૦૦; શેઠ જાંગીર હોરમજી કોઠારીએ રૂ. ૧૦૦૦ અને બીજા જરથોસ્તીઓએ નાની મોટી રકમો મળી રૂ. ૧૦૦૦ એ કોલેજના ફંડમાં ભર્યા હતા. એ ઉપરાંત ૧૮૮૭ ના સાલમાં મરહુમ શેઠ એદલજી દીનશાહે બીજા રૂ. ૩૦૦૦ મદદ માટે આપ્યા હતા. અને હાલ બે વર્ષ ઉપર શેઠ દાદાભાઇ દીનશાહે પોતાના મરહુમ બેટા બેરામજીની યાદગીરીમાં સરકારને રૂ. ૪૫૦૦ ના પોર્ટ ટ્રસ્ટના ડીબેન્ચરો સ્વાધીન કીધાં છે, જેના વ્યાજમાંથી બક્ષેસ કરનાર ભલામણ કરે તે પારસી વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવાની અને બીજી કેટલીક શરત કરી છે. આ કોલેજમાં સને ૧૮૮૮ માં માત્ર પાંચ પારસી

વિદ્યાર્થીઓ હતા, જે સંખ્યા ૧૯૧૮ માં ૧૨ જેટલી હતી, જ્યારે હમણાં ફર્સ્ટ ઇયર આર્ટમાં પાંચ, ઇન્ટર સાયન્સમાં એક અને બી. એ. માં પાંચ મળી અગ્યાર પારસી વિદ્યાર્થીઓ એ કોલેજમાં અભ્યાસ કરે છે. ૧૮૮૮ થી ૧૯૧૯ સુધીના ૩૧ વર્ષમાં કુલ્લે ૨૬૨ પારસી વિદ્યાર્થીઓએ નીચે મુજબ આ કોલેજનો લાભ લીધો હતો.

૧૮૮૮ ... ૫	૧૮૯૬ ...૧૦	૧૯૦૪ ... ૭	૧૯૧૩ ...૧૪
૧૮૮૯ ... ૬	૧૮૯૭ ... ૫	૧૯૦૫ ...૧૦	૧૯૧૪ ...૧૪
૧૮૯૦ ... ૫	૧૮૯૮ ... ૨	૧૯૦૬ ...૧૩	૧૯૧૫ ...૧૦
૧૮૯૧ ... ૫	૧૮૯૯ ... ૨	૧૯૦૭ ...૧૧	૧૯૧૬ ...૧૯
૧૮૯૨ ... ૧	૧૯૦૦ ... ૭	૧૯૦૮ ... ૭	૧૯૧૭ ...૧૮
૧૮૯૩ ... ૨	૧૯૦૧ ... ૮	૧૯૦૯ ... ૭	૧૯૧૮ ...૧૨
૧૮૯૪ ... ૨	૧૯૦૨ ...૧૧	૧૯૧૦ ...૧૦	૧૯૧૯ ...૧૧
૧૮૯૫ ... ૫	૧૯૦૩ ... ૯	૧૯૧૨ ...૧૪	

ગ્રેજ્યુએટ થયલા પારસીઓ.

ઉપર કહી તે મુદતમાં સીંધ આર્ટસ કોલેજમાં અભ્યાસ કરીને નીચલા પારસી ગ્રેજ્યુએટો બહાર પડ્યા છે, જેમાં અત્યાર સુધીમાં એકજ જરથોસ્તી **મી. મીનોચેહેર કેખશરૂ સ્પેનસર,** એમ એ. ની પરીક્ષામાં પસાર થયા છે. બી. એ. ની પરિક્ષા નીચલા પંદર જરથોસ્તીઓએ પસાર કરી છે:–મેસર્સ ફરામરોજ એદલજી દીનશાહ, કાવશજી જ. બીલીમોરીયા; મેરવાનજી મા. ખંબાતા (મરહુમ); હોશંગ નાદીરશા એદલજી દીનશાહ; નરીમાન ફ. લીંબુવાલા; જાંગીર ફરામજી કોટવાલ; સોરાબજી રૂ. ખરાસ; હોશંગ મા. ખંબાતા; કાવશજી ખ. સોપારીવાલા; રૂસતમજી શોરાબજી પસ્તાકીઆ; દીનશા પેશતનજી દસ્તુર; ગુસ્તાદ કાવશજી ચોકસી; ગુસ્તાદ અરદેશર મામા; એરચ એ. દુબાશ અને હોમી ડો. મીસ્ત્રી.

પારસીઓએ બહાર પાડેલાં પુસ્તકો.

કરાચીના પારસીઓએ બહાર પાડેલાં પુસ્તકો જો કે ઘણાં જુજ છે. તોપણ તેની સંખ્યા મનમાનતી ગણાશે. પુસ્તકો પ્રગટ કરવામાં દસ્તુર ડા.

ધાલાનો વિશેષ હીસ્સો છે, જેને લગતી વીગત એઓની જીંદગીના ટુંક વૃતાંત માંજ સમાવવામાં આવી છે. એ ઉપરાંત નીચલી ચોપડીઓ બહાર પડેલી જણાય છે:—

Chronological list of Acts & Regulations & notifications issued under them. પ્રગટ કરનાર શેઠ ફ્રામરોજ એદલજી પંથકી.

The Income Tax Calculator under Act II of 1886—પ્રગટ કરનાર શેઠ કાવશજી દાદાભાઈ.

અવસ્તા અને જંદ શબ્દોના અર્થ—ગુજરાતીમાં પ્રગટ કરનાર શેઠ દાદાભાઈ હીરજીભાઈ પટેલ.

દરેક માણસનો વૈદ—ગુજરાતીમાં પ્રગટ કરનાર ડા૦ બેજનજી રૂસતમજી.

ખોદાસ્નાશી તથા કર્મ અને કરણીનો કાયદો તથા પાદશાહ કૈખશરૂની તવારીખ—પ્રગટ કરનાર શેઠ ધનજીભાઈ પેશતનજી કોટવાલ.

જરથોસ્તી પુસ્તકશાળાઓ.

કરાંચીમાં જરથોસ્તીઓએ સ્થાપેલી પુસ્તકશાળાઓની સંખ્યા અરધો દઝન જેટલી છે, જેની વીગત નીચે મુજબ છે:—

સદર બજાર રીડીંગ રૂમ અને લાયબ્રેરી, જેનો લાભ સર્વે કોમો લે છે, તેની સ્થાપનામાં પારસીઓનો આગેવાન ભાગ હતો અને હમણાં પણ લગભગ તે પારસી વહીવટ હેઠળજ છે. લાયબ્રેરીના ઓ૦ સેકરેટરી શેઠ ફ્રામરોજ એદલજી પંથકી કેટલાક વર્સોથી છે.

"ખા૦ બા૦ બેરામજી જેહાંગીરજી રાજકોટવાલા લાયબ્રેરી," કરાંચી પારસી ઈન્સટીટયુટમાં મરહુમ શેઠ રાજકોટવાલાની સખાવતથી સ્થાપવામાં આવી હતી. એમાં હર વર્ષે નવાં નવાં પુસ્તકોનો સારો વધારો કરવામાં આવે છે.

લાયબ્રેરીયન—મી. રૂશતમ ન. ખુરશીગરા.

ઝોરોએસ્ત્રીયન કલબમાં પણ એક નાની લાયબ્રેરી છે.

યંગ મેન્સ ઝોરોએસ્ત્રીયન એસોસીએશન પોતાની એક ઉતમ લાયબ્રેરી ધરાવે છે.

વીરબાઇજી સ્કુલમાં મરહુમ શેઠ એદલજી બેજનજી કાંદાવાલાને નામની લાયબ્રેરી તેઓના બેટા અને કુટુંબે ભેટ કરી છે.

સદરની શેઠ હીરજીકાકાની દરેમેહેર સુધારા વધારા સાથે હાલમાં જ્યારે તઇયાર થઈ ત્યારે મોબેદ સાહેબોના ખાસ ઉપયોગ માટે એક લાયબ્રેરી સ્થાપવાના હેતુથી મરહુમ શેઠ જમશેદજી અરદેસર બેહેરાનાની યાદગીરીમાં મરહુમના માતાજી અને ભાઇઓએ રૂા. ૫૫૦૦ આપ્યા હતા, જેમાંથી એક કુશાદે રૂમ બંધાવવામાં આવ્યો છે, જ્યાં ચોપડી ચોપાન્યાંનો એક સારો જથ્થો રાખવામાં આવ્યો છે. વળી કેટલાક ન્યુસપેપરો પણ ટેબલ ઉપર રાખવામાં આવે છે.

સેક્રેટરી—મી. કાવશાહ સો. લાહેર.

જરથોસ્તી બાનુ મંડળ પણ એક નાની લાયબ્રેરી ધરાવે છે.

ઉપલી લાયબ્રેરીઓ હાલ હસ્તીમાં છે. એ ઉપરાંત પ્રોફેસર બી. જે. પાદશાહ જ્યારે અત્રે હતા તે વેળા તેઓએ પારસી બાનુઓ માટે એક સરક્યુલેટીંગ લાયબ્રેરી સ્થાપી હતી, જે થોડોજ વખત ચાલુ રહી હતી.

લેડી ડફરીન હોસ્પીટલ.

કરાચીના પારસીઓએ સ્થાપેલાં ધર્મ ખાતાંઓ અને કેળવણી ખાતાંઓની વીગત આપવા પછી, હવે હું દવાખાનાઓ અને નીરાશ્રીત ફંડોની કાંઇક હકીકત અત્રે રજૂ કરીશ.

મરહુમ શેઠ એદલજી દીનશાહે પારસી કોમ ઉપર હરેક કીસમના ખાતાંઓ સ્થાપી ઉપકાર કર્યો છે, પણ એ શેઠ પોતાની કોમને માટેજ સખાવત કરીને નહીં બેશી રહેતાં સાર્વજનીક કોમોના લાભ માટે પણ ઘણી સખાવતો કરી છે, ખાસ કરી હોસપીટલોની સ્થાપના કરી લોકોને ઘણો ફાયદો પોહોંચાડયો છે.

લેડી ડફરીન હોસપીટલ મરહુમ શેઠ એદલજીની સખાવતથી હસ્તીમાં આવી હતી. આ હોસપીટલ બાંધવા માટે મરહુમ શેઠે રૂ. ૫૦૦૦૦ આપ્યા હતા. નામદાર વાઈસરોય લોર્ડ એલગીનના બાનું લેડી એલગીને તા. ૧૨ મી નવેમબર ૧૮૯૪ ને દીને એ હોસપીટલનો પાયો નાખવાની ક્રીયા કરી હતી, જે બાદ શેઠ એદલજીએ તે નામદારના માનમાં ગાર્ડન પાર્ટીનો એક મેળાવડો કર્યો હતો. મરહુમે એ હોસપીટલમાં પારસીઓ માટે ખાસ વોર્ડ રાખવાની ગોઠવણુ કરાવી હતી. એ હોસપીટલને મરહુમ મહારાણી વીકટોરીયાનું બસ્ટ શેઠ એદલજીએ ભેટ આપ્યું હતું. ડફરીન હોસપીટલ કરાચીની આગેવાન હોસપીટલ છે અને તેનો બહુ સારો લાભ લેવાય છે. વખતો વખત એના ફંડમાં પારસીઓ ઘણો સંગીન ફાળો આપતા રહયા છે.

વીરબાઈજી મેટરનીટી વીંગ.

ખા. બા. કાત્રકની જીંદગીના હેવાલમાં હું આ મેટરનીટી વીંગના સંબંધમાં કાંઇક લખી ગયો છું એટલે તે વિષે અત્રે પાછું લખવાની હું જરૂર જોતો નથી. લેડી ડફરીન હોસપીટલમાં આ વોર્ડ ઘણી ઉપયોગી ગરજ સારેછે. આ વીંગ જાનેવારી ૧૯૧૭ માં ખુલ્લી મેલવામાં આવી હતી.

એદલજી દીનશાહ ચેરીટેબલ ડીસપેન્સરી

મરહુમ શેઠ એદલજી દીનશાહે ૧૮૮૨ ના સાલમાં કરાંચી મ્યુનીસીપેલીટીને રૂા. ૫૫૦૦ ની રકમ ભેટ આપી હતી, જેમાં મ્યુનીસીપેલીટીએ એટલીજ રકમ ઉમેરીને ઉપલા નામે સઘળી કોમો માટે સદરમાં એક ડીસપેનસરી ખુલ્લી મેલી હતી.

બચુબાઇ એદલજી દીનશાહ ડીસપેનસરી.

મરહુમ શેઠ એદલજી દીનશાહે સને ૧૮૮૭ ના સાલમાં એજ રીતે બીજી એક લાયક રકમ કરાંચી મ્યુનીસીપેલીટીને સપુરદ કરી તે મધેથી એક ડીસપેન્સરી કેમારી ખાતે બાંધવા અને તેને પોતાના ધણીયાણી બાઈ બચુબાઈનું નામ આપવાની શરત કરી હતી, જે ઓફર મ્યુનીસીપેલીટીએ ઉપકાર સાથે કબુલ રાખી હતી. આજે એ ડીસપેનસરી કેમારીના ગરીબ લોકોને મોટા આશીરવાદ સમાન થઈ પડી છે.

નાદરશા એદલજી દીનશાહ ડીસપેનસરી.

મરહુમ શેઠ એદલજી દીનશાહે તે પછી સને ૧૯૦૩ માં રૂ. ૧૦૦૦૦ ની નાદર રકમ મ્યુનીસીપેલીટીને ભેટ કરી હતી જે મધેથી એક ડીસપેનસરી બાંધવા અને પોતાના બેટા શેઠ નાદરશાનું નામ આપવાની શરત કરી હતી. આ ડીસપેનસરી હાલમાં લોરંસ રોડ ઉપર આવેલી છે.

ગુલબાઈ મેહેતા મેટરનીટી હોમ.

કરાચીના પારસીઓની એક ઘણી જરૂરી હાજત જાણીતા દિલસોઝ તબીબ ડાકટર કેખુશરોએ ૧૯૦૮ ના સાલમાં પુરી પાડી હતી. સુવાવડ વખતે લોકોને કેટલી બધી હાડમારી ભોગવવી પડે છે તે જાણીતી બીના હોવાથી અને હોસ્પીટલના લાભો આપણી કોમ સારી રીતે સમજતી હોવાથી તે વિષે અત્રે કશું લંબાન કરવાની જરૂર નથી.

ડા. કેખુશરોને એમ લાગ્યું કે જો અત્રે મેટરનીટી હોમ જેવું ખાતું હોય તો કોમને ઘણો ફાયદો થાય અને તેથી તેઓએ પોતાને હીસાબે તા. ૧લી ઓગસ્ટ ૧૯૦૮ ના દીવસથી પોતાના રહેવાના મકાનની બાજુમાંના નાના મકાનમાં થોડાં બેડ સાથે એક સુવાવડખાનુ ચાલુ કીધું. ફી જો કે મધ્યમ છતાં આપણી પારસી ખાસીયત મુજબ યા તો ડરીને કે કોઇ બીજાં કારણે લોકોએ આ મળેલી તકનો જોઇએ તેવો લાભ લીધો નહીં. આથી થયું એમ કે સુવાવડખાનાનો ખરચ પણ પુરો પડયો નહીં અને ડાકટર સાહેબને ચાલુ ખોટનો ખાડો પુરવાનું ભારી પડી ગયું. પોતાની પ્રેકટીસના ભોગે અને નાણાની અંગત નુકશાની ખમીને એ ખાતુ ચાલુ રાખવું તેઓને મુશકેલ જણાયુ, અને તેથી એક વર્ષની મુદત બાદ તેમને તે બંધ કરવાનો ઠરાવ કીધો. આ ઠરાવ તેમને પોતાના કેટલાક મીત્રોને જણાવ્યો, જેમાં મી. જમશેદ મેહેતા પણ એક હતા. મી. જમશેદે તુરત જોયુ કે એક સારૂં ખાતું નાહેકનુ મરણ પામે છે. આથી ડા. કેખુશરો જો કોમને પોતાની સેવા અર્પણ કરે તો તેઓએ તેને એક કોમી ખાતાં તરીકે ચલાવવાનો વિચાર જણાવ્યો. ડા. કેખુશરો બાખુશીથી ઓનરરી કામ કરવા તૈયાર થયા, તેથી ઉતેજન પકડીને મી. જમશેદે પોતાના માતાજી બાઈ ગુલબાઈ સનમુખ બધી

વીગત રજુ કરી અને તે ભલાં દિલસોજ બાનુએ પોતાના બેટાને જોઇતો ટેંકો આપવાથી તેમજ બીજા બાનુઓ અને ગ્રહસ્થોએ નાણાની જોગવાઈ કરી આપવાથી આ ખાતુ "પારસી મેટરનીટી હોમ" એ નામે તા. ૧લી જુલાઇ ૧૯૦૯ ને દીને કોમી ખાતાં તરીકે ચાલુ થયું.

એ પછી રફ્તે રફ્તે ખાતાનું ઉપયોગીપણું કોમ જોવા લાગી અને લોકોએ નાની નાની મદદ પણ આપવી શરૂ કરી. એક વર્ષ ઉપર જે ખાતું મરણ પામવાની તૈયારીમાં હતું તે બીજાં એક સાલમાં અને તે પછી એટલું બધું લોકોને ઉપયોગી જણાયું કે તેને માટેનું હાલનું મકાન ઘણું નાનું પડવા લાગ્યું અને એક ખાસ મકાનની જરૂર ત્રણ ચાર વર્ષના અરસામાંજ જણાવા લાગી. એ પછી ૧૯૧૪ ના સાલમાં બાઇ ગુલબાઈ ડોશાભાઈ મીનવાલાએ પોતાના મરહુમ બેટા મેહેરજીની ભલી યાદમાં રૂ. ૯૦૦૦ ની રકમ એવી શરતે આપવા કહી કે તેમાંથી સુવાવડખાનું બંધાય તેમાં મરહુમના નામનો એક ઓપરેશન વોર્ડ બાંધવો, આથી હોમના કારોબારીઓને ઉલટ આવી અને એ કામ માટે પણ નાની મોટી રકમો કોમ તરફથી સખાવતમાં મળવા લાગી. એ પછી મરહુમ બાઈ ગુલબાઇની યાદમાં ખા બા. નશરવાનજી મેહેતાએ મરહુમની કાયમ યાદગીરી રાખવા માટે આ ખાતું લાયક જોઇ પોતાની જમીન અને રોકડ મળી આસરે ૬૦ હજારની રકમ હોમને મરહુમ બાઇ ગુલબાઇનું નામ આપવાની શરતે આપવા માંગી, જે ઉપકાર સહીત સ્વીકારવામાં આવી. જે પછી બીજી વધુ રકમો ભરાઈ ગઇ, જેના પરિણામે "બાઈ ગુલબાઇ નશરવાનજી મેહેતા પારસી મેટરનીટી હોમ" નો પાયો નાંખવાની શુભ ક્રીયા તા. ૨૦ મી ડીસેંબર ૧૯૧૭ ને દીને દસ્તુર ડા. ધાલાને હાથે થઈ હતી. હાલમાંજ આ બાદશાહી મકાન બંધાઇને તૈયાર થયું છે અને થોડા વખતમાં તે ખુલ્લું મેળાશે. આ મકાન ઘણું ગંજાવર છે અને બીજા ૧૦ વર્ષ યા તેથી વધુ મુદત સુધી પારસીઓની આ જરૂરી હાજત પુરીપુરી જળવાશે.

સખાવત કરનારાંઓને અલબત ધન્યવાદ ઘટે છે, પણ તે સાથે ડો. કેખુશરોને કાંઈ ઓછો ધન્યવાદ ઘટતો નથી. ડા. કેખુશરોએ પોતાના આ બાળકને પોતેજ ઉછેરીને મોટું કરી આપવામાં ભારે કાળજી લીધી છે. પોતાના તન, મન અને ધનના ભોગે કોમને

આ ખાતું વધુ અને વધુ ઉપયોગી થઇ પડે તેની હરદમ કાળજી રાખી છે અને જ્યાં સુધી આ હોમની હસ્તી કાયમ રહેશે ત્યાં સુધી ડા૦ કેખુશરોનું નામ, કોમ માન અને ચાહ સાથે હમેશાં યાદ કરશે. આ બાબતમાં મી૦ જમશેદને પણ મોટો ધન્યવાદ ઘટે છે કે જે ભાઈની કાળજીથી કોમ એક ધરખમ ખાતુ મેળવવા પામી છે.

આ ખાતાના છેલ્લા બહાર પડેલા રીપોર્ટ મુજબ ૧૯૧૮ ના સાલની આખરે નીભાવ ફંડ, બીલ્ડીગ ફંડ અને જનરલ ફંડ મળી આ ખાતાંની સીલક કુલ્લે રૂા. ૬૧૪૮૯–૩–૨ જેટલી હતી.


આ ખાતાંના ટ્રસ્ટીઓ તરીકે નીચલા ગ્રહસ્થો નેમાયલા છે:—શેઠ ફ્રામરોજ એદલજી પંથકી; ખા. બા. નશરવાનજી રૂશતમજી મેહેતા; ખા. બા. કાવશજી હોરમજી કાત્રક; શેઠ સોરાબજી પીરોજશાહ દુબાશ; શેઠ જાંગીર પીરોજશાહ દુબાશ; શેઠ રતનજી બેરામજી કલેકટર; સેક્રેટરી મી૦ જમશેદ નશરવાનજી મેહેતા; મેનેજીંગ ડોકટર–ઈન–ચાર્જ ડા૦ કેખશરૂ દાદાભાઈ કોન્ટ્રેકટર.

બચુબાઇ એદલજી દીનશાહ નીરાશ્રીત ફંડ.

મરહુમ શેઠ એદલજી દીનશાહનું નામ આ ચોપડીમાં જેટલી વખત વપરાયું હશે તેટલું ઘણા થોડાઓનું નામ વપરાયું હશે. એ મરહુમ શેઠે જુદી જુદી જાતના એટલાં બધાં ફંડો સ્થાપેલાં છે કે જેની આવતી ઓલાદ પણ મગરૂરી સાથે યાદ કરશે.

મરહુમ શેઠે ૧૮૮૬ ના ફેબરવારી માસમાં પોતાના પેહેલાં ધણીયાણી મરહુમ બાઈ બચુબાઈના પુનને માટે ઉપલું ફંડ સ્થાપ્યું હતું. મરહુમે એ માટે એક બંગલો આપ્યો હતો જેની કીમત તે વેળા રૂા. ૧૦ હજાર અંકાતી હતી જ્યારે આજે તેની કીમત રૂા. ૬૦ હજાર બોલાય છે, છતાં ટ્રસ્ટીઓ આગલીજ કીમત પોતાના હીસાબમાં દેખાડે છે. વખતો વખત મરહુમના કુટુંબીઓ એમા નાણા ભરે છે, જે સાથે એ ફંડની સીલક તા. ૧ લી એપ્રેલ ૧૯૧૯ ને દીને રૂા. ૨૬૩૭૧ જેટલી હતી.

BAI GULBAI NUSSERWANJEE MEHTA
PARSI MATERNITY HOME.
GOVERNMENT GARDEN ROAD



FRONT ELEVATION



મરહુમ બાઇ ગુલબાઇ નશરવાનજી મેહેતા.

જેઓની યાદમાં હાલનું મેટરનીટી હોમનું મકાન બંધાઇને તૈયાર થયું છે.



મી૰ જમશેદ નશરવાનજી મેહેતા

મેટરનીટી હોમને કોમી ખાતું બનાવવામાં મી૰ જમશેદનો મુખ્ય હાથ હતો અને એ ભાઇની કાળજી તથા મેહેનતથી "ગુલબાઇ મેટરનીટી હોમ" હસ્તીમાં આવવા પામ્યું છે. એ ઉપરાંત દરેક કોમી કામમાં એમની સેવા ઘણી ઉપયોગી થઇ પડે છે. ગરીબ ગુરબાંઓને મી. જમશેદનો ઘણો આશરો છે અને કોઇનું પણ કામ બજાવવા એઓ હમેશાં તત્પર રહે છે.



ડા૦ કેખશરૂ દાદાભાઇ

પારસી મેટરનીટી હોમની શરૂઆત એઓએ કરી હતી, અને કોમની આ જરૂરી હાજત પુરી પાડવાનું માન ડા૦ કેખશરૂનેજ ઘટે છે. આજની મેટરનીટી હોમની સ્થીતી મોટે ભાગે એઓની અથાગ મેહેનતને આભારી છે. ડા. કેખશરૂ આજ વર્ષોથી મુંગે મોઢે કોમની જે સેવા બજાવે છે તે ખરેખર વખાણને લાયક છે અને એવા એક દીલસોઝ તબીબ મેળવવા માટે કોમ ખચીત મગરૂરી લઈ શકે.

આ ફંડમાંથી ગરીબ જરથોસ્તીઓને દર મહીને પગાર આપવામાં આવે છે તથા વખતો વખત મદદ કરવામાં આવે છે. શેઠ એદલજીના કેટલાક સગાંવહાલાં અને મીત્રોની બાજ કરાવવામાં આવે છે અને શીઆવ ગરીબ લોકોમાં વેહેચી આપવામાં આવે છે.

આ ફંડના નીચલા ત્રસ્ટીઓ છે:—શેઠ નાદરશા એદલજી દીનશાહ; ડા૦ કેખશરૂ નાનાભાઇ સ્પેન્સર; મેસરસ માણેકજી દોરાબજી તલાટી; હોરંગ નાદરશાહ એદલજી દીનશા અને મીનોચેહેર કેખશરૂ સ્પેનસર.

૧૮૮૬ થી આજ દીન સુધી મી૦ માણેકજી દોરાબજી તલાટી એ ખાતાના ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ત્રેઝરરનું કામ બજાવે છે.

પારસી નીરાશ્રીત ફંડ.

ઉપલાં નામનું એક ફંડ પારસી પંચાયતના ત્રસ્ટીઓને હસ્તક ચાલે છે, જેમાંથી દર મહીને ઘણા ગરીબ જરથોસ્તી વિધવાઓ અને નાવારેશ બાળકોને મદદ કરવામાં આવે છે. ફંડમાં હાલે રૂ. ૧૫૦૦૦ જેટલી સીલક છે. ફંડના ઓ. સેક્રેટરી અને ઓ. ત્રેઝરર તરીકે મેસર્સ ખરશેદજી જમશેદજી સોપારીવાલાની કુા. કામ કરે છે.

ખરશેદબાઈ અને મેહેરબાઈ કલોધીંગ ફંડ.

ખા. બા. રૂશતમજી નશરવાનજી મેહેતાએ નવેંબર ૧૯૦૧ માં મરહુમ બાઈ ખરશેદબાઈ એદલજી ગોળવાળાના પુનને માટે ઉપલું ફંડ પેહેલાં શરૂ કર્યું હતું. પાછળથી મરહુમ શેઠ બેરામજી એદલજી કલેકટરે પોતાના મરહુમ ધણીયાણી બાઈ મેહેરબાઇના પુનને માટે નાણા ભરી એ ફંડ સાથે બંને મરહુમોના નામ જોડવામાં આવ્યાં હતાં. ૧૯૧૫ ના એપ્રેલમાં ફંડની સીલક આસરે રૂ. ૭૫૦૦ જણાવી હતી.

આ ફંડમાંથી થંડીની મોસમમાં દર વર્ષે કરાચીના તથા સુરત રૂસ્તમપુરાના ગરીબ જરથોસ્તીઓને બ્લેનકેટ અથવા સુજની અથવા ગરમ કપડા આપવામાં આવે છે.

આ ફંડના ત્રસ્ટીઓ ખા. બા. નશરવાનજી રૂ. મેહેતા અને શેઠ રતનજી બેરામજી કલેકટર છે.

ઓ. સેક્રેટરી મી. માણેકજી દોરાબજી તલાટી અને ઓ. ત્રેઝરર મેસર્સ ખરશેદજી જમશેદજી સોપારીવાલાની કુા. છે.

પીરોશા પેશતનજી દુબાશ રીલીફ ફંડ

મરહુમ શેઠ પીરોજશા પેશતનજી દુબાશની યાદગીરી માટે મરહુમના બેટા અને સગાં સ્નેહીઓએ મળી ઓગસ્ટ ૧૮૯૧ મા ઉપલાં નામનું ફંડ સ્થાપ્યું હતું. એ ફંડમાંથી દર વર્ષે મરહુમની બાજને દીને ધર્મક્રીંયા કરાવવામાં આવે છે અને ગરીબ જરથોસ્તીઓમાં સુતરાઉ કપડાં વેહેંચવા માં આવે છે.

ફંડની સીલક તા૦ ૧ લી જુન ૧૯૧૯ ને દીને રૂા. ૨૨૭૦ જેટલી હતી.

ત્રસ્ટીઓ શેઠો જાંગીર પીરોજશા દુબાશ અને માણેકજી દોરાબજી તલાટી છે.

મી૦ માણેકજી દોરાબજી તલાટી, ફંડની શરૂઆતથી આજદીન સુધી તેના ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ત્રેઝરર છે.

પારસી બેકાર ફંડ.

ઉપલા નામનું એક ફંડ ૧૯૧૬ ના જાનેવારી માસમાં ખુલવામાં આવ્યું હતું. જે વખતે ફંડમાં રૂા. ૬૫૭ ની રકમ ભરાઈ હતી. એ ફંડમાંથી લાચાર કુટુંબોને મદદ કરવાની ધારણા રાખવામાં આવી હતી. ફંડમાં નાણાં ભરવાની ૧૯૧૭ માં પાછી જ્યારે અપીલ કરવામાં આવી ત્યારે તેની સીલક રૂ. ૨૫૦ જેટલી જણાવી હતી. હાલે તેની શું સ્થીતી છે તે ખબર નથી, તેમજ ફંડ કોના હસ્તકમાં છે તે પણ જણાયું નથી.

સીંધ મેસોનીક બેનીવોલંટ ફંડ.

આ એક ફ્રીમેશન ખાતું છે, પણ તેની સ્થાપના મોટે ભાગે પારસીઓને આભારી છે. એ ફંડ સઘળા ફ્રીમેશન બંધુઓ માટે ખુલ્લું છે અને તેમાંથી ઘણાએક મરહુમ ફ્રીમેશનોની વિધવાઓને મદદ આપવામાં આવે છે, તેમજ તેઓના બાળકોને મુફત કેળવણી મળે એવી સગવડ કરી

આપવામાં આવે છે. ઘણીક જરથોસ્તી વીધવાઓને એ ફંડમાંથી મુસારો મળે છે. ફંડની સીલીક હાલે આસરે રૂા. ૨૫૦૦૦ જેટલી છે. ફંડના ઓ૦ સેક્રેટરી શેઠ ફરામરોજ એદલજી પંથકી છે.

ખરશેદબાઈ નાદરશા એદલજી દીનશા ચેરીટેબલ ફંડ.

શેઠ નાદરશા એદલજી દીનશાએ પોતાના મરહુમ પીતાજી શેઠ એદલજી દીનશા તથા મરહુમ ધણીયાણી બાઈ ખરશેદબાઈ તથા મરહુમ બેટા રૂસ્તમજીના પુન માટે ઉપલાં નામનુ એક ફંડ ૧૯૧૭ ના ડીસેંબર મહીના માં સ્થાપ્યું હતું. એ ફંડ માટે શેઠ નાદરશાહે બાઇ. ખરશેદબાઇના નામની ૧૦ ગાલાની એક માલ સાથની ચોલ, જેની કીંમત આગલ રૂ. ૩૫ હજાર ની અંકાતી હતી. જ્યારે આજે રૂ. ૮૦ હજારને સુમારે ગણાય છે છતાં તે ચોલ આગલીજ કીમતે ગણીને તથા બીજા રૂ. ૫૯,૬૦૦ મળી કુલે રૂ. ૯૪૬૦૦ આપીને ચાલુ કીધું હતું. આ ફંડની સીલક તા. ૧લી એપ્રેલ ૧૯૧૯ ને દીને ચોલ તથા રોકડ મળીને રૂ. ૯૭,૬૦૦ જેટલી છે.

આ ફંડમાંથી દરવરસે રૂ. ૨૦૦ રોકડ સકકર આતશ દાદગાહ ફંડના ત્રસ્ટીઓ ઉપર અને રૂ. ૩૦૦ થી ૩૫૦ દેવલાલી ખાતેની બાઈ રતનબાઈ ચીનાઈની દરેમેહેરના ત્રસ્ટીઓ ઉપર સુખડ લોબાન અને લાકડાના ખરચ માટે મોકલવાના છે. રૂ. ૫૦૦૦ બાઇ ખરશેદબાઈના નામે એક બેડ સ્થાપવા અને રૂ. ૫૦૦૦ મરહુમ શેઠ રૂસ્તમજીના નામે એક બેડ સ્થાપવા મુંબઇની પીટીટ પારસી જનરલ હોસપીટલના ત્રસ્ટીઓ ઉપર મોકલવા પછી વ્યાજ અને ભાડામાંથી કરાચીના પારસીઓમાં કેળવણીને વધારો કરવા, અને તેને ઉતેજન આપવા તથા બીજી બાબતો જેવી કે ધર્મ સંબંધી, સંસાર સંબંધી ઉદયોગ સંબંધી અને આખી કોમમાં નીતી રીતી વધારવા માટે ખરચ કરવો એવું ઠરાવ્યુ છે.

આ ફંડના નીચલા ત્રસ્ટીઓ છેઃ—શેઠો નાદરશા એદલજી દીનશા, કેખશરૂ નાનાભાઈ સ્પેનસર, માણેકજી દોરાબજી તલાટી, હોશંગ નાદરશા એદલજી દીનશા, મીનોચેહેર કેખશરૂ સ્પેનસર અને મીનોચેહેર નાદરશા એદલજી દીનશા.

ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ટ્રેઝરર—મી. માણેકજી દોરાબજી તલાટી.

પારસી રીલીફ ફંડ.

ઈન્ફ્લ્યુએન્ઝાની બીમારીએ કરાચીમાં પગ પેસારો કરવા પછી જેમ બીજી કોમોમાં તેમ પારસી કોમમાં પણ તેણે ભારે આફત વરસાવી હતી, અને ઘણાખરા દાખલામાં કુટુંબના કુટુંબો એ બીમારીથી પટકાઇ પડવાથી અને તેઓની સારવાર માટે બંદોબસ્તની જરૂર હોવાથી કેટલાક સાહેબોની આગેવાની હેઠળ "પારસી રીલીફ કમીટી" ની સ્થાપના કરવામાં આવી હતી. જેણે ઘણા સખીવજુદોની મદદથી તેમજ કેટલાક વોલંટીયર ભાઇઓની સેવાથી કોમનું એ સંકટ ઓછું કરવાને બનતી તજવીજ કરી હતી. રીલીફનું કામ તા. ૧૪ મી ઓકટોબર ૧૯૧૮ ને દીને શરૂ થયું હતું અને તા. ૨ જી ડીસેંબર ૧૯૧૮ સુધી ચાલ્યું હતું.

રીલીફ કમીટીની સ્થાપના કરવાનું ઉતેજન શેઠ અરદેશર હોરમસજી મામાએ આપ્યું હતું અને કમીટીને વખતો વખત નાણાની અને બીજી ઉપયોગી મદદ કરી હતી. શેઠ અરદેશરે નાણાંની ઘણી સારી મદદ ઉપરાંત ડાક્ટરના ઉપયોગ માટે ભાડેની મોટાર પોતાના ખરચે પુરી પાડી હતી એટલુંજ નહીં પણ કમીટીનું કામકાજ જ્યારે બંધ કરવામાં આવ્યું ત્યારે બાકી વધેલી રકમમાં બીજા રૂ. ૮૫૯ ઉમેરીને કમીટીને રૂ. ૩૦૦૦ ની એક આખી રકમ સીલકમાં રાખવાનું બને એવી ગોઠવણ કરી આપી હતી.

કમીટીના કામમાં આગેવાન ભાગ લેનારાઓમાં મી. જમશેદ મહેતા, ડા૦ ઇ. ડી. શરાફ, મી૦ એચ. પી. એરામજી, મીસ મેહેરબાઈ મંચેરજી રબાડી, મીસ મેહેરબાઈ જમશેદજી શેઠના અને મી૦ અને મીસીસ જાંગીર ફ. પંથકીના નામોની ખાસ નોંધ લેવાની અત્રે જરૂર છે.

બીમારી વધુ જોશ પકડતાં રીલીફ કમીટીને હોસપીટલ ખુલવાની જરૂર જણાઈ હતી, જેનો સઘળો ખરચ શેઠ જાંગીર હોરમસજી કોઠારીએ ઘણી ઉદારતાથી પુરો પાડયો હતો તેમજ હોસપીટલને ઉપયોગી ચીજો પણ પુરી પાડી હતી. હોસપીટલમાં ડા૦ જાંગીર માણેકજી તલાટી અને નર્સોએ બીમારોની માવજત કરવામાં ઘણી મેહેનત લીધી હતી.

કેટલીક વેપારી પેઢીઓ જેવી કે મેસરસ જે. બ્લીસ, નશરવાનજીની કુા. આદમ સુમાર, એરામજી એદલજી વગેરેએ કમીટીને ઘણી ઉપયોગી દવાદારૂ ખરીદ ભાવે આપી હતી.

કમીટીને એ બધી મદદોમાં ઓનરરી તબીબ ડા૦ ગુસ્તાદ બેરામજી મેહેતાની સેવા ઘણી કામની થઈ પડી હતી. ડા૦ ગુસ્તાદને તેમની મહેનતના બદલામાં એક લાયક ઓનેરેરીયમ આપવાની માંગણી, તેમને ના પાડી હતી અને પોતાની બહોળી પ્રેકટીસના ભોગે કોમને પોતાની સેવા તદન મુફત અરપણ કરી હતી અને કોમમાંથી એ રોગ દફે કરવા રાત દીવસ ભારે કાલજીથી જેહમત ઉઠાવી હતી.

ડા૦ ગુસ્તાદની એ સેવાની પીછાન તરીકે તા. ર૧મી માર્ચ ૧૯૧૯ અને જમશેદી નવરોઝને દીને પારસી ઈન્સટીટયુટમાં કોમના એક મોટા મેળાવડા સનમુખ ઘટતા લેખ સાથે સોનાનું ઘડીયાલ અને છેડો તેમને ભેટ કરવામાં આવ્યો હતો તેમજ રીલીફ કમીટીના ઉપયોગી મદદગાર મી૦ જાંગીર ફ. પંથકીને પણ સોનાનુ ઘડીયાલ છેડો અને મીસીસ જાંગીર પંથકીને એક લેડીઝ ડરેસ કેસ આપવામાં આવ્યો હતો.

પારસી એપીડેમીક રીલીફ ફંડ.

પારસી રીલીફ કમીટી હસ્તક બચેલાં રૂ. ૩૦૦૦ ના નાણાંનો શું ઉપયોગ કરવો અને ભવિષ્યમાં રીલીફનુ કામ ચાલુ રાખવુ કે કેમ તે સંબંધી વિચાર ચલાવવાને ઉપલાં રીલીફ ફંડમાં નાણા ભરનારાઓની એક સભા તા૦ ૨૫ મી જુન ૧૯૧૯ ને દીને મલી હતી, જે વેળા એ બાકી રકમ પંચાયતના ત્રસ્ટીઓને સોંપવાનો અને તેને "ધી પારસી એપીડેમીક રીલીફ ફંડ" એ નામનુ એક જુદુ ખાતુ રાખી ભવિષ્યમાં કોઇ પણ ઉડતા રોગ પ્રસંગે પારસીઓને મદદ કરવાના કામમાં ત્રસ્ટીઓને ઠીક લાગે તેવો ઉપયોગ કરે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો. એ નવા ફંડની સ્થાપના પછી બીજેજ દીને શેઠ કાવસજી વરીઆવાના થયલા ઉઠમણામાં મરહુમના બેટાઓ અને બેશીઓએ એ નવાં ફંડમાં રૂ. ૪૫૮૭ ની રકમ ભરી હતી એ રીતે નવું ફંડ રૂ. ૭૫૮૭ ના ફંડ સાથે હસ્તીમાં આવ્યું છે.

પારસી ગ્રેન શોપ.

જરમનીએ ઉભી કરેલી લડાઈથી આખી દુનિયાં ઉપર જે આફત વરસી રહી હતી, તેમાં લડાઈથી ઉભી થયલી મોંઘવારીને લીધે બીજી બધી

કોમો ઉપરાંત આપણી કોમના મધ્યમ અને ગરીબ વર્ગને પણ ખમવી પડતી સખત હાડમારી દુર કરવા શેઠ અરદેશર હોરમસજી મામાએ સસ્તા ભાવની એક દુકાન કાઢવા રૂ. ૧૦૦૦૦ ની રકમ આપવાની ઓફર કરી હતી. તે ઉપરાંત શેઠ મામાએ યુનવેરારીટી રોડ અને ફ્રીયર રોડના નાકા ઉપર પોતાની જગા ઉપર એક કામચલાઉ દુકાન બંધાવી આપી હતી અને એ રીતે તા. ૧૧ મી ઓકટોબર ૧૯૧૯ થી દુકાન ચાલુ કરવામાં આવી હતી અને આજ સુધી તે ચાલુજ છે, જેનો લાભ સઘળા વર્ગના જરથોસ્તીઓ લે છે. આ દુકાનમાં ચોખા, ઘઉં, આટો, દાલ, ઘી, ખાંડ, ચાહ વગેરે ઘરઘતુ વપરાસની બધી ચીજો રાખવામાં આવે છે અને લોકોને એ દુકાન ઘણી ઉપયોગી થઈ પડી છે.

આ કામ ઉપર દેખરેખ રાખવાને નીચલા ગ્રહસ્થોની કમીટી નેમાઈ છે:—મેસર્સ ફરામરોજ એદલજી પંથકી, અરદેશર હોરમજી મામા, હોરમસજી પી. બેરામજી, જમશેદજી શાપુરજી સોપારીવાલા, રૂશતમજી જાલભાઈ અને બમનજી ટેમુલજી ગોલવાલા. સેક્રેટરીની ફરજો મી. જાંગીર ફરામરોજ પંથકી બજાવે છે.

મી. જમશેદ નશરવાનજી મેહેતાનુ નામ જો કે કમીટીમાં નથી, પણ દુકાનની સ્થાપના કરવામાં એ ભાઈની ઉપયોગી મદદ હતી. અને બીજી રીતે વખતો વખત એ ભાઇની સલાહ અને મદદ કમીટીને મળતી રહે છે.

સસ્તાં ભાડાંની પારસી ચોલો.

પારસી પંચાયત હસ્તક જે વીશાળ ખાલી જગાનો એક પ્લોટ રણછોડ લાઈન્સમાં આવેલો છે, તેનો ઉપયોગ પારસીઓ માટે સુખ શાંતિનાં સસ્તાં ભાડાના મકાનો બાંધવા માટે સને ૧૯૧૧ થી કરવામાં આવે છે. આ મકાનો કયા સંજોગો વચ્ચે બંધાવા પામ્યા છે, તેને લગતી હકીકત આ ચોપડીમાં પારસી પંચાયતની સ્થાપનાને લગતી વીગત લખતાં મેં જણાવી છે, એટલે અત્રે તે માટે કશું પાછું લખવાની જરૂર નથી. ખા. બા. કાવશજી હોરમશજી કાત્રકને એ બાબતમાં ખચીત ધન્યવાદ ઘટે છે કે જેઓએ આ નવી યોજના ઉભી કરવાની પેહેલ કાઢી એક કાંકરે બે પક્ષી

મારવા જેવું કર્યું છે, એટલે આ ચોલો જરથોસ્તીઓને રેહેવાના સારાં મકાનની ખુટ પુરી પાડે છે એટલુંજ નહીં પણ તેના ભાડાંની ઉપજમાંથી જરથોસ્તી કેળવણીને ધરખમ મદદ મળતી રહે છે.

ઉપર જણાવ્યું તેમ ખા૦ બા૦ કાવસજી કાત્રકની સખાવતથી પારસી પંચાયતની વાડીમાં "બંધાયલું બાઇ ખરશેદબાઈ કાવસજી કાત્રક હોમ" નામનું પેહેલું મકાન તા. ૧૯ મી મે ૧૯૧૧ ને દીને સીંધના નામદાર કમીશનરે ખુલ્લું મેલ્યું હતું. એના ભાડાંમાંથી મકાનના રીપેર માટે અમુક રકમ રાખીને બાકીની આવક પારસી વીરબાઇજી સ્કુલના લાભ માટે વાપરવામાં આવે છે.

પછી બીજુ મકાન ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહેતાએ પોતાના મરહુમ ધણીઆણી બાઇ ગુલબાઇની યાદમાં બંધાવી આપ્યું છે, જેની આવક પણ મકાનનો રીપેર ખરચ બાદ કરતાં જરથોસ્તી કેળવણીના લાભ માટે વાપરવાનું ઠરાવ્યું છે.

ત્રીજું મકાન શેઠ અસ્પંદીયાર એદલજી દીનશાની યાદમાં મરહુમના કુટુંબે તે પછી બંધાવી આપ્યું હતું, જેની આવક ખરચ બાદ કરતાં પારસી વીરબાઇજી સ્કુલના લાભ માટે આપવાનું ઠરાવ્યું છે.

એ પછી શેઠ બરજોરજી કાવસજી દુબાશે પોતાના મરહુમ ધણીઆણી બાઈ આવાબાઈની યાદમાં એક બીજી ચોલ બંધાવી આપી હતી, જેની આવક ખરચ બાદ કરતાં જરથોસ્તી કેળવણીના લાભ માટે વાપરવાનુ ઠરાવ્યુ છે.

ગયે વર્ષે જ પાંચમી ચોલ શેઠ બેરામજી ફરામજી કેનટીનવાલાએ પોતાના મરહુમ પીતાજી શેઠ ફરામજી રતનજી કેનટીનવાલાની યાદમાં બંધાવી આપી છે, જેની આવક ખરચ બાદ કરતાં પારસી વીરબાઈજી સ્કુલમાં આપવામાં આવનાર છે.

પચાયતની વાડીમાં એ ઉપરાંત બીજી બે ચોલો થોડુંકમાંજ બંધાય એવો સંભવ છે, જેમાંની એક જે શેઠ અરદેશર હોરમજી મામા તરફથી બંધાવાની વાતચીત ચાલે છે, તે માટે લગભગ ૭૦ હજાર રૂપિયાનો એ શેઠ ખરચ કરવાનો ઇરાદો રાખે છે, અને અત્યાર સુધી વાડીમાં બધાયલી બીજી ચોલો કરતાં તે ઘણી મોટી થવાનો સંભવ છે.

બીજી ચોલ શેઠ બેરામજી એદલજીએ પોતાના વીલમાં ફરમાવવા મુજબ તેઓના બેટાઓ તરફથી બંધાવવામાં આવનાર છે.

એક જરથોસ્તી બાઇએ પંચાયતના ત્રસ્ટીઓને ૫૦ હજારના ખરચે એજ જગા ઉપર એક મોટી ચોલ બંધાવી આપવાની માગણી કરી હતી, પણ નવાં બંધારણને લીધે મેનેજમેંટમાં બાઈ તરફના ત્રસ્ટીઓ લેવાતા નહીં હોવાથી માત્ર એજ એક વાંધાને લીધે એ વાત ખોરંભે પડી છે, પણ ત્રસ્ટીઓ બંધારણની ચોકસ કલમનો અર્થ ઉઠાવવા કોર્ટમાં ગયલા હોવાથી કદાચ મકાન બાંધનારાઓને પ્રતીનીધીનો હક મળશે તો એક બીજી મોટી ચોલ બંધાવા પામશે.

પંચાયતની વાડી ઉપરાંત પારસીઓ માટે સસ્તા ભાડાના બીજાં મકાનો પણ હસ્તી ધરાવે છે, તેમાંનું એક "શેઠ એચ. જે. રૂસતમજી પારસી હોમ"ને નામે ઓળખાય છે જે મરહુમની યાદમાં સને ૧૯૦૩ માં મરહુમના કુટુંબે બંધાવી આપ્યું છે. એમાં તદન ગરીબ વિધવા બાઇઓને ઘણુાજ નજીવા ભાડાએ રાખવામાં આવે છે. આ ચોલ કરાચીમાં સઉથી પહેલી હતી. એના નીભાવ માટે બીજા રૂ. ૨૫૦૦ મરહુમના કુટુંબીઓએ ભર્યા છે.

બાઈ ખરશેદબાઇ નાદરશા એદલજી દીનશા ચોલ નામની ૧૦ ગાલાની માલ સાથની મોટી ચેલી ગયે વર્ષેજ સખાવતમાં આપવામાં આવી છે. એ ચોલ ઉપર પેહેલાંથીજ જરથોસ્તીઓને મધયમ ભાડાંએ રાખવામાં આવતાં હતાં અને તેનું ભાડું એટલું બધું કીફાયત છે કે વર્ષોથી એકના એક કુટુંબો તેનો લાભ લેતાં રહયાં છે. આ ચોલની બધી આવક ખરચ બાદ કરતાં "બાઈ ખરશેદબાઈ નાદરશા એદલજી દીનશાહ ચેરીટેબલ ફંડ (જેની વીગત આગલ આપી જવામાં આવી છે) ના લાભ માટે વાપરવામાં આવશે.


જરથોસ્તીઓ માટે ઉતારાના મકાનો

કરાંચીના પારસીઓને લાભ આપતાં અનેક ખાતાંઓ સીલસીલાબંધ અત્રે રજુ કરવા પછી બાહેરગામથી આવતા જરથોસ્તીઓને ઉતરવાના મકાનોની વીગત હું આપું છું.


બાહેરગામથી આવતા જરથોસ્તીઓને ઉતરવાનું ખરેખરૂ મકાન તો અત્રે એકજ છે અને તે આપણો મશહુર "જાંગીર બાગ" છે.




બાઇ ખોરશેદબાઇ કાવશજી કાત્ર' હોલ.




બાઇ આવાંબાઇ બરજોરજી દુબાશ ચોલ.




બાઇ ગુલબાઇ ૧શરવ જી મેહેતા ચોલ.



શેઠ અસપંદીયાર એદલજી દીનશા ચોલ.



શેઠ ફરામજી રતનજી કેનટીનવાલા ચોલ.




શેઠ બેરામજી ફરામજી કેનટીનવાલા

જેઓએ પોતાના પીતાજીના નામે ચાલ બંધાવી આપી છે




શેઠ બરજોરજી કાવશજી દુબાશ


જેઓએ પારસી પંચાયતની વાડીમાં પોતાના મરહુમ ધણીયાણીને નામે સસ્તાં ભાડાંની ચાલ બંધાવી, આપી છે.



શેઠ એચ, જે. રૂશતમંજી પારસી હોમ.



બાઇ ખોરશેદબાઇ નાદરશા એદલજી દીનશા ચાલ.



જાંગીર બાગ—બહારગામથી આવતા જરથોસ્તીઓના ઉતારા માટેનું મકાન.



ઝોરોએસ્ટ્રીયન ક્લબને લગતો સોરાબ ક્વાર્ટર્સ.

જાંગીર બાગની ઉત્પતી.

વિક્ટોર્યા રોડ ઉપર આવેલા "જાંગીર બાગ" ની ઉત્પતી વિષે જ્યારે હું લખું છું ત્યારે પેહેલાં તો "પારસી પ્રકાશ"માં તા. ૩ જી મે ૧૮૫૪ ના બનાવમાં આવેલી નોંધ ઉપર મારૂં ધ્યાન ખેંચાય છે. એ નોંધ હું અત્રે આખી રજુ કરૂં છું:—

"આજ દીને કરાચી મધે મરહુમ શેઠ પેશતનજી હોરમજજી રાજકોટવાલાનાં ઉઠમણામાં તેમના વિધવા બાઈ ખરશેદબાઇએ "કરાચીની પંચની વાડી મધે સરવે જરથોસ્તીઓને વાપરવાને સારૂં રૂ. ૭૫૦ ખરચી એક ચાલી તથા તે મધે એક કુવો બંધાવી આપવાની તથા બીજા રૂ. ૯૦૦ પરચુટણ ધર્મ ખાતાંઓમાં આપવાની તેમજ એમના ભત્રીજા શેઠ ખરશેદજી જમશેદજી અલેચાવાલાએ રૂ. ૩૦૦ ની કીમતનાં ત્રાંબાના વાસણ કરાચીની કાંપ મધે કુલે જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને બનાવી આપવાની તંદોરસ્તી પઢાવી હતી."

એ નોંધની હેઠળ આપેલી "ફુટ નોટ"માં નીચે મુજબની નોંધ મળે છે:—

"એ પછી મજકુર શેઠ ખરશેદજી મરણ પામ્યા તે વેળાએ તેમની પુંજીમાંથી તેમના ભાઇ શેઠ જાંગીરજી જમશેદજી રાજકોટવાલાએ મજકુર ચાલી મધે એક કુશાદે બબરચીખાનું તથા પારસી મુસાફરો સારૂં ચાર કોહડાં બંધાવ્યાં હતાં."

એ પછી ૧૮૮૮ માં શેઠ જાંગીરજી રાજકોટવાલા ગુજર પામ્યા તેમના ઉઠમણામાં રૂ. ૨૦૧૦૦ ભરાયા હતા, તેમાંથી રૂ. ૧૭૮૦૦ ખરચીને મુસાફરખાનું તથા જમણવાડી બંધાવવામાં વાપડવાનું અને તેને "જાંગીર બાગ" એવું નામ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. એ બાગ તા. ૩૦ મી ઓગસ્ટ ૧૮૮૯ ને દીને ખુલ્લો મેલવામાં આવ્યો હતો,

ઉપલી નોંધ ઉપરથી સવાલ એ ઉભો થાય છે કે "પંચની વાડી" તે કહી? હમણા પંચાયતની વાડીને નામે જે જગા ઓળખાય છે, અને જ્યાં હમણા ચોલો બંધાઇ છે તે, કે હાલમાં જાંગીર બાગ છે તે જગા? પંચાયતની વાડી તો મેં ઉપર જણાવ્યું તેમ ૧૯૦૮ ના સાલ સુધી વેરાન હતી, એટલે "પારસી પ્રકાશ" માં આવેલો "પંચની વાડી" નો ઈશારો એને લાગુ પડતો નહીં હોય એમ કદાચ ખ્યાલ લઈ જવામાં આવે, પણ

હું એમ ધારૂં છું કે એજ જગાએ પેહેલાં ઉપર કહેલી ચાલી અને કોઠડાં બંધાયલા હોવાં જોઇએ, કારણકે "જાંગીર બાગ" વાલી હાલની જગા કાંઈ પંચની વાડીની જગા નથી. ઉપલું અનુમાન ખેંચવા માટે તે ઉપરાંત બીજું ધરખમ કારણ તો એ છે કે જ્યારે પંચાયતની વાડી ઉપર કાત્રક હોમ બંધાવા માટે કોર્ટની બહાલી લેવાની જરૂર પડી ત્યારે જણાયું હતું કે પંચાયતની વાડી તે વખતે થયલી ચોકસ ભુલને લીધે શેઠ જાંગીરજી રાજકોટવાલાના નામ ઉપર હતી; જે કોર્ટની બહાલીથી અંજુમનના નામ ઉપર ફેરવવામાં આવી હતી. આથી મને એમ લાગે છે કે ૧૮૫૪ માં "પંચાયતની વાડી" માં બંધાયલાં એ કોઠડાં કે મકાન જે કહો તે બંધાવનારના નામ ઉપરથી વાડીની આખી જગા તેમને નામે લખાઈ હોય એ નહીં બનવાજોગ નથી અને કાલજીની ગેરહાજરીમાં કે કોઈ બીજાં કારણે તે મકાનોની હસ્તી રહેવા પામી નહીં હોય.

જાંગીર બાગમાં સુધારો વધારો.

"જાંગીર બાગ" નો વહીવટ ટ્રસ્ટ દીડ મુજબ તેના નેમાયલા ટ્રસ્ટીઓ તરફથી કરવામાં આવતો હતો. ૧૯૧૪ના સાલમાં એકજ હેયાત ટ્રસ્ટી ગુજરવા પછી તેનું કોઈ ધણીધોરી રહયું નહીં અને એ મીલકત વેચાઇ જાય એવો ભય ઉભો થતાં અંજુમનને હસ્તક એ મીલકત લેવાની ગોઠવણ થતી હતી અને તે માટે ૨૪ મી જાનેવારી ૧૯૧૫ ને દીને મળેલા સભાએ પંચાયતના ટ્રસ્ટીઓને તે માટે ઘટતું કરવાની બહાલી આપી હતી, પણ પંચાયતના ટ્રસ્ટીઓ વકીલ મારફતે એ માટે કાંઈ નકી ગોઠવણ કરે તે પેહેલાં જુલાઈ ૧૯૧૫ માં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે બાગની સ્થાપના કરનારાઓના હઇયાત વારસોએ મેસર્સ એરચશા નાનાભાઈ ખરેગાટ અને બેરામજી બરજોરજી દારૂખાનાવાલાને ટ્રસ્ટીઓ તરીકે નેમ્યા છે. એ પછી નવા ટ્રસ્ટીઓ બાગને નીભાવવા તેને માટેની બે મીલકતો વેચવા અને બીજી કેટલીક બાબતો માટે કોર્ટની બહાલી લેવા ગયા તે વેળા કોર્ટે ઉપલા ટ્રસ્ટીઓની નેમણુંક રદ કરી નીચલા નવા ટ્રસ્ટીઓ નેમ્યા હતા:— મેસર્સ એરચશા નાનાભાઇ ખરેગાટ, બેરામજી બરજોરજી દારૂખાનાવાલા, ડા૦ એરચશા દીનશાહ શરાફ, બાઇઓ આઈમાય અને સુનાબાઈ બેરામજી રાજકોટવાલા. પાછલથી બાઈ આઈમાય ગુજરી જવાથી કોર્ટે મી૦ હોશંગ નાદરશા એદલજી દીનશાને એક ટ્રસ્ટી તરીકે નેમ્યા છે.

એ બાગમાં શેઠ જાંગીર હોરમજી કોઠારી એક "વેડીંગ હોલ" અને શેઠ નાદરશા એદલજી દીનશાહ એક "ડાઈનીંગ હોલ" બંધાવી આપનાર છે, જેથી જુના મકાનને હાલમાં તોડી પાડવામાં આવ્યું છે અને થોડા વખતમાં એ નવાં મકાનો ઉભાં થશે. આ બાગનો ઉપયોગ બાહેર ગામથી આવતા જરથોસ્તીઓના ઉતારા માટે કરવાની સખાવત કરનારની મુલ નેમ હતી, તેથી નવાં મકાનો ઉપરાંત ઉતારાની ગોઠવણ પણ રાખવામાં આવશે એમ કેહેવાય છે.

સોરાબ કવાર્ટર્સ

મરહુમ મી૦ સોરાબજી બેરામજી કલેકટર ગુજર પામવા પછી તેઓની ભલી યાદમાં મરહુમના કુટુંબીઓ અને મીત્રોએ મળી "ઝોરોએ-સ્ત્રીયન કલબ"ના કંપાઉન્ડમાં ઉપલા નામનું બે ગાલાનું એક મકાન ૧૯૦૯ માં બંધાવી આપ્યુ હતું. કલબના બહારગામના મેમબરો અને મેમબરોના બહારગામથી આવતાં સગાં સ્નેહીઓને, નામનુ ભાડું લઇ આ મકાનમાં ઉતારો આપવો એવું ઠરાવ્યુ છે. આ મકાન મેમબરોને ખરેખર ઘણું ઉપયોગી થઈ પડયુ છે. એ મકાન ઉપર એક માલ બંધાવી આપ-વાની મરહુમના ભાઈ મી. રતનજી બેરામજી કલેકટરે કલબને ઓફર કરી છે, જે સ્વીકારવામાં આવી છે, અને એ કામ થોડુંકમાં હાથ ધરવામાં આવશે એમ જણાય છે. આ મકાન ઉપર દેખરેખ રાખવા ઝોરોએસ્ત્રીયન કલબ તરફથી મી. જમશેદજી કુંવરજી કરંજીયા નેમાયા છે.

બચુબાઈ એદલજી દીનશા ગંભાર ફંડ

મરહુમ શેઠ એદલજી દીનશાએ પોતાના પેહેલાં ધણીયાણી બાઈ બચુબાઈનાં પુન માટે ફેબરવારી ૧૮૮૬ માં રૂ, ૫૨૩૫ આપીને ઉપલા નામનું ગંભાર ફંડ સ્થાપ્યું હતું.

એ ફંડમાંથી કદમી ગાથા ૪ થાને દીને ધર્મ ક્રીયા કરી કુલ જરથોસ્તી અહસ્થોને ખાણું આપવામાં આવે છે. વળી મરહુમ બાઈ બચુબાઈની બાજને દીને તથા શેઠ એદલજી દીનશાના મમાઇ તથા માએની બાજને દીને ધર્મ ક્રીયા કરી કુલ જરથોસ્તી બાનુઓને જમણ આપવામાં આવે

છે. વળી શેઠ એદલજીના બીજાં સગાં સ્નેહીઓની બાજને દીને ધર્મ ક્રીયા કરી સીઆવ ગરીબોમાં વેહેંચવામાં આવે છે. બેહેસ્તનશીન શેઠ હોરમજી લોઢાંવાલાની બાજને દીને ગરીબોમાં કપડાં વેંહેચવામાં આવે છે. તા. ૧લી એપ્રેલ ૧૯૧૯ ને દીને ફંડની સીલક રૂા. ૩૫૭૮૪ જેટલી હતી.

આ ફંડના નીચલાં ત્રસ્ટીઓ છેઃ—શેઠ નાદરશા એદલજી દીનશા, ડા. કેખશરૂ નાનાભાઇ સ્પેનસર, મેસરસ માણેકજી દોરાબજી તલાટી, હોશંગ નાદરશા એદલજી દીનશા અને મીનોચેહેર કેખશરૂ સ્પેનસર.

૧૮૮૬ થી આજ દીન સુધી ઓ૦ સેક્રેટરી અને ઓ૦ ત્રેઝરરની ફરજો મી. માણેકજી દોરાબજી તલાટી બજાવે છે.

સુનાબાઈ એદલજી દીનશા ચેરીટેબલ ફંડ.

મરહુમ શેઠ એદલજી દીનશાએ પોતાના બીજાં ધણીયાણી બાઇ સુનાબાઇના પુન માટે અકટોબર ૧૮૯૮ માં રૂા. ૩૧૭૦૦ ની રકમ આપીને ઉપલા નામનું એક ફંડ સ્થાપ્યું હતું.

એ ફંડમાંથી રૂા. ૭૫ કરાચીની ગાડીખાતાની અગીયારીના ત્રસ્ટીઓ ઉપર દર વર્ષે મોકલવામાં આવે છે કે જેમાંથી સુખડ, લોબાનનો ખરચ કરવો. વળી ચાર ગંબારોને દીવસે ક્રીયા કામ કરી કુલ જરથોસ્તી ગ્રહસ્થોને ખાણું આપવામાં આવે છે. બાઈ સુનાબાઈની બાજને દીને ધર્મ ક્રીયા કરી કુલ જરથોસ્તી બાનુઓને જમણુ આપવામાં આવે છે. તા. ૧ લી એપ્રેલ ૧૯૧૯ ને દીને ફંડની સીલક રૂ. ૩૮૬૮૭ જેટલી હતી.

આ ફંડના નીચલા ગ્રહસ્થો ત્રસ્ટીઓ છેઃ—શેઠ નાદરશા એદલજી દીનશા, ડા. કેખશરૂ નાનાભાઇ સ્પેન્સર, મેસર્સ માણેકજી દોરાબજી તલાટી, હોશંગ નાદરશા એદલજી દીનશા અને મીનોચેહેર કેખશરૂ સ્પેન્સર.

૧૮૯૮થી આજ દીન સુધી મી. માણેકજી દોરાબજી તલાટી એ ફંડના ઓ. સેક્રેટરી અને ઓ. ત્રેઝરર છે.

રેલ્વે ગંબાર ફંડ.

નોર્થ વેસ્ટર્ન રેલ્વેના જરથોસ્તી સ્ટાફે આ ફંડ ઉભું કર્યું છે, જેમાં દરેક ભાઇઓ દર મહીને અમુક રકમ આપે છે. આ ફંડમાંથી દર વર્ષે બે વખતં જાહેર ગંબાર અને ચાર જશનો કરવામાં આવે છે. કોઇપણ જરથોસ્તી ગંબારના ખાણામાં ફી ભરીને સામેલ થઈ શકે છે. આ ફંડની સીલક તા. ૨૪મી જુન ૧૯૧૯ને દીને રૂ. ૧૭૨૮ જેટલી જણાવી હતી.

ફંડના ત્રસ્ટીઓ અને સેક્રેટરીઓ નીચલા ગ્રહસ્થો છે:—શેઠો ધનજીશા રૂ. આગા, મેરવાનજી જ. દરોગા, ડોસાભાઇ હો. એહેરાના અને દોરાબજી એ. શેઠના.

કરાચી પારસી જશન ફંડ.

ઉપલાં નામનું ફંડ સને ૧૯૦૮ માં સ્થાપવામાં આવ્યુ હતું. એ ફંડમાંથી દરેક મહીનાના જશન, ગંહબાર, જમશેદી નવરોઝ, જરથોસ્ત સાહેબનો દીસો, નવું વર્ષ, અને ખોરદાદ સાલ વગેરે વર્ષમાં સુમારે ૨૬ જશનો કરવામાં આવે છે. એ ફંડમાં દરેક મેમબરને રૂ. ૧૦૦ ની રકમ એકજ વખતે આપવાની હોય છે, જે પછી કશું લેવામાં આવતું નથી, તેમજ ૧૦૦ થી ઓછી રકમ પણ લેવામાં આવતી નથી.

દરેક મેમબરને પોતાના એક અશો વહાલાંનું નામ, જશન અને ગંબારની ક્રીયાના ભણુનરમાં લેવાડવાનો હક રહે છે અને તે મેમબરની હૈયાતી બાદ તેનું નામ પણ એજ રીતે દેવાય છે. હાલ એવાં ૭૪ નામો જશનની ક્રીયામાં દેવાય છે. આ ફંડની સીલક તા. ૩૧ મી મે ૧૯૧૯ ને દીને રૂ. ૬૮૧૩–૬–૮ જેટલી હતી. ફંડ એ રીતે ધરખમ હોવાથી ત્રસ્ટીઓએ મુકતાદના દિવસો ઉપર ક્રીયા કામ કરાવવાનો પણ હાલમાં ઠરાવ કર્યો છે.

એ ફંડના નીચલા ગ્રહસ્થો ત્રસ્ટીઓ છે:—શેઠ જાંગીર હોરમજી કોઠારી અને ખા. બા. કાવશજી હોરમજી કાત્રક.

જોડયા ઓ. સેક્રેટરીઓ અને ટ્રેઝરરો તરીકે શેઠો નવરોજી બરજોરજી દારૂવાલા અને નશરવાનજી ખરશેદજી મજાઇના કામ બજાવે છે.

બઝમે જશને રૂઝે ગંબાર ફંડ.

આ ફંડ લગભગ ૨૦ વર્ષ થયાં સ્થાપવામાં આવ્યું છે અને તે શેઠ દીનશાહ મેહેરવાને મુંબઈમાં સ્થાપેલી મંડળીના ધોરણ ઉપર રચવામાં આવ્યું હતું, અને ખુદ શેઠ દીનશાહ મેહેરવાનેજ કરાચી આવી તેની સ્થાપના કરી હતી. એ ફંડના એક કારોબારી તરીકે આગલ દસ્તુર ડા૦ ધાલા પણ હતા, જેઓએ પાછલથી મંડળી કાંઈ ધરખમ કામ બજાવતી નહીં હોવાથી ૧૯૦૧ માં રાજીનામું આપ્યું હતું. ફંડના વ્યાજમાંથી પેહેલાં વાચઝો અને જશનો કરાવવામાં આવતાં હતાં, જ્યારે હાલમાં જશનોજ થાય છે, એ ફંડમાં મરહુમ ડા૦ માણેકજી લાહેવાલા અને શેઠ જીવનજી બરજોરજી ઘડીયાલીના બાજના ફંડની રકમ પણ ઉમેરેલી હોવાથી એ બંન્ને મરહુમોની બાજોના દીવસે ક્રીયા કરાવવામાં આવે છે. તા. ૩૦ મી જુન ૧૯૧૯ ને દીને ફંડની સીલક રૂ, ૧૭૬૬–૧૪–૦ જેટલી હતી.

આ ફંડ મરહુમ શેઠ જીવનજી ઘડીયાલીના બેટાઓ મેસર્સ હોરમજી અને પીરોજશાના હસ્તક છે.

યંગ મેન્સ ઝોરોઆસ્ત્રીયન એસોસીએશન.

કરાચીના પારસીઓમાં કોઈ રીતે નીયમીત જાગ્રતી લાવનારૂં જો કોઈ ખાતું હોય તો તે આ એસોસીએશન છે.

૧૯૧૦ ના સાલમાં આ ઉપયોગી સંસ્થાની સ્થાપના થઈ હતી. નીતી રીતી અને ધાર્મીક જ્ઞાનનો ફેલાવો કરવો અને કોમમાં ભાઈચારો તથા મીત્રતા ની લાગણી વધારવી એ તેનો મુખ્ય હેતુ છે, અને તે હેતુ પાર પાડવા માટે તેના કારોબારીઓ બનતી મેહેનત લે છે.

એસોસીએશનના વર્ષમાં બે વાર થતા વાર્ષીક મેળાવડાઓ ઘણું ધ્યાન ખેંચનારા થઈ પડયા છે. ફરવરદેગાનના દિવસો ઉપર શાહનામાના વાચન અને ધાર્મીક બોધ આપનારાં ભાષણોની હારમાલા ખાસ કરીને એટલા માટે વધુ ઉપયોગી થઈ પડયા છે કે તેને સબબે એ દિવસોની મહત્ત્વતા આપણા લોકો સમજવા લાગ્યાં છે.

એસોસીએશને એક "લીટરરી યુન્યન" સ્થાપ્યું છે, જ્યાં દર પંદર દિવસે ઉપયોગી બાબતો ઉપર સભાસદો વાદવિવાદ ચલાવે છે. આ યુન્યન ખાસ કરીને કાલેજમાં અભ્યાસ કરતા વિદયાર્થીઓને ઘણું ઉપયોગી થઇ પડયું છે.

એસોસીએશન પોતાના સભાસદો મધેથી અથવા બાહેરથી આવતા જાણીતા ભાષણકર્તાઓ મારફતે તરેહવાર ઉપયોગી બાબતો ઉપર વર્ષમાં આસરે પચીસેક ભાષણો અપાવે છે.

દર માસના ચાર હમકારાઓને દીને દરેમેહેરમાં ખાસ બંદગી કરવાની ગોઠવણ કરવામાં આવી છે, જ્યાં બંદગી પુરી થવા બાદ દસ્તુર ડો. ધાલા વાઅજ કરે છે. આ હમકારાઓ ઘણાં થોડાં ભાવીકોનેજ ખેંચી શકે છે, તોપણ જે થોડાં તેમાં સામેલગીરી આપે છે, તેઓ પુર ઉલટથી બંદગી અને વાઅજમાં ભાગ લે છે.

દર વર્ષ ઇનામની હરિફાઇના ધાર્મીક નીબંધો લખાવવામાં આવે છે, જેમાં બાનુઓ અને ગ્રહસ્થો ઉલટથી ભાગ લે છે.

એસોસીએશનની આપણા જવાન્યાઓને ધંધે રોજગારે લગાડવાની યોજના કરાચીની પારસી કોમને ઘણી આશીર્વાદ સમાન થઇ પડી છે અને નાના ફંડ છતાં એ દિશામાં એસોસીએશને ઘણું સારૂ કામ બજાવ્યું છે.

કેળવણીનો સવાલ પણ એસોસીએશને ઉપાડયો છે અને આપણાં છોકરાંઓને નમુનેદાર કેળવણી મારફતે સારા શેહેરીઓ બનાવવા માટેની એક સારી યોજના ફંડના અભાવે ખોરંભે પડી છે. એ એસોસીએશનને અંગે અવસ્તા પેહેલવીનો એક કલાસ દસ્તુર ડા. ધાલા ચલાવે છે, જેનો એસોસીએશનના સભાસદો ઘણો સારો લાભ લે છે.

એસોસીએશન એક નમુનેદાર લાયબ્રેરી ધરાવે છે, જેનો સભાસદો ઘણી છુટથી ઉપયોગ કરે છે.

લડાઇ દરમ્યાન એસોસીએશને પોતાના સભાસદોમાંથી નાણાં ભેગાં કરી વોર ફંડોમાં સારી મદદ કરી હતી.

એસોસીએશનના પ્રમુખ ઘણાં વરષથી ખા૦ બા૦ કાવશજી હોરમજી કાત્રક છે, જેઓ તરફથી એસોસીએશનને વખતો વખત ઘણી સારી મદદ

મળે છે. ખા૦ બા૦ કાત્રક એશોસીએશન માટે એક ખાસ મકાન અને લાયબ્રેરી બંધાવી આપનાર છે, જેમાં બંધાનારો મોટો હૉલ કોમને સરઅવસરે વાપરવા માટે આપવામાં આવે એવી તેમને ગોઠવણ કરી છે. આ મકાન માટે પેહેલાં રૂા. ૨૦ હજાર આપવાની તેમને ખાહેશ બતાવી હતી, પણ અડસટો કાઢતાં આસરે ત્રીસેક હજારનો ખરચ થવાનો સંભવ છે, જે ખા૦ બા૦ કાત્રકે આપવા ખુશી બતાવી છે.

એસોસીએશનના જોડયા ઓ૦ સેક્રેટરીઓ તરીકેની ફરજ મેસરસ હોરમસજી પી. બેરામજી અને જેહાંગીર ફરામજી કોટવાલ બજાવે છે. આ બન્ને સાહેબો એસોસીએશનને વધુ લોકપ્રીય બનાવવાને ખંતીલી કોશેશ કરે છે અને તેઓની અઠાગ જેહેમતથી એસોસીએશન કોમમાં ઘણું જાણીતું થઈ ગયું છે.

એસોસીએશનને દસ્તુર ડા૦ ધાલાનો પણ મોટો ટેકો છે, જેઓની વખતો વખતની સલાહ કારોબારીઓને ઘણી ઉપયોગી થઈ પડી છે.

કરાચી જરથોસ્તી બાનું મંડળ.

યંગ મેન્સ ઝોરોએસ્ત્રીયન એસોસીએશનની આ બેહેનપણીની સ્થાપના ૧૯૧૨ ના નવેંબરમાં થઈ હતી. એસોસીએશન જ્યારે મરદોને લગતા અનેક ઉપયોગી સવાલો હાથ ધરે છે, ત્યારે બાનું મંડળ સ્ત્રીઓને લગતી બાબતો પર ધ્યાન આપે છે. બાનું મંડળની મોતેબર નેમોમાં (૧) જરથોસ્તી બાનુઓને નમુનેદાર કેળવણી આપવાની, (૨) બાનુઓમાં અરસ પરસ પ્રેમની ગાંઠ વધારે મજબુત થાય તેની કોશેશ કરવાની, (૩) ગરીબ બાનુંઓને સગવડ પડે તેવી રીતે ભરવા, સીવવા વગેરે હુન્નરો શીખવવા, (૪) ગરીબ બાનુ-ઓને બરનુ (સીવવા ભરવા વગેરેનું) કામકાજ શોધી કાઢી તેઓને આબરૂદાર અને પ્રમાણીક સાધનો કરી આપવાં, અને (૫) પવિત્ર સ્ત્રીપણાની મોતેબર નેમો સર્વે ઉપર ઠસાવવી, વગેરે નેમો છે.

આ નેમને બર લાવવા મંડળના કારોબારીઓ હમેશાં કોશેશ કરે છે. આ મંડળની હસ્તીથી ગરીબોની ઘણી રોજી જાગી છે, મોટે ભાગે હરામખોરી ઓછી થતી જાય છે અને કોમમાંથી ઘણું સંકટ ઓછું થયું છે. ગરીબોને દવા દારૂ અને બીજી મદદ આપવામાં આવે છે, જે માટે મંડળના સભાસદો જાતી તપાસ કરીને ખરાં લાયકનેજ તેવી મદદ મળે તેની કાળજી રાખે છે.



કરાચી પારસી ઇન્સટીટયુટ



ઝોરોએસ્ત્રીયન કલબ.

દર વર્ષે મંડળના સભાસદો વચ્ચે થતી રાંધણકળાની હરિફાઇએ આ ઘરગતુ ઊપયોગી બાબત ઊપર મંડળના સભાસદોને ધ્યાન આપતાં કર્યાં છે.

મંડળનો વર્ક કલાસ ગરીબ બાઇઓને ઘણો ટેકા જેવો થઇ પડયો છે. બાનુઓની એજ્યુકેશનની હરિફાઈ અને બીજી ચળવળોએ કરાંચીની જરથોસ્તી બાનુઓમાં ઠીક જાગ્રતી આવી છે.

લડાઈ દરમ્યાન મંડળે ઘણી ઊપયોગી મદદ કરી હતી અને લડાઈ દરમ્યાન દર વર્ષે લગભગ છ હજાર જેટલાં કપડાં મંડળે સીવડાવી સીંધ વીમેન્સ બ્રાંચને પોહોંચતાં કર્યાં હતાં.

મંડળમાં હાલ ૧૪૦ સભાસદો છે.

મંડળના પ્રમુખ તરીકે ચાલુ સાલથી મીસીસ સુનાબાઈ અરદેસર મામાની ચુંટણી થઇ છે, જ્યારે જોડયા સેક્રેટરીઓ તરીકે મીસ દીનબાઈ ફરામજી બીલીમોરીયા અને મીસીસ શીરીનબાઈ પીરોજશા બીલીમોરીયા ફરજ બજાવે છે. જેઓની ખંતીલી કોશેશથી મંડળ ઘણુ સારૂં કામ બજાવે છે.

કરાચી પારસી ઇન્સટીટયુટ.

પારસીઓને સાંજને છેડે નીદોષ રમતગમતમાં વખત ગુજારવાનું અને અંગબળની ખીલવણી કરવાનું સાધન તે કરાચી પારસી ઇન્સટીટયુટ છે. કરાંચીના પારસીઓએ સ્પોર્ટસમાં જો કાંઈ પણ નામ કાઢયું હોય તો તે આ ઇન્સટીટયુટને આભારી છે. એ સાધારણ રીતે પારસી જીમખાનાને નામે ઓળખાય છે. એનું કુશાદે મકાન અને ફરાગાટ જગા કોઇને પણ અદેખાઈ ઉપજાવે એવી છે. જીમખાનાનું આવું મકાન હીંદમાં બીજે કેહે છે કે કેમ તે હું જાણતો નથી, પણ બહારના જે જે જરથોસ્તીઓએ એની મુલાકાત લીધી છે, તેઓ સર્વે એકે અવાજે તેની તારીફ કરે છે તે ઉપરથી હું એમ સમજુ છું કે પારસીઓ માટે જીમખાનાની આવી સગવડ હીંદના બીજા ભાગમાં ઘણી ઓછીજ હશે.

આ જીમખાનાની સ્થાપના ડાૅ૦ કેખશરૂ નાનાભાઈ સ્પેનસર અને પ્રોફેસર બરજોરજી જા૦ પાદશાહને ઇંચે ઇંચ આભારી છે. એ બંન્ને સાહેબો પારસીઓની શારીરીક ખીલવણી માટે ભારે કાળજી લેતા હતા અને તેઓએ અત્રેના

જરથોસ્તીઓને એ દીશા તરફ ખેંચ્યા. એ બેહુ સાહેબોને એ કામમાં ઉતેજન આપનારાઓમાં શેઠ પેસતનજી બેરામજી કોટવાલ અને શેઠ ફ્રામરોઝ એદલજી પંથકીના નામોની અત્રે ખાસ નોંધ લેવાની જરૂર છે.

ઈન્સ્ટીટયુટની સ્થાપના માટે વિચાર ચલાવવા તા. ૧૮મી ફેબ્રુવારી ૧૮૯૩ ને દીને સદરની દરેમેહેરમાં પેહેલ વેહેલી સભા મળી હતી. જ્યાં એવું એક ખાતું સ્થાપવાનો ઠરાવ થતાં તુરતજ ૧૦૮ મેમ્બરો તેમાં જોડાયા હતા અને માત્ર એકજ વર્ષના અરસામાં તે આંકડો ૧૫૦ ઉપર ગયો હતો. જનરલ બોઇસ્કિકાંબ, જેઓને માટે હું આગળ કહી ગયો છું કે તેઓ પારસીઓના મોટા ખેરખાહ હતા, તેઓની મેહેરબાનીથી હાલની જગા મળવા પામી હતી અને જગા આપીનેજ નહીં પણ ઈન્સટીટયુટનું મકાન એ જગા ઉપર તુરતજ બંધાઈ જાય અને પારસીઓ જમીનને પોતાનો કબજો કરી લે તેની એ ભલા જનરલ ભારે કાળજી લેતા હતા.

જગા મળવા પછી તા. ૨૧મી માર્ચ ૧૮૯૩ અને જમશેદી નવરોજના મુબારક દિવસે એ તંબુ સાથે શરૂઆત કરવામાં આવી. એ પછી મકાન બાંધવા માટે પ્રો. પાદશાહે ફંડ ઉઘરાવવામાં પણ સારી મેહેનત લીધી હતી. ૧૫ મી સપટેંબર ૧૮૯૩ ને દીને જનરલ બોઇસકાંબે પાયો નાંખ્યો હતો અને ડીસેંબર ૧૮૯૩ માં બીલડીંગ બાંધવાનું સરૂ થયું હતું. તા. ૨૧ મી માર્ચ ૧૮૯૪ ને દીને એ ઠેકાણે જમશેદી નવરોજનો પેહેલો મેળાવડો કરવામાં આવ્યો હતો, જે વેળા દરેક છોકરાંઓને અંકફી ભેટ આપવામાં આવી હતી. એ મેળાવડા બનતા સુધી દર વર્ષ કરવામાં આવતા હતા અને હજુ પણ ચાલુ છે. ઇન્સટીટયુટમાં સોશિએલ ગેધરીંગના મેળાવડા અવાર નવાર કરવામાં આવતા હતા, જેમાના ત્રીજાં સોશિએલ ગેધરીંગ વેળા બાનુઓને પેહેલ વેહેલાં સામેલ કરવામાં આવ્યાં હતાં.

ઇન્સટીટયુટને પેહેલેજ વર્ષે મરહુમ શેઠ એદલજી દીનશાહે એક બીલીયર્ડ ટેબલની ભેટ કરી હતી. ખા. બા. બેરાંમજી જાંગીરજી રાજકોટવાલાએ પોતાને નામે લાયબ્રેરી સ્થાપવા નાણાં આપ્યાં હતાં અને મરહુમ શેઠ નવરોજી નશરવાનજી પોહોંચાજીએ પોતાના ધણીયાંણી બાઇ માણેકબાઈના નામે હોલ બાંધવા રૂ. ૨૦૦૦ આપ્યા હતા.

કાત્રક સ્વીમીંગ બાથ.

એ પછી ઇન્સટીટયુટમાં જેમ જેમ મેમબરોનો વધારો થતો ગયો તેમ તેમ તેની જરૂરીયાતો સખી જરથોસ્તીઓ પુરી કરતા ગયા. ઇનસ્ટીટયુટમાં એક સ્વીમીંગ બાથ કાઢવાનો ખ્યાલ ઉત્પન થતાં તે માટે મેમબરોમાંથી નાણું ભેગાં કરવામાં આવ્યાં, જેથી રૂ. ૩૫૦૦ની રકમ ઉભી થઈ. પણ બાથ બંધાય એટલાં તે પુરતાં નહીં હોવાથી બાકીની રકમ ખા. બા. કાવશજી હોરમજી કાત્રકે પુરી કરી આપી અને રૂ. ૭૨૫૦ ને ખરચે ૧૯૦૪ના સાલમાં તે બંધાઇને તૈયાર થયો. ખા બા. કાત્રકની ઉદારતાને સબબે આ બાથ તેઓના નામ ઉપરથી ઓળખાય છે. બાથનો ઘણો સારો લાભ લેવાય છે અને સ્પોર્ટસ પણ કરવામાં આવે છે.

જાંગીર કોઠારી પેવિલિયન.

ક્રીકેટની રમત ચાલતી હોય તે વેળા લોકોને રમત નીહાલવા માટે કશી સગવડ નહીં હોવાથી એક પેવિલિયન બાંધવાની જરૂર ઉભી થઈ અને તે આપણાં ઉદાર શેઠેરી શેઠ જાંગીર હોરમજી કોઠારીએ પુરી પાડી આપી. ૧૯૧૬ ના જુલાઈ મહીનામાં એક ગંજાવર મેલાવડા સનમુખ એ પેવિલિયન ખુલ્લો મેલવાની ક્રીયા સીંધના નામદાર કમીશનર ઓ૦ મી૦ લ્યુકસે કરી હતી. જે વેળા શેઠ કોઠારીએ મોટા પાયા ઉપર પાર્ટી આપી હતી અને એ શેઠને કોમ તરફથી એક પર્સ એનાયત કરવામાં આવી હતી. આ પેવિલિયન માત્ર ક્રીકેટ નીહાલવા માટેજ નહીં પણ નવજોત અને જશનના મેલાવડાઓ કરવા, સભાઓ ભરવા અને ભાષણો માટે પણ ઘણો ઉપયોગી થઇ પડયો છે, અને ઇન્સ્ટીટયુટના શૃંગાર જેવો છે.

ઇન્સટીટયુટની ચળવળ.

પેહેલાં શરૂઆતમાં તો પ્રો. પાદશાહ પોતાને ખરચે બેંડ વગેરે મંગાવતા હતા અને આજે જો કે તેમ નથી તોપણ ઇન્સટીટયુટનો ઠીક લાભ લેવાતો રહયો છે. હાલે ઈન્સટીટયુટમાં બે બીલીયર્ડ ટેબલો છે, બે ટેનીસ કોર્ટ, ક્રીકેટ, ફુટબોલ હોકી, વગેરે સઘળી જાતની રમતોના સાધનો છે. ક્રીકેટમાં ઈન્સટીટયુટના ટીમે સારી નામના મેળવી છે અને કેટલાંક કપો પણ જીત્યાં છે. આગેવાન સભાસદો સ્પોર્ટસને ઉતેજન આપવા નાણાંનો

મદદ કરે છે અને કપો પણ ભેટ આપે છે. કમીશનરો અને જાહેર પુરૂષોને પાર્ટી આપવામાં આવે છે. યુરોપ્યન જીમખાના સાથે વખતો વખત મેચ ખેલવામાં આવે છે, જે વેળા તેઓને લંચ આપવામાં આવે છે. સભાસદો તરફથી "એટહોમ"ના મેલાવડા થાય છે. હાલ ઇન્સટીટયુટની જ્યુબીલી ઉજવવા ફંડ ઉઘરાવવામાં આવે છે જેમાં રૂા. ૨૬૦૦ ની રકમ ભરાઈ છે. એ ટાંકણા માટે દશેક હજારનું ફંડ ઉઘરાવવાનો અને તેમાંથી ઈન્સટીટયુટમાં સુધારો વધારો કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો છે.

ઇન્સટીટયુટના પેહેલા પ્રેસીડંટ શેઠ પેશતનજી બેરામજી કોટવાલ હતા અને સેક્રેટરીઓ તરીકે પ્રોફેસર બરજોરજી જે. પાદશાહ અને તેઓના ભાઇ શેઠ પેશતનજી પાદશાહ નેમાયા હતા. હાલના પ્રમુખ ખા. બા. નશરવાનજી મેહેતા છે અને સેક્રેટરીઓની ફરજ મેસરસ બમનજી ટે. ગોલવાલા અને કાવશજી ખ. સોપારીવાલા બજાવે છે. ઇન્સટીટયુટમાં હાલ લગભગ ૨૦૦ મેમબરો છે.

ઝોરોએસ્ત્રીયન કલબ.

પેહેલાં પારસીઓમાં કલબ જેવું કાંઇ હતું નહીં તે વખતે મરહુમ શેઠ ધનજીશા માસ્તર ભેગા બીજા પાંચ છ સાહેબો પારસી વીરબાઈજી સ્કુલના ઓટલા ઉપર દર સાંજે ભેગા થતા હતા અને આપસમાં નીર્દોશ રમતમાં વખત ગુજારતા હતા. એ પછી મી. હોરમજી ઘડીયાલીની ચાલ ઉપર મરહુમ શેઠ માસ્તરે રૂ. ૧ાા ને ભાડે મકાન રાખ્યું, જ્યાં કલબને ખસેડવામાં આવી. એ વેળા પણ મેમ્બરોની સંખ્યા ભાગ્યે ૧૦ નો આંકડો જોવા પામી હતી. એ બાદ મેમબરોની સંખ્યા વધતી જવાથી કસાઇવાલી જાણીતી મસજીદ ગલીમાં કલબને ખસેડવામાં આવી, જ્યાં શરૂઆતનું થોડું ફરનીચર પણ મરહુમ શેઠ ધનજીશાએજ પોતાની ગીરેથી પુરૂં પાડયું હતું. એ પછી મરહુમ શેઠ ધનજીશા અને બીજા ઉત્સાહી મેમબરોની ખંતીલી કોશેશથી હાલની જગા લશકરી સતાવાલાઓ પાસે મેલવવામાં આવી અને નવું મકાન ૧૯૦૩ ના સાલમાં ખોરદાદ સાલના મુબારક દિવસે ખુલ્લું મેલવામાં આવ્યું હતું. દર વર્ષે એ દીવસે મેમ્બરો અને તેઓનાં કુટુંબોનું ભેગું ખાણું થાય છે. આ કલબનું મકાન ઉભું કરવામાં મરહુમ શેઠ એચ. જે. રૂસ્તમજીનો મોટો ફાળો હતો જે કારણે કલબના હોલને મરહુમનું નામ

આપવામાં આવ્યુ છે. કલબ નામીચા Amateurs ધરાવે છે અને આજે જો કે એ કલબના ખેલોની મોજ કોમને મલતી નથી, તોપણુ થોડાં વર્ષ ઉપર ઝોરોસ્ત્રીયન કલબના એમેચ્યુર ખેલાડીઓની સુંદર એક્ટીંગની ઘણી મોજ કોમે ભોગવી છે, અને તે એકે અવાજે વખણાઈ હતી. કલબનુ મકાન લગ્ન, નવજોત તથા બીજા પ્રસંગોએ કોમને મુફત વાપરવા આપવામાં આવે છે અને એ મીલકત પણુ પારસીઓની એક મગરૂરી જેવી છે. કલબના હાલના પ્રમુખ ખા. બા. નશરવાનજી રૂશતમજી મેહેતા છે, અને સેક્રેટરીઓ તરીકે મેસર્સ કાવશાહ સો. લોયર અને રતનજી બેરામજી એદલજી ફરજ બજાવે છે.

બીજી પારસી કલબો.

ઝોરોએસ્ત્રીઅન કલબ ઉપરાંત અત્રે બીજી ઘણી નાની મોટી પારસી કલબો હસ્તી ધરાવે છે અને બુઢાઓથી સ્કુલોમાં શીખતા જવાન્યાઓ વટીક પોત પોતાની કલબો ધરાવે છે. એ કલબોના માત્ર નામો આપીનેજ હું સંતોષ પકડીશ, જે નીચે મુજબ છે:—

પારસી ઓલ્ડ કંપેન્યન કલબ; પારસી કલબ; પારસી યુન્યન કલબ; યંગ ઝોરોએસ્ત્રીયન કલબ; ન્યુતરલ કલબ અને પારસી સ્પોર્ટસ કલબ.

બેહેરામ બાગ.

કલબો પછી હવા ખાવાની જે જે જગાઓ પારસીઓના નામ ધરાવે છે તેની ટુંક હકીકત રજુ કરી હું આગલ ચાલીશ.

સદરમાં મરહુમ શેઠ એદલજી દીનશાહ ચેરીટેબલ ડીસપેનસરીની બાજુની ખાલી જગા ઉપર એક બાગ બનાવવા મરહુમ ખા. બા. બેરામજી જાંગીરજી રાજકોટવાલાએ રૂ. ૫૦૦ આપ્યા હતા, તે ઉપરાંત મરહુમે એક ફુવારો પણ બંધાવી આપ્યો હતો, જે ઉપરથી એ બાગ "બહેરામ બાગ" ના જાણીતા નામે ઓળખાય છે. બગીચાના સમર હાઉસ ઉપર અને ફુવારા ઉપર હજુ મરહુમના નામની તખ્તી છે અને તે તા. ૨૧ મી માર્ચ ૧૮૯૩ ને દીને ભેટ આપેલાં જણાય છે. એજ બાગ આગલ ઢોરોને પાણી પીવા માટે મરહુમ શેઠ નવરોજી નશરવાનજી પોહોંચાજીએ એક અવાડો બંધાવી આપ્યો હતો. આ અવાડા ઉપર કશી તખ્તી નથી, પણ રસ્તા ઉપરજ જે અવાડા હાલે જણાય છે તેજ એ મરહુમ શેઠે બંધાવી આપેલો હોવો જોઇએ એમ હું ધારૂં છું.

જાંગીર કોઠારી પેરેડ.

